પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૪-૪-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૨૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ન્યુ રીનોવેટેડ A/c. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

# કલ્પસરની ‘કલ્પના’ સાકાર કરવા ગુજરાત અનેક દેશોનો સાથ લેશે

## ખારા પાટ વચ્ચે મીઠાં પાણીનું ૨૨૦૦ સ્કેવર કિમીનું કલ્પસર સરોવર સૌરાષ્ટ્ર અને ગુજરાતની શકલ બદલી નાખશેઃ નર્મદા ડેમથી પણ સવાયું જળક્રાંતિનું નવું કેન્દ્ર બની જશે?

**અબતક ગાંધીનગર**

ગુજરાતના જળ સંકટને કાયમી ધોરણે ઉકેલવા માટેના સૌથી મહત્વકાંક્ષી ’કલ્પસર પ્રોજેક્ટ’ને હવે નવી ગતિ મળવા જઈ રહી છે. છેલ્લા ચાર દાયકાથી જેની ચર્ચા અને અભ્યાસ ચાલી રહ્યા છે, તે કલ્પસર પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત સરકાર હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ટેકનોલોજી અને વિશેષજ્ઞોની મદદ લેવાની તૈયારી કરી રહી છે. ખાસ કરીને દરિયાઈ બંધ બાંધવામાં મહારથ ધરાવતા નેધરલેન્ડ (ડચ) જેવા દેશો સાથે વ્યૂહાત્મક ભાગીદારી માટે દરવાજા ખોલવામાં આવ્યા છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે નેધરલેન્ડના પ્રતિનિધિમંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ’ઈન્ડો-ડચ એક્સપર્ટ ગ્રુપ’ બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ગ્રુપ પ્રોજેક્ટની ડિઝાઈનનું સમયાંતરે રિવ્યૂ કરશે અને દરિયાઈ ભરતી-ઓટના પડકારો વચ્ચે બંધ બાંધવા માટે જરૂરી જ્ઞાનનું આદાન-પ્રદાન કરશે. ગુજરાત સરકાર આ પ્રોજેક્ટ માટે અંદાજે ૨૦ જેટલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સેવાઓ લઈ રહી છે.

કલ્પસર પ્રોજેક્ટ માત્ર એક ડેમ નથી, પણ ગુજરાતના વિકાસ માટેની એક નવી જીવાદોરી છેખંભાતના અખાતમાં ભાવનગર અને ભરૂચ વચ્ચે ૬૦ કિમી લાંબો બંધ બાંધીને ૧૩,૦૦૦ લાખ ક્યુબિક મીટર ક્ષમતાનું મીઠા પાણીનું સરોવર

(અનુ. આઠમા પાને)




### આ પ્રોજેક્ટ શા માટે અત્યંત જરૂરી છે?

**જળ સુરક્ષા**

ગુજરાતમાં હાલ માથાદીઠ પાણીની ઉપલબ્ધતા જરૂરિયાત કરતાં ઘણી ઓછી છે. ૨૦૪૭ સુધીમાં વસ્તી અને ઉદ્યોગો વધતા પાણીનું સંકટ ઘેરું બની શકે છે. કલ્પસર પ્રોજેક્ટ ગુજરાતની આગામી ૧૦૦ વર્ષની પાણીની જરૂરિયાત પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે.

**ખેતી અને સિંચાઈ**

આ સરોવરથી સૌરાષ્ટ્રના લાખો હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે. તે માત્ર ખેતી જ નહીં, પણ દરિયા કિનારાની ખારાશને આગળ વધતી અટકાવશે, જેથી જમીનની ફળદ્રુપતા વધશે.

**ઔદ્યોગિક વિકાસ**

ધોલેરા સર અને અન્ય ઔદ્યોગિક હબ માટે પાણીની પુષ્કળ જરૂરિયાત છે. કલ્પસર સરોવર આ ઉદ્યોગો માટે મુખ્ય સ્ત્રોત બની શકે છે.

**રિન્યુએબલ એનર્જી (ભરતી ઉર્જા)**

ખંભાતના અખાતમાં ભરતી-ઓટના મોજાં ખૂબ શકિતશાળી હોય છે. આ પ્રોજેક્ટમાં ભવિષ્યમાં ભરતી ઉર્જા ઉત્પન્ન કરવાની પણ સંભાવના છે, જે કલીન એનર્જીમાં મોટો ફાળો આપશે.

**પડકારો અને વિદેશી સહાય**

આ પ્રોજેક્ટમાં સૌથી મોટો પડકાર દરિયાના પ્રચંડ મોજાં અને કાંપ છે. દરિયામાં આટલો મોટો બંધ બાંધવો ટેકનિકલી ખૂબ જટિલ છે. આથી જ ગુજરાત સરકાર નેધરલેન્ડ જેવા દેશોની મદદ લઈ રહી છે, જેમની પાસે દરિયામાં બંધ બાંધવાનો બહોળો અનુભવ છે.

# હવે ટોલ ઉપરથી સરકારી કે બિનસરકારી વાહનોનું વીઆઈપી કલ્ચર પૂર્ણ

## ૧૦ એપ્રિલથી ટોલ પ્લાઝા પર કેશ વ્યવહાર બંધઃ ફાસ્ટેગ નહીં હોય તો યુપીઆઈ મારફતે ૧.૨૫ ગણો ચાર્જ ચૂકવવો પડશે

**અબતક, નવી દિલ્હી**

માર્ગ પરિવહન મંત્રાલયે ગુરુવારે જાહેર કર્યું છે કે ૧૦ એપ્રિલથી ટોલ પેમેન્ટ માટે કોઈપણ રોકડ વ્યવહારની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ટોલ ગેટ પર વાહનોની લાંબી કતારો ઘટાડવાનો છે, જે મુસાફરો માટે મોટી મુશ્કેલી અને સમયના વ્યયનું કારણ બને છે. હવેથી ટોલ બૂથ પર મુસાફરો દ્વારા ઓળખપત્ર બતાવીને ફીમાંથી મુક્તિ મેળવવાની પ્રથા નાબૂદ કરવામાં આવશે. મંત્રાલયે સરકારી કચેરીઓ અને સંસ્થાઓને સૂચના આપી છે કે જેઓ મુક્તિની શ્રેણીમાં આવે છે તેમના માટે ’એક્ઝેમ્પટેડ ફાસ્ટેગ’ મેળવે અથવા ફાસ્ટેગનો વાર્ષિક પાસ ખરીદે. ખાનગી કાર માટે વાર્ષિક પાસની કિંમત ૩૦૭૫ રૂપિયા છે, જે ૨૦૦ ટોલ પ્લાઝા ક્રોસ કરવાની મંજૂરી આપે છે. આ પગલાથી ટોલ પ્લાઝા પર થતી રકઝકનો અંત આવવાની અપેક્ષા છે.

નવા નિયમો અનુસાર, જો કોઈ વાહનમાં માન્ય ફાસ્ટેગ નહીં હોય, તો ડ્રાઈવર અથવા વાહન માલિકે યુપીઆઈ મારફતે ટોલ ચાર્જ ચૂકવવો પડશે, જે સામાન્ય યુઝર ફી કરતા ૧.૨૫ ગણો વધારે હશે. જો તેઓ યુપીઆઈ દ્વારા પણ ફી ચૂકવવાનો ઈનકાર કરે છે, તો આવા વાહન સામે નેશનલ હાઈવે ફી નિયમોના નિયમ ૧૪ મુજબ કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈવે પર પ્રવેશ નકારવા અથવા વાહનને હાઈવે પરથી હટાવવાની જોગવાઈ છે.

આ ઉપરાંત, હાઈવે ઓથોરિટી બાકી ટોલ ચાર્જ માટે ઈ-નોટિસ પણ જારી કરી શકે છે. જો ૩ દિવસની અંદર આ પેમેન્ટ કરવામાં નિષ્ફળતા મળશે તો બે ગણો ચાર્જ વસૂલવામાં આવશે.




### રેકોર્ડબ્રેક આવકઃ ટોલ કલેક્શન ૧૪ ટકા વધીને ૮૨૯૦૦ કરોડને પાર

નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ટોલ કલેક્શન ૧૪ ટકા વધીને રેકોર્ડ ૮૨૯૦૦.૧૬ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે, જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૭૨૯૩૦.૮૩ કરોડ રૂપિયા હતું. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ ૫.૭ ટકા વધીને ૪.૪૫ અબજ થયું છે, જે અગાઉના વર્ષમાં ૪.૨૧ અબજ હતું. નવા ટોલ રોડનો ઉમેરો, આર્થિક પ્રવૃત્તિઓમાં વેગ અને નવી વાર્ષિક ફાસ્ટેગ સુવિધાને કારણે આવકમાં આ મોટો ઉછાળો નોંધાયો છે. ઈરાન યુદ્ધના વિક્ષેપો છતાં માર્ચ મહિનામાં કોમર્શિયલ વાહનોમાંથી કુલ ટોલ કલેક્શન વધીને ૭૧૯૩ કરોડ રૂપિયા થઈ ગયું છે. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ભારતની ટોલવાળા રસ્તાઓની લંબાઈ બમણી થઈને ૫૫૮૧૨ કિમી થઈ ગઈ છે, જે એફવાય૧૯ માં માત્ર ૨૬૦૬૭ કિમી હતી. એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, ભૌતિક ટોલ પ્લાઝા દૂર કરીને ટેક્નોલોજીકલ આધારિત એડવાન્સ ટોલ કલેક્શન મિકેનિઝમ અપનાવવાથી મુસાફરી સરળ બની છે અને આગામી વર્ષોમાં ટોલ આવકમાં હજુ વધુ વધારો થવાની અપેક્ષા છે.

મંત્રાલયના એક અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, ટોલ ચૂકવવામાંથી મુક્તિ કોઈ વ્યક્તિને નહીં પરંતુ સત્તામંડળ કે કચેરી સાથે જોડાયેલી છે. લોકો ઘણીવાર પોતાના અંગત વાહનોમાં પણ ટોલ ચૂકવવાનું ટાળવા ઓળખપત્ર બતાવે છે, જેનાથી ટોલ બૂથ પર દલીલો થાય છે.

એનએચએઆઈ સમગ્ર

(અનુ. આઠમા પાને)

## ઓળખપત્ર બતાવીને ટોલમાંથી મુક્તિ મેળવવાની પ્રથા પણ બંધ થશેઃ સરકારી વિભાગોને એક્ઝેમ્પટેડ ફાસ્ટેગ લેવા સૂચના

## હવે સામાન્ય ગુનામાં હવે દંડથી ‘પતાવી’ લેવામાં આવશે

# કોર્ટમાં અટવાયેલા પાંચ કરોડ કેસનો નિકાલ કરવા ‘જન વિશ્વાસ બિલ’ પાસ થશે



**બિલ હેઠળ આશરે એક હજાર જોગવાઈને ગુનાહિત શ્રેણીમાંથી દૂર કરશેઃ પિયુષ ગોયલ**

**અબતક, રાજકોટ**

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર સરકારી વિભાગો અને ફરિયાદીઓને નાના ગુનાઓ સાથે સંકળાયેલા પડતર કેસ પાછા ખેંચવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, જેથી બીજા જન વિશ્વાસ બિલ પસાર થયા પછી હાલમાં કોર્ટમાં પડતર અંદાજે ૫ કરોડ કેસોનો ઉકેલ લાવવામાં મદદ મળશે.

જ્યારે ૭૯ કેન્દ્રીય કાયદાઓમાં સુધારા, જેમાં સ્વતંત્રતા પહેલાના સમયગાળાના કેટલાકનો સમાવેશ થાય છે, તે સંભવિત રીતે લાગુ થશે. ત્યારે સરકાર અધિકારીઓને ભૂતકાળના કેસોની સમીક્ષા કરવા અને તેમને બંધ કરવાની માંગ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. બંધ કરવાનું કહીને ઉકેલી શકાય જેથી ભૂતકાળના કેસોને મોટી રાહત મળી શકે, તેમ ગોયલે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, સુધારાઓ અધિકારીઓને સીધા દંડ લાદવાની સત્તા આપે છે, જેનાથી લાંબી કોર્ટ પ્રક્રિયાઓ પર નિર્ભરતા ઓછી થાય છે.

હું કોઈપણ જે આ કલમો હેઠળ કેસનો સામનો કરી રહ્યો છે તેને ફરિયાદ કાર્યાલયનો સંપર્ક

આ વિચાર લોકોને સુધારા કરવાની તક આપવાનો છે...અમે આશા રાખીએ છીએ કે આ (કેસો) ફરિયાદીઓ દ્વારા કોર્ટને નવી જોગવાઈઓ હેઠળ કરવા માટે પ્રોત્સાહિત કરીશ. તેઓ નવા કાયદાનું પાલન કરી શકશે અને આવા કેસોને દૂર કરી શકશે, ગોયલે ઉમેર્યું હતું.

જન વિશ્વાસ બિલ લગભગ ૧,૦૦૦ જોગવાઈઓને ગુનાહિત શ્રેણીમાંથી દૂર કરે છે, ઘણા કિસ્સાઓમાં સજાને દંડથી બદલી નાખે છે અને એક ગ્રેડેડ અમલીકરણ પદ્ધતિ રજૂ કરે છે. ગોયલે જણાવ્યું હતું કે, જાહેર, સમાજ અથવા જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતા ગંભીર ગુનાઓને કાયદાની સંપૂર્ણ શક્તિ સાથે ગણવામાં આવે છે.ગોયલે કહ્યું કે ૧૨ રાજ્યોએ પહેલાથી જ જન વિશ્વાસ બિલના પોતાના સંસ્કરણો રજૂ કર્યા છે.

આ બિલ આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં વિવિધ પ્રકારના નાના ઉલ્લંઘનો માટે જેલની સજા દૂર કરે છે અને તેને દંડથી બદલે છે. તે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, ફાર્મસી

(અનુ. આઠમા પાને)



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

બેંક એવમ બેંકિંગ ફાઈનાન્સ કંપની સાથે સંકળાયેલ તમામ જાતક તથા ખાનગી મેનેજમેન્ટ ફર્મસના જાતક માટે આ સપ્તાહ પણ અર્ધ મધ્યમ રહે તેવી પૂરી શક્યતા. સલાહ સૂચન, માર્ગ-દર્શન પ્રદાન કરતાં તમામ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ પુષ્કળ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ નીવડે તેવી પૂર્ણ સંભાવના. છૂટક વ્યાપારી તથા નાના વ્યાપારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. સ્નેહી એવમ મિત્ર સાથે પ્રવાસના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા,મહિલાકર્મી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૦ એપ્રિલ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

બ્રાંડેડ રેડીમેડ ગાર્મેન્ટના આઉટલેટના જાતક, તેમજ ફેશન એસેસરીઝ, શૂ-વેર્સના ઉત્પાદક જાતક તથા વિક્રેતા જાતક તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. વિચારક, લેખક, સાહિત્યકાર, પ્રોક્લેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. મિત્ર, સ્નેહી તરફથી સાથ સહકાર મળશે તેવી પૂરી શક્યતા. વર્કીંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ આરામદાયી ને સુખદાયક નીવડશે. ૭ એપ્રિલ સાવ સાધારણ રહેશે.

## મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન પણ અતિ ભાગદોડ તથા પ્રવાસ થવાની પૂરી સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારક એવમ સાનુકૂળ નીવડશે. કુટિર ઉદ્યોગ એવમ નાના નાના ઉદ્યોગના જાતક માટે આ સપ્તાહ લાભકારી તથા નવી નવી તક વાળું નીવડશે. વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડ વાળું રહેશે. છૂટક વ્યાપારી માટે અર્ધ લાભકારી ને વ્યસ્ત સપ્તાહ. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારી માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળું તેમજ ચડાવ ઉતાર વાળું નીવડે તેવી પૂરી શક્યતા. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયી. સગા, સ્નેહી તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ આનંદમયી અને સરળ રહેશે. ૯ એપ્રિલ સામાન્ય રહેશે.

## કર્ક — ડ,હ

વિદ્યુત સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. ડેરી ફાર્મ એવમ ફરસાણ+મિષ્ટાન્નના એકમ ના જાતક એવમ નાના કદના ઔદ્યોગિક એકમના જાતક તથા કુટિર ઉદ્યોગ/ગૃહોદ્યોગના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભકારી રહેશે. જથ્થાબંધ વ્યાપાર-વણિજ એકમના તમામ જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તેમજ મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૮ એપ્રિલ સામાન્ય નીવડશે.

## સિંહ — મ,ટ

ખાનગી શૈક્ષણિક એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ. સરકારી શૈક્ષણિક એકમના શિક્ષક તથા કર્મચારી માટે પ્રમોશનની સંભાવનાં સાથે આ સપ્તાહ લાભકર્તા નીવડે તેવી પૂરી શક્યતા. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ મોટા મોટા એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભકારક જણાશે. પરિવાર તથા સ્નેહી તરફથી સાથ સહકાર તેમજ આર્થિક લાભ મળે તેવા સંયોગ. સુખ શાંતિ યથાવત રહેશે. ગૃહિણી, વર્કીંગ વુમન, તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૦ તથા ૧૧ એપ્રિલ સાવ સામાન્ય રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

ફેબ્રિક ફર્નિશિંગ ના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. કુટિર ઉદ્યોગના જાતક તથા નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના, અન્ય, તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના વ્યાપારી જાતક તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પ્રમોશનના સંયોગો. સગા સ્નેહી, પરિવાર દ્વારા સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૯ એપ્રિલ પ્રતિકૂળ જણાશે.

## તુલા — ર,ત

ફૂટવેરના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક તથા નાના મશીનરીઝ ઔદ્યોગિક એકમના જાતક માટે આ પણ સપ્તાહ બહુ લાભકારી નીવડે તેવી પૂર્ણ શક્યતા. સિવિલ એન્જિનિયરિંગ એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક રીતે લાભદાયક નીવડશે. વિદ્યુત કે અગ્નિ સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતક માટે સરેરાશ એવમ આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમ એવમ વ્યાપાર વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું/વ્યસ્ત તેમજ લાભકારક નીવડે તેવી પૂર્ણ સંભાવના. પરિશ્રમ વાળા એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. ૫ તથા ૭ એપ્રિલ સરેરાશ અથવા પ્રતિકૂળ જણાશે.

## વૃશ્ચિક — ન,ય

હસ્ત કલા એવમ કારીગરી/શિલ્પ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ પૂર્ણ રૂપે લાભકારી નીવડે તેવા સંયોગ. રિટેલર્સ માટે આ સપ્તાહ ખુબ જ હળવુ સાનુકૂળ નીવડશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. સૌંદર્ય પ્રસાધન એવમ તેને સંબંધિત તમામ ઔદ્યોગિક એકમના એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ તેજીલું અને ફાયદાકારક જોવા મળશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા સામાન્ય જણાશે. સ્નેહી તથા પરિવારમાં હળવુ સુમેળ રહેશે. ગૃહિણી, મહિલા કર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. કેવળ, ૧૦ એપ્રિલ મધ્યમ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહે, ધંધાના જૂના એવમ પડતર કામકાજનો નિકાલ આવશે. સાથો સાથ નવા કામકાજ અને તકો મળવાંની પૂર્ણ સંભાવના. દક્ષિણી વિસ્તાર તથા વિદેશ સાથે સંકળાયેલ ઔદ્યોગિક એકમના-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે પૂર્ણ સંભાવના, સાથો સાથ પ્રવાસના સંયોગ. આ સપ્તાહે, પણ બેરોજગાર માટે નોકરીના શુભાવસરની પૂરી શકયતા. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના એવમ વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ નીવડે પૂર્ણ શક્યતા. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવુ લાભકર્તા રહેશે. કેવળ, ૮ એપ્રિલ મધ્યમ નીવડશે.

## મકર — ખ,જ

દરેક પ્રકારના નાના કે મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ પરંતુ દોડધામ વાળું રહેવાનાં પૂર્ણ સંયોગ. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, સર્વિસ બિઝનેસ તથા ફાઈનાન્સ રિલેટેડ એજન્સીઝ, શરાફી પેઢી તથા રિટેલર્સ માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સરકારી ક્ષેત્રના ઉચ્ચાધિકારી માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ એવમ આંશિક લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ ફાયદાકારક નીવડે તેવી પૂર્ણ શક્યતા. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, સહકાર યથાવત રહેશે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. માત્ર, ૬ તથા ૭ એપ્રિલ સાવ સામાન્ય રહેશે.

## કુંભ — ગ,શ,ષ

ઓટોમોબાઈલ એકમના જાતક એવમ ધાતુ સંબંધિત સ્પેરપાર્ટસના ઔદ્યોગિક એકમના તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી એવમ તકવાળું નીવડે તેવી પૂર્ણ સંભાવના.આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ લાભકર્તા તેમજ વ્યસ્ત નીવડશે. નાના નાના વ્યાપારી એકમના જાતક તથા પરિશ્રમ વાળા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક ફાયદાકરક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ અને પરિશ્રમી જણાશે. ભાઈ-બહેન તથા સાળા-સાળી સાથેના પારિવારીક સંબંધમાં સુમેળ, સમાધાન કરાવશે તેવી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૫ તથા ૭ એપ્રિલ સરેરાશ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

પોર્ટ એવમ ઈન્ડસ્ટ્રિયલ ટ્રાન્સપોર્ટ એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ રહેશે સાથો સાથ હળવુ ફાયદાકારક પણ નીવડશે. હેવી હ્યુજ અને પરિશ્રમ વાળા દરેક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભકર્તા રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ અથવા અર્ધ પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ શક્યતા. કુટુંબ તથા સ્નેહીઓ તરફથી સાથ સહકાર યથાવત રહેશે. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી વર્ગ, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કેવળ, ૮ તથા ૧૦ એપ્રિલ નો દિવસ જ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).

---

### બુદ્ધિશાળી અને વફાદાર ઉંદરોની અજાણી દુનિયા

# ગણપતિના વાહન વીના પૃથ્વી ઉપર મનુષ્યનું અસ્તિત્વ ટકયુ હોત?

**જ્યારે ડાયનાસોર પૃથ્વી પર ફરતા હતા ત્યારે તેઓ અહીં જ હતા: તેઓએ જુરાસિક યુગને લુપ્ત થતો જોયો, અને તેઓ સસ્તન પ્રાણીઓનો યુગ શરૂ કરવા માટે ત્યાં જ હતા: તેઓએ ઘણી નવી પ્રજાતિઓનો જન્મ પણ જોયો, જેમાંથી કેટલીક તેમનો શિકાર પણ કરતી હતી**



નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણાં પ્રાચિન દેવતાઓના વિવિધ વાહન જોવા મળે છે, ત્યારે પ્રશ્ન થાય કે તેના વગર મનુષ્ય જીવન શક્ય બનત. આમ જોઈએ તો પણ માનવ જીવન માટે પ્રાણીઓનું મહત્વ વિશેષ રહ્યું છે. તે આપણને દુધ - ખોરાક અને ખેતીમાં મદદ કરે છે. આપણાં દૈનિક કાર્યોના પાકમાં તે માનસિક સહારો આપે છે. સૌથી અગત્યની વાત તે પર્યાવરણ સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આ પ્રાણીઓ જ્યારે દેવતાના વાહન સ્વરૂપે જોવા મળે છે, ત્યારે આધ્યાત્મિક ભાવ પ્રબળ બને છે. પ્રકૃત્તિ અને તેમાં વસતા પ્રાણીઓ વગર આપણું જીવન અધુરૂં ગણાય છે. પ્રાણી વગર માનવ જીવિત તો રહી શકે, પણ તે જીવન પ્રકૃત્તિથી વિમુખ, અસંતુલિત અને અધુરો રહેશે.

આપણે બાળપણમાં સાત પૂછળીવાળા ઉંદરની વાર્તા સાંભળી હતી. આપણે તેને પેઢી દર પેઢીથી આપણી આસપાસ જોતા આવ્યા છીએ. આજે તેનો વૈશ્વિક દિવસ છે, ત્યારે તેના વિશે રસપ્રદ માહિતી વાંચકો માટે પ્રસ્તુત છે. ઉંદર માનવજાત માટે મુખ્યત્વે વૈજ્ઞાનિક સંશોધનો અને તબીબી ક્ષેત્રે અત્યંત ઉપયોગી સાબિત થયા છે. ઉંદરોની જૈવિક અને આનુવંશિક રચના માણસોને ઘણી મળતી આવતી હોવાથી, નવી દવાઓ, રસીઓ અને ગંભીર રોગોના પરીક્ષણ માટે તેમનો ઉપયોગ કરવામાં આવે છે. પર્યાવરણમાં તેઓ ખોરાકની સાંકળનો મહત્વનો ભાગ છે, અને જમીનમાં દર બનાવીને હવાના અવરજવરમાં મદદરૂપ થાય છે. ઉંદરો એ સૌથી જૂના સસ્તન પ્રાણીઓમાંના એક છે, જેને આપણે હજુ પણ આસપાસ જોઈ શકીએ છીએ. જ્યારે ડાયનાસોર પૃથ્વી પર ફરતા હતા ત્યારે તેઓ અહીં જ હતા. તેઓએ જુરાસિક યુગને લુપ્ત થતો જોયો, અને તેઓ સસ્તન પ્રાણીઓનો યુગ શરૂ કરવા માટે ત્યાં જ હતા. તેઓએ ઘણી નવી પ્રજાતિઓનો જન્મ પણ જોયો, જેમાંથી કેટલીક તેમનો શિકાર કરતી હતી, અને તેઓએ માનવ સભ્યતાનો જન્મ પણ જોયો છે. તેઓ આપણી બધી જીત અને આપણી બધી મોટી ભૂલો જોવા માટે ત્યાં હતા. તેઓએ આપણને પ્લેગ દ્વારા સજા આપી, અને તેઓ કદાચ આપણા ગયા પછી પણ અહીં રહેશે.

ઉંદરો રોડેન્ટિયા પ્રજાતિ અને રેટ્સ જાતિના મધ્યમ કદના લાંબા પૂંછડીવાળા ઉંદરોમાંથી આવે છે. તેમની લાંબી પૂંછડી એક અગ્રણી લાક્ષણિકતા છે, અને ઉંદરો ઉષ્ણતા નિયંત્રણ માટે પૂંછડીનો ઉપયોગ કરી શકે છે. ઉંદરો વિશ્વના મોટાભાગના ભાગોમાં જીવાત છે, પરંતુ તેઓ મૂળરૂપે વિશ્વના દરેક ભાગમાં જોવા મળતા નથી. મોટાભાગના લોકો માટે, તેઓ મધ્યયુગીન યુગમાં જહાજો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને કાળા ઉંદરો આક્રમક પ્રજાતિ તરીકે કુખ્યાત રીતે સફળ છે. જો કે, વિવિધ સંસ્કૃતિઓ ઉંદરોને અલગ રીતે જુએ છે. યુરોપિયન સંસ્કૃતિઓમાં ઉંદરો ખરાબ સમાચાર છે, જ્યારે એશિયન સંસ્કૃતિઓમાં તેમનું વધુ સારી રીતે પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. ઉંદરો ચીની રાશિમાં હાજર છે, અને હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર તેમના ઉલ્લેખ ભગવાન ગણેશના વાહન તરીકે પણ કરવામાં આવે છે. ઉંદરો બુદ્ધિશાળી અને ચાલાક પ્રાણીઓ છે.

ઘરેલુ પાલતુ ઉંદરો આપણા માટે કોઈ ખતરો નથી અને સામાન્ય કૂતરા કે બિલાડી કરતાં વધુ રોગો વહન કરતા નથી. તેમના નાના કદ અને ખાવાની ટેવમાં તેમની લવચીકતાને કારણે તેમની જાળવણી ઓછી હોય છે. તે ૩૨ ઈંચથી વધુ લાંબો પૂંછડી સહિત અને ત્રણ પાઉન્ડથી વધુ વજન ધરાવે છે. સામાન્ય ઘરનો ઉંદર લગભગ ૨૦ ઈંચ લાંબો અને લગભગ ઔંસ ૦.૩૪ કિગ્રા વજન ધરાવે છે. ઉંદરો વૈજ્ઞાનિક સંશોધનમાં ખૂબ મહત્વ ધરાવે છે. દવાઓના વિકાસથી લઈને માનવ શરીરના અભ્યાસ સુધી, ઉંદરો પર થતા પ્રયોગો અનેક શોધોમાં મદદરૂપ થયા છે. તેઓ બુદ્ધિશાળી, સામાજિક અને ઝડપથી શીખી શકતા પ્રાણી છે. ઘણા લોકો તેમને પાળતુ પ્રાણી તરીકે પણ રાખે છે, કારણ કે તેઓ સરળતાથી માનવી સાથે જોડાઈ શકે છે. આ દિવસનો બીજો મહત્વનો હેતુ પ્રાણીઓ પ્રત્યે કરુણા અને જવાબદારીનો સંદેશ આપવાનો છે. ઉંદરો પર થતી ક્રૂરતા સામે અવાજ ઉઠાવવો અને પ્રાણી કલ્યાણ વિશે જાગૃતિ લાવવી પણ આ દિવસનો ભાગ છે. સામાન્યપણે માનવીના દુશ્મન તરીકે ઓળખાતો ઉંદર માનવ-વસાહતોમાં, વસાહતોની આસપાસ અથવા ખેતરોમાં રહી ખોરાક, પાક, ઘરની ઉપયોગી ચીજવસ્તુઓ વગેરેને નુકસાન પહોંચાડવા ઉપરાંત, પ્લેગ જેવા રોગોનો ફેલાવો કરે છે. અનાજ, ઘરમાં રાંધેલી તેમજ અન્ય વસ્તુઓ ખાવા ઉપરાંત ઉંદર તેનો મોટા પ્રમાણમાં બગાડ કરે છે. જોકે ઉંદર કેટલેક અંશે માનવીને લાભદાયક પણ હોય છે. ઉપદ્રવી કીટકોને ખાવા ઉપરાંત, તે પોતે માંસાહારી પ્રાણીઓનો ખોરાક બનવાથી માનવીએ પાળેલાં અમુક પ્રાણીઓ આવાં માંસાહારી પ્રાણીઓના ભક્ષ્ય બનવામાંથી બચી જાય છે. તે એક નિશાચર પ્રાણી છે. દિવસ દરમિયાન દર કે અન્ય આશ્રય સ્થાનોમાં રહીને કોઈક વાર ચૂં-ચૂં અવાજ કરતો સંભળાય છે. ઉંદર વિશે અજાણી વાતોમાં વર્ષમાં ૬-૭ વખત ગર્ભવતી થાય છે, જેમાંથી દરેક વખતે ૫-૧૫ બચ્ચાં જન્મે છે. તેઓ પોતાની પૂંછથી તરાસ દૂર કરી શકે છે અને એક બીજાના મૂત્રના ગંધથી જ સંચાર કરે છે. ઉંદરો લાલ પડછાયો જુએ છે, અને તેમના દાંત આખા જીવન લાંબા વધતા રહે છે. તેની પ્રજાતિ ઓમાં મુખ્યત્વે કૃંતક વર્ગ કુળના છે, અને તેમને બે મુખ્ય પ્રકારોમાં રેટ અને માઉસ છે.

ભારતમાં ઉંદરની અનેક પ્રજાતિઓ જોવા મળે છે, મુખ્યત્વે માનવ વસાહતો, ખેતરો અને જંગલોમાં કાળો ઉંદર, માનવ વસાહતો અને ખેતરોમાં સામાન્ય, લાંબી પૂંછ અને કાળા રંગવાળો જ્યારે ભૂરો ઉંદર, દરમાં રહેતો, તરવામાં નિપુણ અને પ્રયોગશાળામાં વપરાય છે. ઘરેલુ ઉંદર નાનો અને ઝડપી હોય છે. તે પાકને નુકસાન કરે છે. ઉંદર અને માણસના ડીએનએ, રોગપ્રતિકારક શક્તિ, મગજ, હોર્મોન્સ અને અંગોના કાર્યો મળતા આવે છે, જેથી દવાઓ અને કેમિકલ્સનું પરીક્ષણ પહેલાં તેમના પર કરાય છે.

### માનવ ડીએનએ સાથે ૯૦% સમાનતા ધરાવે છે

હૃદયરોગ, ડાયાબિટીસ, કેન્સર, સ્ટ્રોક, ન્યુરોલોજી અને ઓટો-ઈમ્યુન રોગોમાં દવાઓની અસર અને સુરક્ષા ટેસ્ટિંગ માટે તેનો વ્યાપક ઉપયોગ થયો છે. ઉંદરો પોતાના દાંત આખું જીવન વધારે છે અને તે કાપ્યા વિના લાંબા થતા રહે છે, જેથી તે કઠિન વસ્તુઓ ચાવી શકે. તેઓ લાલ-લાલ પડછાયો જુએ છે અને બ્લુ-વાયોલેટ રંગો સામે અંધ હોય છે. એક બીજાના મૂત્રની ગંધથી સંચાર કરે છે, અને પૂંછથી તણાવ દૂર કરે છે. માનવ ડીએનએ સાથે ૯૦% સમાનતા ધરાવે છે, જેથી વૈજ્ઞાનિક પ્રયોગોમાં આદર્શ છે. ઉંદરો ૩-૪ ફીટ ઊંચા કૂદી શકે છે અને પાણીમાં ૩ દિવસ સુધી તરી શકે છે. તેઓ ઉપદ્રવી ગણાતા હોય, પણ આધુનિક વિજ્ઞાનની પ્રગતિમાં તેમનું યોગદાન અમૂલ્ય છે.




---

## અબતક પંચાગ

**તા.૫-૪ -૨૦૨૬ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ — શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ |
| તિથી | ચૈત્ર વદ ત્રીજ સંકષ્ટ ચતુર્થી ચંદ્ર ઉદય રાત્રે ૧૦.૦૫ વિંછુડો રાત્રે ૭.૩૦થી |
| નક્ષત્ર | વિશાખા |
| યોગ | વ્રજ — કરણ: બવ |
| સુર્યોદય | ૬.૩૭ — સુર્યાસ્ત: ૭.૦૩ |
| ચંદ્ર રાશી | તુલા રાત્રે ૭.૨૯થી વૃશ્ચિક |
| રાશિ અક્ષર | ર.ત/ન.ય |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૪-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોથે મોમોસ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૪:૪૫ સ્પે.સ્ટોરી (અથાણાં સ્ટોરી) +(સ્વિમિંગ પૂલ)
૦૪:૪૫ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૪-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત મહિલાઓ માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારિઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૬-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૫.૪.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ ત્રીજ, વિશાખા નક્ષત્ર વજ યોગ, વિષ્ટિ કરણ આજે સાંજે ૫.૨૮ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) ત્યારબાદ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : નજીકના ક્ષેત્રોમાં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ)** : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ)** : તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ)** : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : મિત્રોની મદદથી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત)** : તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : કામકાજમાં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસમાં કાળજી રાખવી, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, લેખન વાંચન મંથનથી આનંદ મળે, રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ,સ,શ)** : વેપારીવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે, નોકરિયાતવર્ગે સમજીને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ)** : ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો, આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# વોર્ડ નં.૪, ૧૧, ૧૫ અને ૧૬ ભાજપ માટે જોખમીઃ કોંગ્રેસને 'સંજીવની' મળી શકે!

## ભાજપને ૨૦૨૧ જેવું પરિણામ નહીં મળે તે નિશ્ચિતઃ કોંગ્રેસ સત્તા સુધી નહીં પહોંચે પણ માન્ય વિપક્ષ બની શકે તેટલી બેઠક ચોક્કસ જીતશેઃ આપનું ખાતુ ખુલે તેવી શક્યતા ખુબ જ નહીંવત

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૧માં યોજાયેલી રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં શહેરના ૧૮ વોર્ડમાંથી ૧૭ વોર્ડમાં ભાજપના ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બન્યા હતાં. કોંગ્રેસ માત્ર વોર્ડ નં. ૧૫માં જીત મેળવી શકી હતી. રાજકોટમાં સત્તાપરિવર્તન થાય તેવા કોઈ જ પરિબળો હાલ દેખાતા નથી. છતાં શાસકપક્ષ ભાજપ માટે વોર્ડ નં. ૪, ૧૧, ૧૫ અને ૧૬ હાલ જોખમ કારક હોવાનું ખુદ કાર્યકરો અનેપક્ષના આગેવાનોમાં ચર્ચાઈ રહ્યું છે. કોંગ્રેસ સત્તા સુધી નહીં પહોંચે તે નિશ્ચિત છે પરંતુ માન્ય વિપક્ષ બનીને ઉભરી આવે તેટલી બેઠક ચોક્કસ મળશે. રાજકોટની જનતાએ કયારેય ત્રિજી રાજકીય પાર્ટીને સ્વીકારી નથી. આવામાં આમ આદમીનું ખાતુ ખુલે તેવું દૂર દૂર સુધી દેખાતું નથી. જો કે, ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામ જાહેર થયા બાદ ચૂંટણીનું ૫૦ ટકા નિરિક્ષણ સામે આવી જશે.

૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપને જેવું પરિણામ પ્રાપ્ત થયું હતું. તેવું આ વખતે નહીં મળે તે પણ નિશ્ચિત છે. જો કે, સત્તા ગુમાવી પડે તેવું કોઈ પરિબળ હાલ અસ્તિત્વમાં નથી. કોંગ્રેસ માટે કોર્પોરેશનની ચૂંટણી વધતા ઓછા પ્રમાણમાં સંજીવની બની શકે છે. કોંગ્રેસ દ્વારા આ વખતે જીતી શકે અથવા ભાજપના ઉમેદવારોને બરાબરની ટક્કર આપી શકે તેવા જ કાર્યકરને ટીકીટ આપવામાં આવશે. તેવો નિર્ણય લેવાયો છે. ૨૦ થી વધુ મજબુત નેતાઓને કાનમાં કહી દેવામાં આવ્યું છે કે, તમારે ચૂંટણી લડવાની છે તૈયારી કરવા માંડો સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે કોંગ્રેસ છેલ્લા ઘણા સમયથી ગંભીરતા પૂર્વક તૈયારી કરી રહી છે. પરંતુ સત્તા મળે તેવી શક્યતા ખુબ જ નહીંવત દેખાઈ રહી છે. કારણ કે, મહાપાલિકાના ૫૩ વર્ષના ઈતિહાસમાં ૪૮ વર્ષ સુધી ભાજપનું શાસન રહ્યું છે. કોંગ્રેસને સમ ખાવા પુરતી માત્ર એક જ વાર પાંચ વર્ષ સુધી સત્તા મળી છે.



હાલ ૧૮ વોર્ડના પરિણામની પ્રાથમિક સમીક્ષા કરવામાં આવે તો વોર્ડ નં. ૪, ૧૧, ૧૫ અને ૧૬ ભાજપ માટે જોખમની વ્યાખ્યામાં મુકાઈ રહ્યા છે. વોર્ડ નં. ૪ માં સંગઠન અને ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે પાંચ વર્ષ સુધી મનમેળ રહ્યો ન હતો. મેયરનો વિવાદ પણ નળી શકે છે.

જયારે વોર્ડ નં. ૧૧માં પણ કંઈક આવી જ પરિસ્થિતિ છે. કોર્પોરેટરોના સુચવેલા કામો પણ થતાં ન હોવાના કારણે સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. વોર્ડ નં. ૧૫ વર્ષોથી કોંગ્રેસનો ગઢ મનાઈ રહ્યો છે. આ વોર્ડમાંથી ભાજપના દાવેદારોની સંખ્યા પણ ખુબ જ ઓછી છે. કે જે દર્શાવે છે કે, વોર્ડમાં ભાજપનું જોર ઓછુ છે.

જંગલેશ્વરમાં ગત મહિને કોર્પોરેશન દ્વારા મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું.

જેની સીધી અસર વોર્ડ નં. ૧૬માં ચૂંટણી પરિણામ પર પડી શકે છે. હાલ ભાજપ માટે ચાર વોર્ડ જોખમી મનાઈ રહ્યા છે. બાકીના તમામ વોર્ડમાં બહુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવું લાગતું નથી ૨૦૨૧ જેવું પરિણામ મેળવવું ભાજપ માટે મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય જેવું છે. ગત વખતે કોંગ્રેસ માત્ર ચાર બેઠક જીતી હતી માન્ય વિપક્ષનો દરજ્જો મેળવવા કુલ બેઠકના ૧૦ ટકા બેઠક જીતવી જરૂરી છે. જે ન હોવાના કારણે પાંચ વર્ષ સુધી કોંગ્રેસને માન્ય વિપક્ષનો દરજ્જો મળ્યો ન હતો. આ વખતે હાલનું ચિત્ર જોતા એવું લાગી રહ્યું છે કે, કોંગ્રેસની બેઠકનો આંક ડબલ ફિગરે પહોંચી જશે. જેના કારણે તેને વિપક્ષનો દરજ્જો મળશે અને સરકારી સુવિધાઓ પણ પ્રાપ્ત થશે.

રાજકોટની જનતાએ કોર્પોરેશન, વિધાનસભા કે, લોકસભાની ચૂંટણીમાં ક્યારેય ત્રીજા રાજકીય પક્ષને સ્વીકાર્યો નથી. આ વખતે પણ આવુ થાય તો આમ આદમી પાર્ટીએ શહેરમાં ખાતુ ખોલાવું પણ મુશ્કેલ બની જશે.

### ભાજપનો સાથ છોડનાર ત્રણ આગેવાનોને 'આપ'એ ટિકિટ આપી

થોડા સમય પહેલા ભાજપનો કેસરિયો ખેસનો ત્યાગ કરી આમ આદમી પાર્ટીનું ઝાડુ પકડી લેનાર ત્રણ આગેવાનોને આમ આદમી પાર્ટી દ્વારા અલગ અલગ વોર્ડમાંથી ટીકીટની ફાળવણી કરવામાં આવી છે. વોર્ડ નં. ૧૩માં આપે દિલીપસિંહ વાઘેલાને, વોર્ડ નં. ૧૪માં જયદીપ નકુમને અને વોર્ડ નં. ૧૬ માં વિવેક લિંબાસિયાને ટીકીટ આપી છે. આ ત્રણેય આગેવાનો ભૂતકાળમાં ભાજપના ખુબ જ સક્રિય કાર્યકરો હતાં. થોડા સમય પહેલા કેસરિયો ખેસ ઉતારીને આપમાં સામેલ થયા હતાં.

# ૭૨ બેઠકો માટે ભાજપ કાલે ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવી લેશે

## રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને કાલે શહેર ભાજપ સંકલન સમિતિની મહત્વપૂર્ણ બેઠક

શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો ઉપર કમળના પ્રતિક પરથી ચૂંટણી લડવા માટે ૧૦૧૮ કાર્યકરોએ સેન્સ પ્રક્રિયા દરમિયાન ઈચ્છા વ્યક્ત કરી છે. આગામી સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. આજથી પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા અલગ અલગ જિલ્લાઓના પ્રમુખ પ્રભારી અને નિરિક્ષકોને બોલાવામાં આવી રહી છે. દરમિયાન રાજકોટના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ઉમેદવારોના નામ નક્કી કરવા માટે કાલે રાત્રે ગાંધીનગરમાં બેઠક વાઈઝ ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવી લેવામાં આવશે. સંભવતઃ બુધવારે ભાજપ દ્વારા ઉમેદવારોના નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે.

બે દિવસ પૂર્વે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ છે જેમા શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પરથી ચૂંટણી લડવા માટે ભાજપના ૧૦૧૮ કાર્યકરોએ દાવેદારી કરી છે. આવતી કાલે રાત્રે ૯ કલાકે ગાંધીનગર સ્થિત કેબીનેટ મંત્રી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના નિવાસ સ્થાને શહેર ભાજપ સંકલન સમિતિની મહત્વપૂર્ણ બેઠક મળશે. જેમાં સેન્સ લેવા માટે આવેલા તમામ ૯ નિરિક્ષકો ઉપરાંત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, પૂર્વ પ્રમુખ મુકેશ દોશી ઉપરાંત મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલિયા અને યોગેન્દ્રસિંહ જાડેજા હાજર રહેશે. બેઠકમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અને રાજકોટના સંગઠન પ્રભારી અનિરુદ્ધભાઈ દવે પણ હાજરી આપશે આ બેઠકમાં તમામ ૧થી ૧૮ વોર્ડ માટે બેઠક દીઠ ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવવામાં આવશે. પેનલમાં કુલ ૨૧૬ નામો મુકાશે જ્યારે દાવેદારી કરનાર ૧૦૧૮ માંથી ૮૦૨ દાવેદારોના નામ આપવા નિકળી જશે જો કે, પેનલની સાથે સાથે સંકલન સમિતિ દ્વારા સેન્સ પ્રક્રિયા દરમિયાન પોતાની સમક્ષ જે નામો આવ્યા છે તે તમામ નામો પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ મુકી દેવામાં આવશે. જ્ઞાતિ-જાતિના સમીકરણો બેઠક અનામતને ધ્યાનમાં રાખી પેનલ બનાવવામાં આવશે. પ્રાથમિક ચર્ચા મુજબ જીતી શકે તેવા જ ઉમેદવારોને ટીકીટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

હાઈકમાન્ડ દ્વારા ટીકીટ ફાળવણી માટે પ્રમુખોને ગાઈડલાઈનની હિંટ આપી દેવામાં આવી છે. જેમાં પેનલ બનાવતી વેળાએ ત્રણ ટર્મથી વધુ વખત ચુંટાયેલા કે, ૬૦ વર્ષથી વધુ વયના કાર્યકરોનો સમાવેશ ન કરવાની સુચના આપવામાં આવી છે. પરંતુ જો કોઈ કારણસર આ નિયમનું પાલન થઈ શકે તેમ ન હોય તો પાર્લામેન્ટરી બોર્ડ આ કેસમાં ખાસ ટીકીટ ફાળવણી અંગે નિર્ણય લઈ શકે છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી બાદ પ્રથમ વખત રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે. ગત ચૂંટણીમાં ભાજપના ૬૮ ઉમેદવારો વિજેતા બન્યા હતાં. જે પૈકી ભાજપ ૨૦ જેટલા ઉમેદવારોને ફરી ટીકીટ આપે તેવું હાલ દેખાઈ રહ્યું છે. મંગળવારે રાત્રે અથવા બુધવારે ઉમેદવારોના નામની સત્તાવાર ઘોષણા કરી દેવામાં આવશે. કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટના મહેમાન બની રહ્યા છે. જો કે, તેઓના આ કાર્યક્રમમાં શહેર ભાજપના કોઈ હોદેદારો હાજરી આપી શકે તેવી શક્યતા હાલ દેખાતી નથી.

# સાંઢીયો પુલ રેડીઃ ચૂંટણી પરિણામ બાદ લોકાર્પણ



**અબતક, રાજકોટ**

ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે કોર્પોરેશન દ્વારા શહેરના અલગ અલગ રાજમાર્ગો પર ઓવરબ્રીજ અને અંડરબ્રીજ બનાવવામાં આવી રહ્યો છે. શહેરના જામનગર રોડ પર અંગ્રેજોએ બનાવેલા સાંઢિયા પુલને તોડી તેની જગ્યાએ કોર્પોરેશન દ્વારા રૂા. ૭૪.૩૨ કરોડના ખર્ચે નવો ફોરલેન ઓવરબ્રીજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. છેલ્લા ત્રણેક વર્ષથી ચાલતું બ્રિજનું નિર્માણકાર્ય હવે પૂર્ણતાના આરે છે. ૯૨ ટકાથી વધુ કામ પુરુ થઈ ગયું છે. હાલ પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. કોર્પોરેશનની ચૂંટણીના પરિણામ બાદ આચારસંહિતા ઉઠતાની સાથે જ બ્રિજના લોકાર્પણની તારીખ જાહેર કરી દેવામાં આવશે. નવી ચૂંટાયેલી બોડીના હસ્તે બ્રિજ ખુલ્લો મુકાયા બાદ દૈનિક ૫૦ હજારથી વધુ વાહન ચાલકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળશે.

સાંઢિયો પુલ શહેરનો એવો પ્રથમ બ્રિજ છે કે, જેમાં હયાત પુલને તોડી પાડી તેના સ્થાને ફોરલેન બ્રીજ બનાવવામાં આવી રહ્યો છે. રેલવે વિભાગની જરૂરી મંજુરી મેળવવામાં દીવસો વીતી જવાના કારણે બ્રિજ ચૂંટણી પહેલા ખુલ્લો મુકી શકાયો નથી. બ્રિજના નિર્માણ માટે રૂા. ૭૪.૭૨ કરોડનો ખર્ચ થશે. ભવિષ્યમાં વાહન વ્યવહારના વધતા દબાણને ધ્યાનમાં રાખી મજબુત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. બ્રિજની ટેક્નિકલ માળખાકીય વિગતોની વિશેષતાઓ પર નજર કરવામાં આવે તો બ્રિજની પહોળાઈ

(અનુ. આઠમા પાને)

**નવા ફોરલેન બ્રિજનું ૯૨ ટકાથી વધુ કામ પૂર્ણઃ નવી ચૂંટાયેલી બોડીના હસ્તે બ્રિજ ખુલ્લો મુકાયા બાદ દૈનિક ૫૦ હજાર વાહન ચાલકોને મળશે ટ્રાફિકજામની સમસ્યામાંથી મુક્તિ**



તસવીરઃ શૈલેષ વાડોલિયા

# બ્લુ કલબની નવી ભેટઃ 'અર્બન થિંગ' કરાવશે લકઝરી લાઈફ સ્ટાઈલનો અહેસાસ

## સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ખરીદીની સાથે અલ્પાહાર ગૃહની સુવિધા, ૨૫૦૦ ચોરસ ફૂટમાં પથરાયેલા વૈભવી શોરૂમે આકર્ષણ જમાવ્યું

**રિપોર્ટરઃ કરણ જોગલ**
**કેમેરામેનઃ દર્શન વાડોલીયા**
**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટના શોખીન નાગરિકો માટે વસ્ત્ર શૈલીના ક્ષેત્રે એક આનંદના સમાચાર સામે આવ્યા છે. જાણીતી પ્રતિષ્ઠિત વસ્ત્ર બ્રાન્ડ 'અર્બન થિંગ બાય બ્લુ કલબ' દ્વારા શહેરમાં પોતાનો બીજો વિશિષ્ટ શોરૂમ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ સ્થાન માત્ર ખરીદીનું કેન્દ્ર નથી, પરંતુ રાજકોટવાસીઓ માટે જીવનશૈલીનો એક નવો અનુભવ લઈને આવ્યું છે.








અંદાજે ૨૫૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં પથરાયેલા આ શોરૂમમાં સૌરાષ્ટ્રમાં પ્રથમવાર 'પીણું, ખરીદી અને વિરામ' (જ્ક્ષા, જવજ્ઞા છ્યહફ્ક્ષ) નો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં ગ્રાહકો આધુનિક વસ્ત્રોની ખરીદી કરવાની સાથે શોરૂમની અંદર જ આવેલા ખાસ અલ્પાહાર ગૃહમાં આરામથી સમય વિતાવી શકશે. વસ્ત્રોની શ્રેણીની વાત કરીએ તો, અહીં પુરુષો માટે જીન્સ, ફોર્મલ પેન્ટ અને શર્ટની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે, જ્યારે મહિલાઓ માટે વેસ્ટર્ન અને ઈન્ડિયન પહેરવેશનો મનમોહક ખજાનો રજૂ કરવામાં આવ્યો છે.

છેલ્લા એક દાયકાથી (અનુ. આઠમા પાને)

### દેશભરમાં ૧૦૦ શાખાઓ ખોલવાનું લક્ષ્યઃ સનીભાઈ (એમ.ડી., અર્બન થિંગ)



અબ તક સાથેની વાતચીતમાં અર્બન થીગના એમડી શનીભાઈએ જણાવ્યું હતું કેઅમે રાજકોટના ગ્રાહકો માટે માત્ર વસ્ત્ર ભંડાર નહીં, પણ એક સુવિધાજનક સ્થળ બનાવવા માંગતા હતા. ખરીદી સાથે વિરામના ખ્યાલ દ્વારા ગ્રાહકો ઉતાવળ વગર શાંતિથી પોતાની પસંદગી કરી શકે તેવો અમારો નમ્ર પ્રયાસ છે. ૧૦ વર્ષના ગ્રાહકોના અતૂટ વિશ્વાસ બાદ હવે અમારું લક્ષ્ય ભારતભરમાં ૧૦૦ શાખાઓ સુધી પહોંચવાનું છે

# ઈફકો ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છેઃ દિલીપ સંઘાણી

## ઈફકોએ રૂ.૪,૧૦૬ કરોડથી વધુ રકમનો રેકોર્ડબ્રેક નફો કર્યો, ખાતરનું વેંચાણ રૂ.૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

૧૯૬૭ માં માત્ર ૫૭ સહકારી મંડળીઓથી શરૂ થયેલી, ઈફકો ની સફર ૩૬,૦૦૦ થી વધુ મંડળીઓ અને લાખો ખેડૂતોના વિશ્વાસ સુધી વિસ્તરી છે. વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી સહકારી તરીકે પોતાને સ્થાપિત કરવી એ માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છે. આ સુવર્ણ વર્ષમાં, ઈફકો એ રૂ.૪,૧૦૬ કરોડથી વધુનો સર્વકાલીન રેકોર્ડ નફો હાંસલ કર્યો. આ સિદ્ધિ ફક્ત સંખ્યાઓની વાર્તા નથી, પરંતુ ખેડૂતોની મહેનત, કર્મચારીઓના સમર્પણ અને સહકારના મૂલ્યોનો વિજયગાથા છે. ઈફકો એ ઉત્પાદન અને વેચાણમાં પણ નવા રેકોર્ડ બનાવ્યા. દેશભરમાં ૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન ખાતરનું રેકોર્ડ વેચાણ અને ૧૧૯.૬૮ લાખ મેટ્રિક ટનનો પુરવઠો ખેડૂતોની જરૂરિયાતોને સંસ્થાની ટોચની પ્રાથમિકતાનો પુરાવો છે. યુરિયા અને ડીએપીના વધતા વેચાણથી કૃષિ ક્ષેત્રમાં ઈફકોની મુખ્ય ભૂમિકા વધુ મજબૂત બની છે. તેમ ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. નેનો ટેકનોલોજીનો વિસ્તાર કરવા માટે, ઈફકો એ બેંગલુરુના દેવનહલ્લીમાં ચોથા નેનો ખાતર પ્લાન્ટનું ઉદઘાટન કર્યું છે, જેનાથી ઈફકો ની કુલ ઉત્પાદન ક્ષમતા દરરોજ આશરે ૯.૫ લાખ બોટલ થઈ છે.



કોઈમ્બતુરમાં નેનો ઈનોવેશન સેન્ટર સંશોધન અને ટેકનોલોજી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે, જ્યાં કૃષિના ભવિષ્યને ધ્યાનમાં રાખીને નવી ટેકનોલોજીઓ પર કામ કરવામાં આવી રહ્યું છે. ઈફકો તેના કર્મચારીઓના કલ્યાણ માટે પણ આટલું જ પ્રતિબદ્ધ છે. આ જ સંકલ્પમાં, ઈફકોના ચેરમેન સંઘાણીના નેતૃત્વમાં, ૧ નવેમ્બર, ૨૦૨૫ થી લાગુ પડતા કોન્ટ્રાક્ટ કર્મચારીઓ માટે દર મહિને રૂ.૨૦,૦૦૦ની લઘુત્તમ વેતન ગેરંટી લાગુ કરવામાં આવી છે. આ નિર્ણયથી હજારો કર્મચારીઓને સીધો ફાયદો થયો છે, અને સંસ્થાએ આશરે રૂ.૧૪૦ કરોડનો વધારાનો ખર્ચ કર્યો છે.

ઈફકો ૪૦થી વધુ દેશોમાં સેવાઓ અને ઉત્પાદનો પ્રદાન કરી રહ્યું છે. બ્રાઝિલમાં નેનો ખાતર ઉત્પાદન માટે સંયુક્ત સાહસ સ્થાપિત કરવા માટે પણ કામ ચાલી રહ્યું છે, જે ભારતીય નેનો ટેકનોલોજીને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ આપશે.



# શ્રીમદ રામચંદ્રજીનું જીવન આત્મ કલ્યાણના માર્ગે આગળ વધવાની જીવંત પ્રેરણા

## પરમકૃપાળુદેવ પરમ પ્રયાણ પર્વનો પ્રારંભઃ શાસ્ત્રી મેદાન ખાતે ચાર દિવસ અધ્યાત્મિક મહોત્સવઃ મુખ્યમંત્રી-નાયબ મુખ્યમયત્રી હાજરી આપશે





**અબતક, રાજકોટ**

અધ્યાત્મમૂર્તિ શ્રીમદ રાજચંદ્રજીના ૧૨૫માં સમાધિદિનની ઉજવણી અંતર્ગત રાજકોટમાં શાસ્ત્રીમેદાન ખાતે આયોજીત પરમકૃપાળુદેવ પરમ પ્રયાણ પર્વનો શનિવારથી પ્રારંભ થયોહતો. પ્રથમ દિવસે રાજકોટ સહિત રાજયભરમાંથી ભાવિકો હાજર રહ્યા હતા ૭ એપ્રીલે આ પર્વની પૂર્ણાહુતિ થશે

કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હાજરી આપશે.કાર્યક્રમમાં પ્રારંભે નલિનભાઈ, સુધાબેન દ્વારા પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યુંહતુ. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, શ્રીમદ રાજચંદ્રજીનું જીવન માત્ર ઈતિહાસ નથી પરંતુ આજે પણ આત્મકલ્યાણના માર્ગે આગળ વધવા માટેની જીવંત પ્રેરણા છે.

મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક એવા પરમકૃપાળુદેવ શ્રી મદ રાજચંદ્રજીએ વિક્રમ સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમે રાજકોટની ભૂમિ પર સમાધિસ્થપણે મહાપ્રયાણ કર્યું હતુ. પવિત્ર સમાધીદીનને આ વર્ષે ૧૨૫ વર્ષ પૂર્ણ થતા શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ દ્વારા પરમકૃપાળુદેવ પરમ પ્રયાણ પર્વનો શનિવારે ભવ્ય પ્રારંભ થયોહતો. જે અંતર્ગત સવારે પ્રવચન કાર્યક્રમ બાદ સાંજે ૭.૩૦ કલાકથી ૯.૩૦ કલાક સુધી રાજસોભાગ આશ્રમ, સાયલાના મુમુક્ષો દ્વારા પરમકૃપાળુદેવની અલૌકિક દશા પર આધારિત નાટયપ્રયોગનું આયોજન કરાયું છે. પ્રેરણાદાયી પ્રવચનમાં સંત લાખો લોકોને અધ્યાત્મ માર્ગે પ્રેરણા જણાવ્યું હતુ કે, આજે પણ વિશ્વભરમાં પરમકૃપાળુ દેવ શ્રીમદ રાજચંદ્રજીને અનુસરતી અનેક સંસ્થા મંદિરો દ્વારા તેમનો બોધ મુમુક્ષુઓને માર્ગ બતાવી રહ્યો છે. આ સંસ્થાના અગ્રણી આપી રહ્યા છે.૧૨૫ વર્ષ પૂર્વે જવલંત પરમકૃપાળુદેવ શ્રીમદ રાજચંદ્રજી સ્વંય તો ઉચ્ચ ગતિ પામ્યા જ, પરંતુ અનોકાનેક ભાવિકજનોની સાધનાને ઉર્દવ દિશા ચિંધતા ગયા આ પર્વ તેમની અલૌકિક આત્મદશાનું સ્મરણ કરીને અંતમુર્ખ થવાનો અને આત્મજાગૃતિનો દિવ્ય અવસર બની રહેશે.આવતીકાલે કાર્યક્રમના બીજા દિવસે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાકે પુજય ગુરૂદેવ રાકેશજી અને પુજયબેન રત્ના પ્રભુ દ્વારા પ્રેરણાદાયી પ્રવચનો અપાશે જયારે સાંજે ૭.૩૦ થી ૯.૩૦ સુધી હાર્દિક દવે ભાવમય કિર્તન રજુ કરશે.સોમવારે સવારે ૭ થી ૯.૩૦ કલાકે શોભાયાત્રા અને શ્રીમદ રાજચંદ્ર સમાધિ મંદિરમાં પ્રતિષ્ઠા યોજાશે. મંગળવારે બપોરે ૨ થી ૩ સુધી ભકિત અને મહાઆરતી યોજાશે.

આ અવસરમાં શ્રીમદ રાજચંદ્રજીના મહિમા, ભકિત અને ગુણસંકિર્તનના દિવ્ય સંગમમાં હાજર રહેવા ભાવિકોને અનુરોધ કરાયો છે.




### સોરઠના પ્રગતિશીલ ખેડૂતની કમાલ.....

# ઉનાના કણકબરડાના ખેડૂએ આઠ પ્રકારની કેરી આપતા આંબાનો કર્યો ઉછેર


## ૨૧ વીઘાના આંબાવાડીઆમાં ૨૬૦ આંબાનો ઉછેર કરી ખેડૂત શક્તિસિંહ દ્વારા રાજાપુરી, દ્રાક્ષીઓ, દશેરી, બાટલી કેરી, ધોળીયો, હાફૂસ, તોતા પાયરી, દેશી કેરીના આંબા ઉછેરી દેશ વિદેશના કેરી રસિયાઓના મન મોહી લીધા

### ■ દ્રાક્ષયો કેરી




જે આંબાની કલમ પર દ્રાક્ષ ની જેમ લુમેજુમે થાય છે અને મીઠી પણ ખુબ હોય છે. આ કેરી સંપૂર્ણપણે દ્રાક્ષ જેવી લાગે છે અને તેની છાલ ઘણી પાતળી હોય છે.તેને વિદેશી કેરીની જાતિ કહેવામાં આવે છે.

### ■ દાણેદાર કેરી



દાણેદાર કેરી ઉના પંથકમાં ક્યાંય જોવા મળતી નથી આ કેરીનું નામ ખેડૂતને પણ ખ્યાલ નથી જોકે એ ખેડૂતે ૭વર્ષ પહેલા આ કેરીની કલમ વાવી હતી ગત સાલ તેમાં કેરી આવી હતી જેમાંથી થી ૧૫ કિલો કેરી ઉતારી હતી જે મને ૧૦ કિલો માર્કેટમાં મોકલાવી હતી અને પાંચ કિલો ઘેરે ખાવા રખાઈ હતી જો કે માર્કેટમાં પણ આ કેરીનો સારો ભાવ આવ્યો હતો અને ખાવામાં એકદમ મીઠાશ વાળી અને ગુણવત્તાવાળી આ કેરી પાકી જાય પછી તેને જોતા જ એક નજરમાં કેરી ગમી જાય છે એકદમ પીળી અને દાણેદાર થઈ જાય છે

### ■ હાફૂસ



હાફૂસ કેરીના ઝાડ પણ સોરઠ પંથકમાં ઓછી માત્રામાં જોવા મળે છે અને આ જૂન મહિનાના હેન્ડિંગમાં પાક ઉપર આવે છે અને તેને પણ જમીન અનુકૂળ ન આવવાના કારણે તે પણ મીઠાશ આવતી નથી આ કેરીનો પણ ગૃહિણીઓ દ્વારા ભરાવદાર અને મોટી હોવાના કારણે ગૃહિણીઓ દ્વારા અથાણામાં ઉપયોગ કરે છે આ કેરીનો પણ માર્કેટમાં ઓછો ભાવ હોવાના કારણે ખેડૂતો આ કેરીને અથાણામાં નિકાલ કરી નાખે છે

### ■ દશેરી કેરી



દશેર કેરી તો ઉના પંથકમાં પણ ઓછી જોવા મળે છે આ કેરીની મીઠાશ અને તેનીછાલ સાવ પાતળી હોય છે એટલે તેને કેળાની જેમ છ્લ ઉતારી ને પણ ખાઈ શકાય અને અંદરને ગોટલો પણ સાવ પાતળો હોય છે આ કેરીની મીઠાશ અને સુગંધ એકદમ લોકોને ગમીજાય તેવી હોય છે જોકે દશેરી કેરીમાં કોઈ જાતનું કેમિકલ કે કાર્બન નાખી ને પકવવામાં આવતી નથી તે ઝાડ ઉપર જ વધુ પ્રમાણમાં પાકે છે દશેરીના ઝાડમાં પાંચ પાકેલી કેરી મળે એટલે આખો આંબો ઉતારી અને ઘરમાં ખાલી રાખી દેવાથી પણ આ કેરી પાકી જાય છે આ કેરીનો પણ માર્કેટમાં ભાવના હોવાના કારણે ખેડૂત ખાવા માટે પસંદ કરે છે ભાવ ઓછો મળવાના કારણે ગ્રાહકો પણ આવી કેરીનો સ્વાદ સાખ્યા વગર રહે છે

### ■ દેશી રસ કેરી



દેશી કેરી લગભગ તમામ ખેડૂતના બગીચાઓમાં જોવા મળે છે અમુક દેશી કેરીઓમાં ખટાશ હોય છે અને અમુક મીઠાશ અને સ્વાદવાળી પણ હોય છે દેશી કેરી ખટાશવાળી અને દેશી કેરી મીઠી આ બંનેનો રસ કાઢી અને લોકો ખાટો મીઠો રસ ખાવાનું વધુ પસંદ કરે છે પણ જોકે દેશી કેરીની માર્કેટમાં ભાવના આવવાના કારણે દેશી કેરી પણ માર્કેટમાં બહુ ઓછી જોવા મળે છે જો કે અમુક દેશી કેરીના નામ પણ ખેડૂત દ્વારા રાખવામાં આવેલા છે લાડવ્યો ટીંડોરીઓ સિંદૂરિયો આવા નામથી પણ દેશી કેરી ઓળખાય છે જોકે દેશી કેરી પાકે ત્યારે અંદરથી પીળાશ વાળી નીકળે છે અને અમુક દેશી કેરી કેસર કલરની પણ નીકળે છે તેનો માર્કેટમાં ભાવ ન મળતા ખેડૂતો વેચાણ કરી નાખે છે

## ૨૧ વીઘાના આંબાના બગીચામાં મેં આઠ પ્રકારની વિશિષ્ટ જાતની કેરી વાવી ઉત્પાદન મેળવવામાં સફળતા મેળવી છેઃ શક્તિસિંહ



ઉનાના કણકબરડા ના પ્રગતિશીલ ખેડૂત શક્તિ સિંહ એ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમારું ગામ રાવલ નદીના કાંઠે આવેલું છે અહીં કેસર કેરીની ખેતી થાય છે મારે ૨૧વીઘા માં ૨૬૦ આંબા છે તેમાં મેં આઠ પ્રકારની વિશિષ્ટ જાતની કેરી વાવી છે અને તેનું ઉત્પાદન શરૂ થયું છે મેં બાગાયત ખેતીમાં કંઈક અલગ કરવાનો પ્રયોગ કરી પરંપરાગત કેસર કેરીની સાથે સાથે અલગ સંવર્ધિત કેરી ના ઉત્પાદન માટે કરેલી મહેનત મને ફળી છે મેં દાણેદાર, હાફૂસ, દશેરી, દ્રાક્ષીઓ રાજાપુરી જેવી અલગ અલગ ગુણવત્તા રંગ અને સ્વાદ વાળી કેરી નું ઉત્પાદન શરૂ કર્યું છે મારી કેરી જુનાગઢ રાજકોટ થી લઈ મુંબઈ સુધી જાય છે મને બાગાયત ક્ષેત્રે કંઈક નવું કરવાની પ્રગટ છે એટલે હું પ્રયોગમાં સફળ થયો છે મોટાભાગે ખેડૂતો કેસરનું વાવેતર કરે છે મેં અલગ અલગ આઠ પ્રકારના આંબા વાવ્યા તેનાથી ખેડૂતોને ખયાલ આવે કે અલગ અલગ જાતની કેરીના ઉછેરથી આવક અને ખ્યાતિ વધારો થાય.

**અબતક, ઉના**

ફળોની મહારાણી કેસર કેરી ના પિયર ગીર ગીર સોમનાથ જુનાગઢ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં આંબાનું વાવેતર થાય છે અને કેસર દેશ વિદેશમાં ડંકો વગાડી રહી છે ત્યારે ઉનાના કણકબરડા ગામમાં આંબાવાડી ધરાવતા ખેડૂત શક્તિસિંહ ૨૧ વિઘાના બગીચામાં ૨૬૦ કેસર કેરીના આંબા નું વાવેતર કર્યું છે જેમાં અલગ અલગ સાત પ્રકારની સુધારેલી જાત ના આંબા ઉછેરી શક્તિસિંહ સારી જાળવણી કરી આવક વધારી પરંપરાગત કેસર કેરી ની સાથે સાથે અલગ સ્વાદ રંગ અને સોડિયમ ધરાવતી કેરીઓ નું ઉત્પાદન કરીને એક આગવી ઓળખ ઉભી કરી છે.

અબ તક સાથેની વાતચીતમાં શક્તિસિંહ જણાવ્યું હતું કે ખેડૂતે હવે પરંપરાગત પદ્ધતિથી અલગ વિચાર કેળવીને પોતાના ક્ષેત્રમાં કંઈક અલગ કરવા તૈયાર થવું પડશે અને તેના પરિણામ પણ સારા મળે છે શક્તિસિંહના બગીચામાં અલગ અલગ પ્રકારની સાત કેરી નું ઉત્પાદન થાય છે આ કેરીની કિંમત પણ સારી આવે છે.

### ■ ધોળીયો



કેરીનું નામ છે ધોળીયો જો કે આ કેરી કેસર કરતા પણ મોડી પાકે છે અને કેરી પાક ઉપર આવે એટલે તેમાં મીઠાશ અને કેસરી કલરની અને ભરાવદાર અને સારી ગુણવત્તાવાળી હોય છે આ કેરીની કલમો પણ સામતેર પંથકમાં ઓછી માત્રામાં જોવા મળે છે અને આ કેરી માર્કેટમાં પણ ઓછી જોવા મળતી હોય છે જો કે ધોળિયાની કેરી ખેડૂતો પોતાના ખાવા માટે પણ ઉપયોગમાં લેતા હોય છે અને માર્કેટમાં તેની બજાર ઓછી માત્રામાં આવતી હોય તેના કારણે ઘરે જ ખાવાનું પસંદ કરે છે

### ■ રાજાપુરી કેરી



રાજાપુરી બહુ ઓછી માત્રામાં જોવા મળે છે અને રાજાપુરી નું ગૃહિણીઓ અથાણામાં ઉપયોગ વધુ પડતા કરે છે કારણ કે રાજાપુરી એકદમ મોટી અને ભરાવદાર કેરી હોવાના કારણે તેનું અથાણું બારેમાસ બગાડતું નથી જો કે રાજાપુરી કેરી પકવવામાં આવતી નથી કારણ કે તે પાકે એટલે તેમાં મીઠાશ રહેતી નથી એટલે ખેડૂતો દ્વારા પણ તેનો અથાણામાં જ નિકાલ કરવામાં આવે છે.

### ■ તોતા કેરી



તોતા કેરી કેરી જોકે આ કેરીના ઝાડ પણ ઓછા જોવા મળે છે જોકે આ એકદમ મોટી અને તોતા આકાર ની કેરી થાય છે એટલે તેનું નામ તથા કેરી રાખવામાં આવ્યું છે આ કેરી છઠ્ઠા મહિનાની આસપાસ એટલે કે જૂન મહિનામાં પાક ઉપર આવે છે પણ તેને જમીન ન અનુકૂળતા આવતા અને જમીનમાં વધુ ભેજનું પ્રમાણ હોવાના કારણે સામતેર પંથકમાં તેને મીઠાશ આવતી નથી અને માર્કેટમાં પણ ઓછો ભાવ આવે છે એટલે આ કેરીના ઝાડ પણ સામતેર પંથકમાં ઓછા છે.

# તારા પેટમાં રહેલું બાળક નથી રાખવું : પતિના વેણનું માઠું લાગતા કેરોસીન છાંટી આપઘાતનો પ્રયાસ

## પ્રેમલગ્ન કરનારી પરિણીતાને પતિએ મારકૂટ કરી સતત ત્રાસ આપતો : અધૂરા માસે જન્મેલું બાળક પણ મૃત્યુને ભેટયું

## પતિ સતત ચારિત્ર્ય અંગે શંકા કરતો, પરિણીતાનો મોબાઈલ પાંચ જગ્યાએ કનેકટ રાખતો

પરિણીતાએ ફરિયાદમાં એવો આક્ષેપ કર્યો હતો કે, શંકાશીલ પતિએ પરિણીતાનો ફોન પાંચ અલગ અલગ જગ્યાએ કન્કેટ કરીને રાખ્યો હતો. બાળકોને ફોન કરીને પૂછી તો કે, તારી માતા હાલ ક્યાં છે અને શું કરે છે તે મને વીડિયો કોલ કરીને બતાવ. તેમ કહી શંકા કુશંકા કરતો હતો.

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ચોકમાં રહેતી પરિણીતાએ પતિ દારૂ પી મારકૂટ કરતો હોવાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતા સગર્ભા હતી ત્યારે પતિએ તારા પેટમાં રહેલું મારું બાળક નથી રાખવું કહેતા માઠું લાગતા તેણીએ કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.જેના કારણે અધુરા માસે ડિલિવરી થતા બાળક મૃત્યુ પામ્યું હતું. પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

કૃષ્ણનગર મેઈન રોડ, સ્વામિનારાયણ ચોક, અંબાજી કડવા પ્લોટ, શેરી નંબર ૭/એ, માં રહેતી વૈશાલીબા જાડેજા(ઉં વર્ષ ૪૧)એ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિરેન્દ્રસિંહ ઉર્ફે વિપુલભાઈ જાડેજાનું નામ આપી જણાવ્યું હતું કે, તેમણે ગઈ તા.૧૨/૧૨/૨૦૦૯ ના રોજ મૂળ જામનગરના માછરડા ગામના વતની વિરેન્દ્રસિંહ ઉર્ફે વિપુલભાઈ જાડેજા સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. લગ્નની શરૂઆતથી પતિ દારૂ પીને ઝઘડા કરી પરીણીતાને માર મારતો હતો.

પ્રેગનેન્સીના બીજા મહિનાથી સાસુએ પતિ સાથે વાતચીત બંધ કરી દેતા તેનો ખાર રાખી પતિ પરિણીતાને કહેતો કે, તારી બહેન(સંબંધમાં પરિણીતાની જેઠાણી) મારી માતા સાથે ઝઘડો કરે છે એટલે મારી માતા મારી સાથે વાતચીત કરતી નથી તેમ કહી પરીણીતા પર ગરમ ચા ઢોળી દઈ કહ્યું હતું કે, તારા પેટમાં રહેલું મારું બાળક મારે જોતું નથી કહી ધક્કો મારતા માઠુ લાગી આવ્યું હતું. જે બાબતે પરિણીતાએ કેરોસીન છાંટી આત્મહત્યાનું પ્રયાસ કરતા પતિ અને સાસુએ પરિણીતાને રોકી સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે બાળકને કોઈ નુકસાન થયું ન હોવાનું જણાવ્યું હતું. સતત પતિના ત્રાસના કારણે પરિણીતાને સાતમા માસે ડીલેવરી થઈ જતા બાળક એક કલાક જીવ્યા બાદ મરણ પામ્યું હતું. સાસુ અને જેઠાણી(બહેન)ના વધતાં ઝઘડાના કારણે પતિ અવારનવાર પરિણીતાને માર મારતો હતો. પરિણીતાના સાસુ તાંત્રિક વિધિ જાણતા હોય જેના કારણે પતિ માર મારતો હોવાનો પરિણીતાએ આક્ષેપ કર્યો હતો.

પરિણીતાને ઓરડીમાં એકલી રહેવા મૂકી દેતા માતા આવીને પિયર લઈ ગઈ હતી. જે બાદ પરિણીતા પતિને સાસરે તેડી જવા ફોન કરતી ત્યારે પતિ કહેતો કે તું મારે જોઈતી નથી હું તને તેડવા આવવાનો નથી. જેથી પરિણીતા થોડો સમય ફઈજી સાસુના દીકરીના સાસરિયામાં રહી બાદ પતિ સાથે ભાડે રહેવાનું નક્કી કર્યું હતું.૨૦૧૧ માં દીકરીનો જન્મ થયો ત્યારે સાસુ દેખરેખ માટે આવ્યા હતા. પતિ ત્યારે પણ સાસુની વાત ન માની પરિણીતાને માર મારતો હતો. સસરા ગુજરી જતા સાસુના ઘરની બાજુમાં ભાડે રહેવા ગયા હતા. ૨૦૧૪ માં દીકરાનો જન્મ થયો હતો.જે બાદ પતિનો અકસ્માત થતાં સાસુ સાથે રહેવા જતા રહ્યા હતા. ૨૦૧૬ માં પરિણીતાને પતિને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધ હોવાની જાણ થતા તે અંગે પૂછતા મારે અન્ય કોઈ સ્ત્રી સાથે સંબંધ નથી તેમ જણાવ્યું હતું.

પતિનો ત્રાસ સહન ન થતા પરિણીતાએ ૨૦૧૮ માં ભરણ પોષણ અને ડોમેસ્ટિક વાયોલન્સનો કેસ કર્યો હતો. કેસ ચાલુ હોવા છતાં પતિએ પોતાનો ત્રાસ ચાલુ રાખ્યો હતો. તા.૨૫/૦૮/૨૦૨૩ના રોજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ખાતે બંને પક્ષ વચ્ચે સમાધાન થયું ત્યારે પણ પતિને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધ ચાલુ હતા.

પરિણીતા બ્રહ્માકુમારી પંથમાં યોગ માટે જતી ત્યારે પતિ પરિણીતા પર ચારિત્ર્યની શંકા કરી તેના મિત્ર પૃથ્વીને જાસુસી કરવા મોકલતો હતો. આ અંગેની માહિતી પરિણીતાને પતિના અન્ય મિત્રએ જ આપી હતી.મકાનના લોનની નોટિસ ઘરે આવતા પરિણીતાએ તપાસ કરતા લોનના ઓનર ખોડુભા ગઢવી હોય જેને લોન બાબતે મળવા ગઈ હતી. ત્યાં તેમને ખોડુંભા ગઢવીએ અલગ અલગ ક્રેડિટ કાર્ડની લોનની વિગત આપી જણાવેલ કે તમારા પતિને કહો કે અડધી લોન ભરી દે અડધી લોન માફ કરી દઈશ. ખોડુભાએ પરિણીતાને તેમના વ્યવસાય અંગે પૂછપરછ કરી હતી.ત્યારે પરિણીતાએ તેમના હર્બલ ન્યુટ્રિશિયસનનું કાર્ડ આપ્યું હતું. આશરે દોઢ મહિના બાદ ખોડુભા ગઢવીના માતાને પગમાં દુઃખાવો થતાં દવા આપી હતી અને અવારનવાર તેમના ઘરે રિપોર્ટ માટે જવું પડતું હતું ત્યારે પતિ પરિણીતાને કહેતો કે તું એવા પ્રયત્ન કર કે આપણી પૂરી લોન માફ થઈ જાય અને અપશબ્દ બોલતો હતો. લોન માફ ન થતા મકાન સીલ મારી ગયા હતા.પરિણીતાએ ત્રણ વખત માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. અરજી બાદ પણ ત્રાસ વધી જતા પરિણીતાએ અંતે પતિ વિરૂધ્ધ આ ફરિયાદ નોંધાવી છે.

# રામનગરના કારખાનામાંથી રૂ.૧.૮૦ લાખના એલ્યુમિનિયમ લાદીની ચોરી : મજુર ઝડપાયો

## મજૂરી અર્થે આવેલી બેલડી જ કળા કરી ગઈ’તી : થોરાળા પોલીસે ભીખા બડગુજરને દબોચી સૂરજની શોધખોળ આદરીઝ મુદ્દામાલ રીકવર કરવા તજવીજ

**અબતક, રાજકોટ**

શહેરના ૮૦ ફૂટ રોડ પર રામનગરમાં આવેલ એલ્યુમિનિયમના કારખાનામાંથી રૂ. ૧.૮૦ લાખના એલ્યુમિનિયમ લાદીની ચોરી કરી લેવાઈ હતી. છૂટક મજૂરી અર્થે આવેલી બેલડી જ કળા કરી ગઈ હોય થોરાળા પોલિસેં તાત્કાલિક એક શખ્સને દબોચી મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી હતી. જયારે અન્ય એજ તસ્કરની શોધખોળ યથાવત રાખી હતી. કોઠારીયા રોડ પર નંદા હોલ નજીક સુભાષનગર શેરી નં.-૦૧ માં રહેતા ૪૯ વર્ષીય આધેડ વેપારી જેન્તિભાઈ રવજીભાઈ પોકરે આરોપી તરીકે ભીખાભાઈ અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ૮૦ ફુટ રોડ અજય વે-બ્રિજ પાછળ આવેલ રામનગર શેરી નં ૦૫ ખાતે ઓમ મેટલ તથા ઓમ ઈન્ડ્રસ્ટ્રીઝ નામનુ એલ્યુમીનીયમનુ કારખાનુ છેલ્લા ત્રીસ વર્ષથી ધરાવું છું. જે કારખાનું હું તથા મારા ભાઈનો દિકરો મયુરભાઈ રમેશભાઈ પોકર ચલાવીએ છીએ. તેમજ ભાવનગર એમ.એ.ટ્રેડર્સના માલીક અકરમભાઈ મીરાણી પાસેથી અમે છેલ્લા પંદર વર્ષથી એલ્યુમીનીયમનો કાચો માલ મંગાવીએ છીએ.

ગઈ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ એમ.એ.ટ્રેડર્સના માલીક અકરમભાઈ મિરાણી પાસેથી એલ્યુમિનીયમનો કાચો માલ ૫૧૬૦ કિ.ગ્રા. મંગાવેલ હતો. જેથી રાતના સવા નવ વાગ્યાના અરસામાં માલ આવતા મજુરો દ્વારા માલ ઉતારી લેવામાં આવેલ હતો. બાદ બીજા દિવસે અમારા ઘરે પ્રસંગ હોય જેથી કારખાને ગયેલ ન હતા પરંતુ એલ્યુમીનીયમનો કાચો માલ આવી ગયો હોય જેથી અમારા જાણીતા માણસ ભીખાભાઈને તેના મોબાઈલ નં.૬૩૫૧૦૧૧૮૯૯ પર ફોન કરી બીજા દિવસથી કામ પર આવી જવા જણાવ્યું હતું. જેથી તા.૧૬/૦૩/૨૦૨૨૬ ના રોજ ભીખાભાઈ તથા અન્ય એક શખ્સ સવારના આઠ વાગ્યે કામ માટે આવેલ હતા. દરમિયાન મારા મોટાભાઈ રમેશભાઈના મોબાઈલ પર અકરમભાઈનો ફોન આવેલ કે, તમને જે કાચો માલ મોકલાવેલ છે તેની સાથે અન્ય ટીન(એલ્યુમીનીયમ)ની લાદીના પાંચ બાંચકા જેનો વજન ૨૫૦ કિ.ગ્રા. થાય છે તે પણ આવી ગયેલ છે, તો તે માલ અમને પરત મોકલાવી આપજો. જેથી અમે કારખાનામાં ચેક કરતા ટીન(એલ્યુમીનીયમ)ની લાદીના પાંચ બાચકા મળી આવ્યા હતા. જેથી ભીખાભાઈને ટીન (એલ્યુમીનીયમ) ની લાદીના પાંચ બાચકા અલગ રાખજો, પાર્ટીને પરત મોકલાવવાના છે તેમ જણાવી અમે અમારા કામમાં લાગી ગયેલ હતા. બાદ ભીખાભાઈ અને તેની સાથે આવેલ અન્ય શખ્સ સાંજના પાંચ વાગ્યા સુધી કામ કરી જતા રહેલ હતા.

બીજા દિવસે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ પણ ભીખાભાઈ અને અજાણ્યો શખ્સ કામ પર આવેલ હતા અને તે દિવસે અન્ય માલ પરત મોકલવાનો હોય જેથી રીક્ષામા ટીન(એલ્યુમીનીયમ)ની લાદીના બાચકા ભરતા ચાર જ બાચકા મળી આવ્યા હતા. જેથી ભીખાભાઈને અન્ય બાચકા બાબતે પુછતા તેમણે જણાવેલ કે ટીન(એલ્યુમીનીયમ)ની લાદીનુ બાચકુ ભઠ્ઠીમા ઓગાળી નાખેલ છે, જેથી અમે ચાર બાચકા પરત મોકલેલ હતા. બાદ અકરમભાઈ સાથે વાત કરી તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ કરેલ તમામ કામનુ તૈયાર કાસ્ટીંગ પણ મોકલેલ હતુ. ત્યારબાદ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ભીખાભાઈનો મારા મોટાભાઈ રમેશભાઈને ફોન આવેલ કે, મારા મમ્મી બિમાર છે, જેથી આજે કામ પર નહી આવુ તેમ જણાવ્યું હતું. બાદ તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ સવારના આશરે પાંચ વાગ્યે રમેશભાઈને અકરમભાઈનો ફોન આવેલ કે, તમે મોકલેલ તૈયાર માલ ચેક કરતા તેમાં ટીન(એલ્યુમીનીયમ)ની લાદીનો કોઈ ભાગ મળી આવેલ નથી એટલે ટીન(એલ્યુમીનીયમ)ની લાદી કાસ્ટિંગમાં ઓગાળેલ નથી તેવી અમને જાણ થઈ હતી. જેથી ભીખાભાઈ અને અજાણ્યા શખ્સેં તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ટીનનો ભાગ ચોરી લીધાની જાણ થઈ હતી. જેથી ભીખાભાઈને આ બાબતે પૂછવા અર્થે ફોન કરીને રુબરુ બોલાવતા તેણે બે-ત્રણ દિવસમાં આવી જવાનું કહ્યું હતું પણ ત્યારબાદ તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

જેથી આધેડ કારખાનેદારે રૂ.૧.૨૮ લાખની કિંમતનો ૩૨ કિલો ટીન(એલ્યુમીનીયમ)ની લાદી ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા થોરાળા પોલિસ મથકના પીઆઈ એસ પી સોઢાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન આર ડોબરીયાની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન પોલિસેં બાતમીના આધારે ચોરીને અંજામ આપનાર ભીખાભાઈ રાજારામ બડગુજર (હાલ રહે. મવડી, રાજકોટ મૂળ રહે. મહારાષ્ટ્ર)ને દબોચી મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી હતી. જયારે ચોરીમાં મદદગારી કરનાર સુરજ નામના શખ્સની શોધખોળ યથાવત રાખી હતી. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ શખ્સ અવાર નવાર અહીં કારખાને છૂટક મજૂરી કરવા આવતો હોય જેથી તેને એલ્યુમિનિયમ લાદી કિંમતી ધાતુ હોવાની જાણ હોય ચોરીને અંજામ આપ્યો હતો.

# કાલાવડ રોડની બાંધકામ સાઈટ પરથી રૂ.૪૦ હજારના કેબલની ચોરી : મહિલા તસ્કર ઝબ્બે

## ભંગાર વીણવા નીકળેલી ચુનારાવાડની મહિલા ખુલ્લા કમ્પાઉન્ડમાંથી કેબલના ૧૦ બંડલ ઉઠાવી ગઈ’તી, તમામ મુદ્દામાલ રિકવર : ગાંધીગ્રામ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર બાંધકામની સાઈટ પરથી રૂ. ૪૦ ની કિંમતના કોપર કેબલની ચોરીનો બનાવ સામે આવ્યો હતો. બાંધકામ સાઈટ પર ખુલ્લા કમ્પાઉન્ડમાંથી ઈલેક્ટ્રિક કોપર કેબલના ૧૦ બંડલની ચોરી મામલે ગાંધીગ્રામ પોલિસની ટીમે મહિલા તસ્કરને દબોચી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

રામાપીર ચોકડી નજીક શાંતિનિકેતન પાર્ક-૨ માં રહેતા ૨૩ વર્ષીય યુવાન કેવીનભાઈ અજયભાઈ વીંછીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું રીગવેદ પી.એમ.સી. કંપની જે સુરત ખાતે આવેલ છે તે કંપનીમાં એન્જીન્યર તરીકે દોઢ મહીનાથી ફરજ બજાવુ છુ. અમારી કંપનીનુ કામ અલગ અલગ શહેરમાં નવા બનતા શો-રૂમના બાંધકામનુ સુપરવિઝન તેમજ જરૂરી તમામ સામગ્રી પુરી પાડવાનુ હોય છે.



યુવાને જણાવ્યું હતું કે, હાલમાં અમારી કંપનીનુ કામ કાલાવડ રોડ પર સ્ટાન્ડર્ટ ચાર્ટર બેંક ટી-પો.સ્ટવાળી શેરી ખાતે આવેલ ‘‘કલા મંદિર‘‘ નામના જવેલર્સનુ નવુ બાંધકામ અમારી કંપનીની દેખરેખ હેઠળ ચાલતુ હતુ. જવેલર્સના ઈલેકટ્રીક કામ માટે અમે ૧૦ ઈલેકટ્રીક કેબલ કોપરના બંડલ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ મંગાવેલ હતા. જે ઈલેકટ્રીક કામ માટે શો-રૂમ બહાર ખુલ્લા કંપાઉન્ડમાં રાખેલ હતા. બાદ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના આશરે બે વાગ્યા આસપાસ અમારે ઈલેકટ્રીક કામ કરવું હોય જેથી આ ઈલેકટ્રીક વાયરના કેલબ લેવા અમારા ઈલેકટ્રીશયન ચંદનભાઈ જતા કેબલ મળી આવેલ ન હતા. જેથી તેમણે અમને બધાને જાણ કરતા બધે તપાસ કરવા છતાં ઈલેક્ટ્રિક વાયરના બંડલ મળી નહિ આવતા ગાંધીગ્રામ પોલિસ મથકે રૂ. ૪૦ હજારની કિંમતના ઈલેક્ટ્રિક કેબલની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. જે બનાવનો ભેદ ઉકેલવા ગાંધીગ્રામ પોલિસ મથકના પીઆઈ એચ પી ગઢવીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી ડી રાવલિયાની ટીમે ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવીને મળેલી બાતમીના આધારે ચોરી કરી જનાર મહિલા તસ્કર લક્ષ્મીબેન વિજયભાઈ સોલંકી (રહે. ચુનારાવાડ, ભાવનગર રોડ, રાજકોટ)ની ધરપકડ કરી ચોરીમાં ગયેલો તમામ મુદ્દામાલ રિકવર કરાયો હતો. મહિલા તસ્કર ભંગાર વીણવા નીકળી હોય દરમિયાન ઈલેક્ટ્રિક વાયરના બંડલ ધ્યાને આવી જતાં તેણી ઉઠાવી ગઈ હતી તેવી કબૂલાત આપી હતી.

# સેલ્ફ ડ્રાયવમાં કાર ભાડેથી મેળવી બારોબાર વેંચી મારતો શખ્સ પાસાના પાંજરે પુરાયો

## આમિર વોરાને જામનગર જિલ્લા જેલમાં ધકેલી દેવાયો : ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

સેલ્ફ ડ્રાયવમાં ભાડેથી કાર મેળવી બારોબાર વેંચી મારવા સહિતના સાત ગુનામાં પોલિસ ચોપડે ચડી ચૂકેલા શખ્સને આમિર વોરાને ક્રાઈમ બ્રાન્ચે પાસાના પાંજરે પુરી જામનગર જેલમાં ધકેલી દીધો હતો.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલિસ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા આગામી તા. ૨૬ ૦૪ ૨૦૨૬ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાનાર હોય જે ચૂંટણી શાંતિમય માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રીઢા ગુનેગારો વિરુદ્ધ અસરકારક અટકાયતી પગલા લેવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજકોટ, અમદાવાદ, વડોદરા, ખેડા અને આણંદમાં છેતરપિંડી અને સાપરાધ મનુષ્યવધ સહિતના સાત ગુનામાં અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂકેલા શખ્સ આમિર અસ્લમભાઈ વોરા (ઉવ ૩૨ રહે. સોજીત્રા શ્રીમાળી પોળ સોસાયટી મકાન નં -૧૦-એ, સોજીત્રા,આણંદ)ની પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજૂર કરવામાં આવતા આમિર વોરાને પકડી વોરંટની બજવણી કરી જામનગર જિલ્લા જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો.આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઇ એસ વી ચુડાસમા, એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, યશવંતભાઈ ભગત, હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈ ઘોઘારી, કોન્સ્ટેબલ સંજયભાઈ અલગોતર, અરવિંદભાઈ ફતેપરા,મહાવીરસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# મવડીના આકાશદીપ સોસાયટીમાં મહિલાનો આપઘાત

## પુત્ર કામ પરથી ઘરે પરત ફરતા માતા લટકેલી હાલતમાં જોવા મળી, કારણ અકબંધ

**અબતક રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલી ન્યુ આકાશદીપ સોસાયટીમાં મહિલાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મવડી વિસ્તારમાં ન્યુ આકાશદીપ સોસાયટી શેરી નં. ૫ માં રહેતા મીનાબેન ઉર્ફે મુકતાબેન કેશુભાઈ હરણેશા (ઉ.વ. ૫૪) એ ગઈકાલે સાંજે આશરે ૭:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. દીકરો કામથી આવતા દરવાજો ન ખોટમાં દરવાજો તોડતા તેની માતા લટકેલી હાલતમાં જોવા મળી હતી, જેને લઈ તાત્કાલિક પરિવારના સભ્યોને મીનાબેનને નીચે ઉતારી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ૧૦૮ ના ઈએમટી પૂનમબેન પુરોહિતે તપાસ બાદ મીનાબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરાતા એએસઆઈ ડી.સી. જોષી સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, મૃતક મીનાબેનના પતિ ફર્નિચર મિસ્ત્રીનું કામ કરે છે. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. હસતા-રમતા પરિવારમાં મહિલાએ કયા કારણોસર આ અંતિમ ડગલું ભર્યું તે અંગે પરિવારજનો પણ અજાણ હોવાનું જણાવી રહ્યા છે. પોલીસે હાલ આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાતનું સચોટ કારણ જાણવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લક્ષ્મીના ઢોળે રાત્રિના સમયે ઘરમાં ઘુસી ૬૮ વર્ષીય વૃદ્ધા પર ધારદાર હથિયાર વડે હુમલો

## નજીકમાં જ રહેતા પરિચિત શખ્સની શોધખોળઃ વૃદ્ધા પર હુમલાનું કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળા વિસ્તારમાં રાત્રિના સમયે ઘરમાં ઘુસી પરિચિત શખ્સેં ૬૮ વર્ષીય વૃદ્ધા પર ધારદાર હથિયાર વડે હુમલો કર્યો હતો. નિંદ્રાધીન વૃદ્ધા પર હુમલો કરનાર આરોપી બાદમાં દિવાલ કૂદીને નાસી ગયો હતો. જે મામલે યુની. પોલિસેં ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હુમલો કરવા પાછળનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. બનાવ મામલે કાલાવડ રોડ પર લક્ષ્મીનો ઢોળે રહેતા ૬૮ વર્ષીય વૃદ્ધા મિનાબેન સાગરભાઈ ગોહિલે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રશાંત રમેશભાઈ મકવાણાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરીવારમા મારો દિકરો હિતેષ, તેની પત્ની પુજા, બે દિકરા છે. પુત્ર હિતેષ હેલ્થ ડિપાર્ટમેન્ટમાં સુપરવાઈઝર તરીકે સરકારી નોકરી કરે છે. મારા પતિ સાગરભાઈ કાનજીભાઈ વર્ષ ૨૦૧૬ મા મરણ ગયેલ છે.

વૃદ્ધાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રાત્રીના સાડા અગિયાર વાગ્યાની આસપાસ હું મારાં ઘરની ઓસરીમાં સેટી પર મચ્છરદાની લગાવી સુવા ગયેલ હતી. જયારે પુત્ર-પુત્રવધુ અને તેમના સંતાનો અંદરના રૂમમાં સુવા ગયેલ હતા. બાદ મને ઉંઘ આવી ગયેલ હતા. દરમિયાન મારી સેટી પાસે કોઈકે મચ્છરદાની ખેંચતા મારી આંખો ખુલ્લી ગઈ હતી. દરમિયાન કોઈકે મને છરી જેવા હથીયારથી ડાબા હાથના હથેળીના ભાગે, ડાબા હાથના પોંચાના ભાગે ઘા ઝીંકી દીધો હતો. ઉપરાંત જમણા ખંભા પર, પેટના ભાગે તથા ડાબા આંખના ખુણાના ભાગે છરી જેવા હથીયારથી છરકા મારી દીધેલ હતા. હુમલાને પગલે હું રાડારાડી કરવા લાગી હતી અને સેટી પરથી નીચે ઉતરતા હુમલો કરનાર શખ્સ અમારા સમાજના રમેશભાઈનો દિકરો પ્રશાંત હોવાનું ધ્યાને આવ્યું હતું. દરમિયાન મારો પુત્ર અને પુત્રવધુ બહાર આવી ગયા હતા. બાદ પુત્ર હિતેશ પ્રશાંતને પકડવા જતાં તે અમારા તરફ છરી જેવુ હથિયાર ફેરવવા લાગ્યો હતો. બાદમાં પ્રશાંત અમારા ફળિયાની દિવાલ ઠેકી નાસી ગયેલ હતો. ત્યારબાદ અમે ઘરની ડેલી ખોલીને શેરીમા જોયુ તો સ્થાનિકો એકત્રિત થઈ ગયેલ હતા. જેથી પાડોશી ભરતભાઈ સોમાભાઈ રાઠોડને આ બાબતે પુછતા તેમણે જણાવેલ કે, તમારા ઘરે રાડો પાડવાનો અવાજ આવતા અમે ઘરની બહાર આવેલ હતા ત્યારે તમારા ઘરની દિવાલ પરથી કુદીને રમેશભાઈનો દિકરો પ્રશાંત ભાગતો ભાગતો શેરીમાંથી બહાર રોડ તરફ ગયેલ હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધાને લોહી નીકળતું હોય પુત્ર મોટરસાયકલમાં બેસાડી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતો. ત્યારબાદ વૃદ્ધાએ મામલામાં ફરિયાદ નોંધાવી હતી. જેથી યુની. પોલિસની ટીમે ફરીયાદી વૃદ્ધાની ઘર નજીક જ રહેતા આરોપીની શોધખોળ શરૂ કરી રાત્રિના સમયે ઘરમાં ઘુસી વૃદ્ધા પર હુમલો કરવા પાછળનું કારણ ચોરી કે અન્ય કંઈ તે જાણવા તજવીજ હાથ ધરી છે.

# સોરઠીયાવાડી નજીક કારખાનામાં દારૂ-સટ્ટાની મહેફિલ પર પીસીબી ત્રાટકી : ત્રણ પકડાયા

## મારૂતિ એન્ટરપ્રાઈઝમાં કારખાનેદારે દારૂ પાર્ટી અને પંટરોને બેસવાની વ્યવસ્થા કરી’તી : બુકી મહાદેવનું નામ ખુલ્યું

**અબતક, રાજકોટ**

સોરઠીયાવાડી સર્કલ પાસે આવેલ મારુતિ એન્ટરપ્રાઈઝ કારખાનામાં દારૂની મહેફિલ સાથે ચાલતા ક્રિકેટ સટ્ટાના જુગારમાં પીસીબીની ટીમે દરોડો પાડી કારખાનેદાર સહિત ત્રણ શખ્સોને જુગાર રમવાની સાથે પીધેલી હાલતમાં પકડી અલગ અલગ ગુના નોંધી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં અલગ અલગ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ મયુરભાઈ પાલરીયા અને કોસ્ટેબલ નગીનભાઈ ડાંગરને સોરઠીયા વાડી સર્કલ પટેલ નગર શેરી નં.૫ માં આવેલ મારુતિ એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં કેટલાક શખ્સો ક્રિકેટ મેચ પર જુગાર રમી રહ્યાં છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે પીસીબીની ટીમે મારુતિ એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં દરોડો પાડ્યો હતો. પીસીબીની ટીમે ત્યાં હાજર શખ્સોના નામ પૂછતાં એક શખ્સે પોતાનું નામ નામ નારાયણ ઉર્ફે નારૂ બિપિન દક્ષિણી (ઉ.વ.૩૦),(રહે. ઋષિકેશ એપાર્ટમેન્ટ જયરાજ પ્લોટ પેલેસ રોડ) અને સાથેના શખ્સે ધવલ જેરામ ઘીયાડ (રહે. ન્યુ કેદારનાથ સોસાયટી શેરી નં. ૬ કોઠારીયા મેઈન રોડ) હોવાનું જણાવ્યું હતું. બંને શખ્સો પાસે રહેલ મોબાઈલ ચેક કરતાં તેમાં ઓલ પેનલ નામની આઈડીમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ પર જુગાર રમતાં હોવાનું ખુલ્યું હતું. તેમજ બંનેને આઈડી મહાદેવ નામના શખ્સે ફોરવર્ડ કર્યાની કબૂલાત આપી હતી.દરોડા દરમિયાન દારૂની મહેફિલ પણ ચાલતી હોય તેમ પકડાયેલ નારાયણ ઉર્ફે નારૂ અને કરખાનાનો સંચાલક જીગર રાજેશ સુતરિયા પીધેલી હાલતમાં હોવાનું ખુલતાં પ્રોહીબિશન એકટ હેઠળ અલગથી ગુનો નોંધી ત્રણેય શખ્સોની ધરપકડ કરી હતી.

## પ્રાઈડ સેફાયર બિલ્ડીંગ નીચે જુગાર રમતો રૈયાનો નિલ વાકાણી ઝડપાયો

માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલ કે.જી.ઝાલા અને કોન્સ્ટેબલ જયદીપસિંહ ભટ્ટીને મળેલ ચોક્કસ બાતમીના આધારે પંડિત દિન દયાલ મેન રોડ પર આવેલ પ્રાઈડ સેફાયર નામની બિલ્ડીંગ નીચેથી આઈપીએલ સિરીઝની મેચ પર ક્રિકેટ સટ્ટો રમતા નીલ કિરીટ વાકાણી (૨૩),(રહે .શ્રીજી હાઈટ્સ ડ્રીમ ફિટનેસ જીમની બાજુમાં રૈયા મેન રોડ) ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. પકડાયેલ શખ્સના મોબાઈલમાં ચેક કરતાં તાજ ૭૭૭ નામની વેબસાઈટ પર વિવ૮૫૫ નામની આઈડી પર જુગાર રમતો હોવાનું ખુલતાં બુકી અંગે તપાસ આદરી હતી.

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **મંજુલાબેન નટવરલાલ માકડિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **મંજુલાગૌરી નટવરલાલ માકડિયા** થી બદલીને **મંજુલાબેન નટવરલાલ માકડિયા** કરવામાં આવ્યું છે. હવેથી હું **મંજુલાબેન નટવરલાલ માકડિયા** તરીકે ઓળખાઈશ.

**સરનામું:મંજુલાબેન નટવરલાલ માકડિયા શ્રી નટવર,22/એ,વિદ્યાનગર સોસાયટી-2, નાના મવા રોડ,રાજકોટ,360001**

તંત્રી લેખ

# કલ્પસર યોજના ગુજરાતને નંદનવન બનાવવા સમર્થ

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા મક્કમ ડગલે આગળ વધી રહ્યું છે, દેશના વિકાસ અને આર્થિક સમૃદ્ધિમાં ગુજરાતનું મહત્વ જુના જમાનાથી રહ્યું છે ત્યારે ગુજરાતમાં ઔદ્યોગિક અને કૃષિ વિકાસ આવશ્યક બન્યું છે તેવી સ્થિતિમાં સરકાર એવી દરેક યોજનાઓ ને અગ્રતા આપી રહી છે જેમાં ગુજરાતનુંસર્વાંગી હીત સમાયેલું હોય, ગુજરાતના વિકાસ માટે પીવાના પાણી ની જેમ કૃષિ અને ઉદ્યોગો માટે પાણીની ખાસ આવશ્યકતા છે, ત્યારે ગુજરાતના જળસંકટ કાયમી ધોરણે ઉકેલવા માટે સૌથી મહત્વકાંક્ષી કલ્પસર પ્રોજેક્ટ જલ્દીથી પૂરું કરવા સરકાર પ્રતિબધ બની છે, કલ્પસર યોજના એટલે ગુજરાત માટે ખરેખર કલ્પવૃક્ષ બની રહેશે તે ખંભાતના અખાત માં ઘોઘા ''ભાવનગર'' અને દહેજ ''ભરૂચ'' વચ્ચે આશરે૩૦કિમી લાંબો ડેમ બાંધીને વિશાળ મીઠા પાણીનું સરોવર બનાવવાની યોજના છે. આમાં નર્મદા, મહી, સાબરમતી, ઢાંઢર વગેરે નદીઓનું વહેતું મીઠું પાણી સંગ્રહિત કરવામાં આવશે.

આ યોજના હજુ પૂર્ણ થઈ નથી ૨૦૨૬સુધી મુખ્યત્વે અભ્યાસ અને ભાડાભૂત બેરેજ જેવા ઘટકો પર કામ ચાલુ છે આ યોજના પૂર્ણ થાય તો ગુજરાત અનેખાસ કરીને સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતને અનેક ફાયદા થશે.

કલ્પસર યોજનાથીઆશરે ૧૦લાખ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે, જેમાં૬૦થી વધુ હયાત ડેમ, ચેકડેમ અને નહેરોને કાયમી રીતે પાણીથી ભરવા માં આવશે અને નદીઓ સજીવન થશે ખેતીનો વિસ્તાર વધશે પેયજળ,સિચાઈ પાણી અને ઓદ્યોગિક પાણીની વ્યવસ્થા થશે અને સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના છેવાડાના વિસ્તારમાં આખું વર્ષ પાણીની ખેચ નહીં પડે ,પાણીની સાથે કલ્પસર પરિવહન માટે પણ ઉપયોગી થશે ડેમની ઉપરના રોડ અને રેલ્વે થી ભાવનગર સુરત વચ્ચે અંતર ૨૪૦કિમી થી ઘટીને માત્ર૬૦ કિલોમીટર જેટલું જ રહેશે

# પુજા હોબી સેન્ટરના વાર્ષિકોત્સવમાં ભૂલકાઓએ કલાના કામણ પાથર્યા

## ૨ થી ૧૪ વર્ષના ૩૦૦ બાળકોએ જુદી-જુદી ૧૭ કૃત્તિઓ રજુ કરીને દર્શકોને કર્યા મંત્રમુગ્ધ





**અબતક, રાજકોટ**

પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ પર પુજા હોબી સેન્ટર અને પોદાર પ્રેપ અક્ષરમાર્ગનો ૩૫મો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે રાજકોટના મહાનુભાવો - આમંત્રિતો તથા વડીલોની હાજરીમાં સંપન્ન કર્યો.

આરતીથી શરૂ કરી મોડેલિંગ, ફેન્સી ડ્રેસ જેમાં સેવ ધ ટ્રી, કહદુ તુમ્હેં, મિતવા, સ્પોર્ટસ થીમ, એક્રોબેટીક્સ, સ્કેટિંગ, વંદે માતરમ્, મોબાઈલ થીમ, તાળી યોગા, થેન્ક્યુ ટીચર, ગોવિંદા રિમિક્સ, પાપા કી પરી તથા દ્વારિકાનો નાથ જેવી ૧૭ કૃતિઓ ૨ થી ૧૪ વર્ષના ૩૦૦થી વધારે બાળકો દ્વારા સ્ટેજ પર રજૂ કરી તમામ પરફોમન્સને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી પ્રોત્સાહનમાં વધારો કર્યો.

મોડેલીંગ અને ફેન્સી ડ્રેસમાં બાળકોએ જંકફૂડ-હેલ્થી ફૂડ-સોલાર સીસ્ટમ-અર્જુન-પોલીસ-વરાહ ભગવાન-હનુમાન-કાનુડો-મહારાણા પ્રતાપ-શંકર ભગવાન-એડવોકેટ-સોલ્જર વિવિધ વેશભૂષા કરી પ્રેક્ષકોના દિલને જીતી લીધા હતા.

દાદા-પપ્પા-મમ્મી-ટીચર્સ તથા બેસ્ટ સ્ટુડન્ટનું ટ્રોફી - મેડલ અને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પધારેલા આમંત્રિતોમાં પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ કેબીનેટ મિનિટસ્ટ જવાહભાઈ ચાવડા, ડો.હેમાંગભાઈ વસાવડા, ઉમેશભાઈ શેઠ, હર્ષદભાઈ રૂપારેલીયા, જીમ્મીભાઈ અડવાણી, અશોકભાઈ ગાંધી, રાજેશભાઈ ગાંધી, રમાબેન હેરભા, જસુમતીબેન વસાણી, છાયાબેન દવે, પ્રવિણભાઈ રાઠોડ, ચાંગેલાભાઈ, ખાટભાઈ, પ્રદિપભાઈ, વાછાણીભાઈ, હર્ષલભાઈ માંકડ, કિરણભાઈ બાટવીયા, પલ્લવીબેન ગોહિલએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્કેટીંગ ડાન્સ - જીમ્નાસ્ટીક - હુલ્લા હુપ - યોગા તથા ડાન્સની ઈન્ટરનેશનલ લેવલની કૃતિઓ રજૂ દંગ કરી દીધા હતા.


આ તબક્કે વાલીઓ તથા પ્રેક્ષકોએ પણ દરેક કૃતિમાં તાળીઓથી સહયોગ આપ્યો હતો. રામ આયેંગે તથા દ્વારીકાનો નાથની કૃતિમાં અલૌકિક વાતાવરણ ઉભું થયું હતું.

પુજા હોબી સેન્ટર તથા પોદાર પ્રેપના તમામ કમીટી મેમ્બર્સ સોનલદીદી, કિંજલદીદી, કાજલદીદી, મહેકદીદી, હાર્દીદીદી, મીનાદીદી, કિંજલદીદી, નમ્રતાદીદી, હસ્તિદીદી, હિનાદીદી, ભાવનાદીદી, બિનિતાદીદી, અલ્પાદીદી, તુલસીદીદી, આસ્થાદીદી, સીમરનદીદી, યશસર, અવેશસર, મીત સર, દીપુદીદી, ડો.પુજા રાઠોડ તથા પુષ્પાબેન રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કલરફૂલ ડ્રેસીંગ - આકર્ષક પ્રોપ તથા સુંદર સ્ટેજ ડેકોરેશનથી પ્રેક્ષકગણ ખુશ થઈ ગયા હતા.

પ્રોગ્રામનું એન્કરીંગ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના મેનેજર અભિષેક શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપરોકત તસ્વીરમાં દીપ પ્રાગટ્ય કરતા મહેમાનો - સન્માનિત બાળકો તથા પરફોમન્સ કરતા બાળકો નજરે પડે છે.

# ભાજપ કિશાન મોરચાના મંત્રી રાજન સિંધવના પૌત્રનો કાલે જન્મદિવસ



રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી, રેલ્વે સલાહકાર સમિતિ રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મીડિયા ઈન્ચાર્જ, સભ્ય, રાજેનભાઈ કે. સિંધવના પૌત્ર પ્રિયાંશુ પ્રશાંતભાઈ સિંધવનો આવતીકાલે તા.૫મી એપ્રિલના જન્મદિવસે તેના મોટાદાદા નિવૃત્ત રેલ્વે કર્મચારી મચ્છાભાઈ કે. સિંધવ, દાદા અજયભાઈ, બાપુ ભરતભાઈ, વિજયભાઈ કાકા પારસભાઈ, પાર્થભાઈ, રાહુલભાઈ, વિકાસભાઈ, ભરત, કરણ, દયાન્સુ, આયુષી, નાના સામંતભાઈ મુંધવા, મામા ખોળુભાઈ, વિજયભાઈ સહિતના પિયુના જન્મદિવસે આશિર્વાદની અમીવર્ષા વરસાવેલ છે. તેના જન્મદિવસ નિમિતે સરકારી બાળકોની હોસ્પિટલમાં ફ્રૂટ - બિસ્કીટનું વિતરણ કરેલ છે. મો.નં.૯૮૨૪૨ ૧૭૩૨૫, ૯૯૦૪૦ ૮૬૭૦૭ છે.

# શ્રી વિરાણી પૌષધશાળા સંઘ ઉપાશ્રયે ચૈત્ર માસ આયંબીલ ઓળીના પારણા

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયનાં જશ ઝવેર ગુરુવર્યાના કૃપાપાત્રી સુશિષ્યા, શાસન ચંદ્રિકા હીરાબાઈ મહાસતીજી પરમ કૃપાપાત્ર બહેન સાધ્વી સૌમ્ય મૂર્તિ જ્યોતિબાઈ મહાસતીજી, જશુબાઈ મહાસતીજી, ઉષાબાઈ મહાસતીજી, બેન સ્વામી પ્રવચન પ્રભાવક સ્મિતાબાઈ મહાસતીજી આદિ સતિવૃંદ અમારા સંઘની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી ગત તા.૧૫-૦૩-૨૦૨૬ને રવિવારે પધાર્યા સમસ્ત સંઘે તેઓનું ભાવોલ્લાસપૂર્વક સ્વાગત સહ આવકાર્યા અને ભક્તિથી વધામણા કરાવ્યા.

ગુરૂણીઓ પધાર્યા ત્યારથી જ પ્રતિદિન સંઘમાં વિવિધ કાર્યક્રમો શરૂ થઈ ગયા, પ્રતિદિન સવારે પ્રવચન આદી પણ યોજાતા રહ્યા, દરમ્યાન ગત તા.૨૪-૦૩-૨૦૨૬ થી તા.૧-૪-૨૦૨૬ સુધી નવ પદ આરાધના શરૂ થઈ ગઈ, પ્રતિ દિન સવારે ૮.૩૦ થી ૯.૩૦ પ્રભાવક ઉવસગ્ગહરં સ્ત્રોત જાપ પૂ.સ્મિતાબાઈ મહાસતીજી પરિવાર તરફથી, સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ નવ પદ અપાવે પરમ પદ ઉપર પ્રવચન પ્રભાવક સ્મિતાબાઈ મહાસતીજીનાં જોશીલા વ્યાખ્યાન જેમાં પ્રભાવના માતુશ્રી કાંતાબેન ચંદુલાલ વોરા - મોમ્બાસાવાળા પરિવાર તરફથી નવપદ વર્ણ પ્રમાણે પ્રભાવના તથા અ.સૌ. ભાવનાબેન સતીષભાઈ બાટવીયા તરફથી પણ પ્રભાવનાં કરવામાં આવેલ હતી.

સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૦૦ દરમ્યાન વિવિધ કાયોત્સર્ગ તથા વિવિધ જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ, પ્રભાવના પૂ.સ્મિતાબાઈ મહાસતીજીનાં બહેનો તરફથી, બપોરે ૧૨.૦૦ કલાકે અત્યંત ઉત્સાહ સહ શિસ્ત પાલન સાથે ખૂબ જ શાતાકારી આયંબીલ કરાવવામાં આવતી હતી. આખી ઓળીનો લાભ માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ પ્રેમચંદ વોરા હસ્તે સંઘ પ્રમુખ હરેશભાઈ વોરા-ભારતીબેન વોરા અને મુકેશભાઈ વોરા- સ્મિતાબેન વોરા પરિવાર તરફથી લેવામાં આવેલ હતો.

સેંકડો ભાવિકોએ ઓળી કરેલ અને દરરોજ પાટલા પ્રભાવના શ્રીસંઘનાં સ્થાનિક દાતાઓ તથા પૂ.હિરક ગુરુભક્ત તરફથી કરવામાં આવતી હતી. તા.૩૧-૪-૨૦૨૬નાં ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની વિશાળ ધર્મસભા પૌષધશાળામાં પધારતા મહાવીરનો જય જયકાર જૈનમ ગ્રુપ આયોજીત સહુ એ ગુંજાવ્યો હતો. તા.૨-૪-૨૦૨૬ને ગુરુવારે બપોરે ૧૨.૦૦ કલાકે શ્રી સંઘ સ્થાનક દાતાઓ હરેશભાઈ વોરા પરિવાર, સ્મિતાબાઈ મહાસતીજીનાં પરિવાર તતા ગુરુભક્તો, માતુશ્રી જશવંતીબેન મહેતા પરિવાર, મોદી પરિવાર, શેઠ પરિવાર, શાહ પરિવાર આદી અનેક દાતાઓ તરફથી રેકોર્ડ બ્રેક રકમનો કવર, શાતકારી દોહર શાલ તથા આદિ દાતાઓ ટાઠકનાં ડબ્બા આદીથી તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ હતી.

ત્યારબાદ હરેશભાઈ, મુકેશભાઈ વોરા પરિવાર તરફથી ખૂબ જ શાતાકારી ગૌતમ પ્રસાદ પારણા કરાવવામાં આવેલ ગુરુણી હીરાબાઈ મહાસતીજીની કૃપાથી પ્રસાદ પારણા કરાવવામાં આવેલ, ગુરૂણી હીરાબાઈ મહાસતીજીની કૃપાથી આયંબીલ ઓળી અતિ ભવ્યતાથી સંપન્ન થઈ, કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ વોરા, દિનેશભાઈ, બકુલભાઈ રૂપાણી, કમલેશભાઈ મોદી, સતીષભાઈ બાટવીયા, વિશાલભાઈ શાહ, હીતેશભાઈ મણીયાર, ઈન્દુભાઈ બદાણી, શ્રીમતી ડીમ્પલબેન સહ મહિલા મંડળો, જૈન શાળાનાં બાળકોએ ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવેલ તેમ શ્રીસંઘની એક યાદીમાં જણાવેલ.

# ઉમાંશ ફાઉન્ડેશન આર.ટી.ઈ. માટે ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફોર્મ ભરી આપશે

## વિદ્યાર્થી-વાલીના હિતાર્થે ફાઉન્ડેશનની પહેલ

**અબતક, રાજકોટ**

ઉમાંશ ફાઉન્ડેશન દ્વારા સમાજસેવાના ભાગરૂપે જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદરૂપ થવા માટે આર.ટી.ઈ. હેઠળ મફતમાં ફોર્મ ભરવાની સેવા આપવામાં આવી રહી છે. આ પહેલનો મુખ્ય હેતુ એ છે કે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને કરેકને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળે.

ઉમાંશ ફાઉન્ડેશન છેલ્લા ૩ વર્ષથી સતત આ સેવાકીય કાર્ય કરી રહ્યું છે અને દર વર્ષે અનેક વિદ્યાર્થીઓને તેનો સીધો લાભ મળી રહ્યો છે. સંસ્થાની આ સતત સેવા સમાજમાં વિશ્વાસ અને પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

આ સેવાકીય કાર્યમાં સંસ્થાના સક્રિય સભ્યો તરીકે વિજયભાઈ ગોધાણી, વિજયભાઈ વામજા ''ચિરાગભાઈ મારડિયા, હરેશભાઈ પાડલિયા, દિપકભાઈ વાછાણી, ડેનિશભાઈ ભાલોડિયા, પરાગભાઈ કનેરિયા. મિલનભાઈ ધમસાણિયા, કેવિનભાઈ અપેરા, દિગીશભાઈ કરડાણી, નીલભાઈ સુતરિયા, ડો. વિશાલ વાછાણી, પ્રફુલ્લભાઈ સાપરિયા, પિન્ટુભાઈ વાછાણી, નિલેશભાઈ હિંશુ. મુકેશભાઈ હિંડ. ચિરાગભાઈ ઘેટીયા, ઉમંગ કોરીગા, અક્ષય કોટડિયા. અભયભાઈ, હરિકૃષ્ણ આવેજા, હિરેનભાઈ ગોધાણી યુક્ત જાવિયા મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

UMANSH FOUNDATION RAJKOT

ઓનલાઈન અરજી પ્રક્રિયા તા. ૦૪ એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થઈ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. યોજનાના અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે બાળકની ઉંમર નિર્ધારિત મર્યાદામાં હોવી આવશ્યક છે (૦૧-૦૬-૨૦૨૬ એ ૬ વર્ષ પૂર્ણ થતા હોવા જોઈએ) તથા કુટુંબની વાર્ષિક આવક ૬ લાખ કરતાં વધુ ન હોવી જોઈએ અને અરજદાર ગુજરાત રાજ્યનો રહેવાસી હોવો જોઈએ. વાલીઓને ઓનલાઈન અરજી કરતી વખતે જન્મનો દાખલો, આધાર કાર્ડ, આવકનો દાખલો, રહેઠાણનો પુરાવો તેમજ લાગુ પડે તો જાતિ દાખલો, એક જ દીકરી હોવા અંગેનો દાખલો, આંગણવાડીમાં અભ્યાસ કરેલ હોય તો તેનો દાખલો, જેવા જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા રહેશે. અરજી પછી દસ્તાવેજ ચકાસણી અને સીટ ફાળવણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વાલીઓને શાળામાં પ્રવેશ માટેની માહિતી આપવામાં આવશે.

# કષ્ટભંજન દેવને વૃંદાવનમાં તૈયાર કરાયેલા વાઘાનો શણગાર કરાયો

## દાદાને કાજુ, કતરી, લાડવાનો અન્નકુટ ધરાયો



તારીખ:૦૪-૦૪-૨૦૨૬ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને વૃન્દાવનમા તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્ક મોરની ડીઝાઈનવાળા વાઘાની સાથે ગુલાબ-શેવંતીના ફુલોનો શણગાર કરાયો એવં દાદાને કાજુ કતરી,લાડવા, બુંદીના લાડુ,અદડિયો, પેંડા વગેરેનો અન્નકૂટ ધરવાયો હતો. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા અને સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.દાદાના ભક્તો દ્વારા ધજા ચઢવામાં આવી હતી. અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

**અબતક, રાજકોટ**

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને વૃન્દાવનમા તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્ક મોરની ડીઝાઈનવાળા વાઘાની સાથે ગુલાબ-શેવંતીના ફુલોનો શણગાર કરાયો એવં અન્નકૂટ ધરવાયો

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી

# સરગમ ક્લબ આયોજીત ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પનો ૮૯ દિવ્યાંગોએ લાભ લીધો



**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને લંડન મા કૃપા ફાઉન્ડેશન જયંતિભાઈ ખંગ્રામ ના સયુંકત ઉપક્રમે તાજેતરમાં જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૯ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૪૦( લેગ) પગ નાં દદી ૨૬ કેલીપર્સ ના અને રીપેરીંગ ૨૩ દર્દી વિનામૂલ્યે લાભ લીધો હતો.

આ કેમ્પમાં મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ, બૃજેશભાઈ મોદી નો સહયોગ મળ્યો હતો.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ જતથા જયંતિભાઈ ખંગ્રામ તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર અનવરભાઈ ઠેબા , કનૈયાલાલ ગજેરા, તેમજ ભાવનાબેન મહેતા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવ્યા હતાં. આગામી કેમ્પ તા. ૧/૫/૨૦૨૬ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# જગતગુરૂ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૫૪૯માં પ્રાગટ્ય મહોત્સવની વડોદરામાં થશે ભવ્ય ઉજવણી

## વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં યોજાનારા મહોત્સવ માટે વૈષ્ણવોમાં હરખની હેલી

**અબતક, રાજકોટ**


સૌરાષ્ટ્ર ગુજરાત, અને દેશ વિદેશમાં લાખો વૈષ્ણવોના આસ્થાના પ્રતીક જગતગુરુ શ્રીમદ વલભાચાર્ય મહાપ્રભુજી ના ૫૪૯ માં પ્રાગટ્ય ઉત્સવ ની વડોદરામાં ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાત દિવસની તડામાર તૈયારીઓમાં હજારો વૈષ્ણવો જોડાયા છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ વડોદરા ના આંગણે જગતગુરુ શ્રીમદ વલભાચાર્યજી મહાપ્રભુજી ના ૫૪૯ માં પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે ચૈત વદ અગિયારસ ૧૩ એપ્રિલ ના રોજ વડોદરા ના માંજલપુરમાં આવેલ બેન્કર હોસ્પિટલ ની બાજુમાં શ્રીકુંજ હાઈટ એ ૧૦૧ રત્નાબેન કૌશિકભાઈ શાહના નિવાસ્થાનેથી સાંજે ૫,૩૦ કલાકે ભવ્ય શોભા યાત્રા નું પ્રસ્થાન થશે અને સાંજે ૭ વાગે ક્રિષ્ના કીડ પ્રિ સ્કૂલ અને વી વાયઓ એજ્યુકેશનના બાળકો દ્વારા પંચશીલ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે .



આ કાર્યક્રમ બાદ સર્વે વૈષ્ણવોને ભોજન પ્રસાદ નો લાભ આપવામાં આવશે શોભાયાત્રા ના મનોરથી તરીકે વીવાયો મહિલા પાંખ વડોદરા અને ભોજન પ્રસાદના મનોરંથી તરીકે વિભાબેન અનિલભાઈ રામોલિયા, મુકતાબેન ગોવિંદભાઈ મેખિયા વતી ડો, જયદીપ ગીરીશભાઈ મેખિયા ,બકુલાબેન વિજયભાઈ ઝવેરી અમેરિકા ને ધર્મ લાભ પ્રાપ્ત થશે આ અંગેની વધુ વિગત માટે૯૫૧૨૬ ૭૦૦૭૭ નો સંપર્ક કરવા જળવાયું છે.

# આણંદપુર ગામની વીડીમાં મહાદેવના મંદિરનું થશે નિર્માણ



**અબતક, રાજકોટ**

રાજકોટ નજીકના આણંદપર કાલાવડ રોડ પર વીડી માં આવેલા સુરાપુરા દાદા ના મંદિરે લોધા સમાજના આગેવાન ભાવેશભાઈ જારીયા મુન્નાભાઈ જારીયા અને ગ્રુપના આગેવાનોએ શિવ ભગવાનની સ્થાપના કરી છે

મનસુખભાઈ દેથલીયાના હસ્તે શિવલિંગની સ્થાપના કરવામાં આવી છે, આવનાર દિવસોમાં મહાદેવ મંદિર નું નિર્માણ કરવામાં આવશે, લોધા યુવા ગ્રુપઅને લેઉવા પટેલ આગેવાનો મનસુખભાઈ, હિતેશ ચુડાસમા, જયેશભાઈ દવે, ઉમેશ સિંહ જારીયા ,વિજયભાઈ પરમાર ,રમેશભાઈ પરમાર, બુધાભાઈ જારીયા, પ્રવીણકુમાર લાખાણી સહિત આગેવાનો આ કાર્યમાં જોડાયા છે.

# ચં.ચી. મહેતા સવા શતાબ્દી ઉજવણી નિમિત્તે કાલે સાહિત્ય-રંગમંચ-રેડિયોની ગઠરિયા કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા નાટયકાર-નાટયગુરુ ચં.ચી. મહેતાના જન્મના ૧૨૫ વર્ષની ઉજવણીના ભાગરુપે સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન ગુજરાતી સાહિત્ય પરિષદે સ્થાનિક સંસ્થાઓના સહયોગથી કર્યું છે. રાજકોટમાં રવિવાર, તા. ૫ એપ્રિલે સાંજે સાડા પાંચ વાગ્યે કાલાવડ રોડ પર આવેલી સૌરાષ્ટ્ર હાઈસ્કુલના વિજયભાઈ ધોળકિયા સ્મૃતિ સભાખંડમાં આ ઉત્સવ સંદર્ભે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

સાહિત્ય પરિષદની સાથે તેમાં ફૂલછાબ દૈનિક જોડાયું છે. તે ઉપરાંત નાટયક્ષેત્રે સક્રિય ભરત યાજ્ઞિક થિયેટર થેરેપી, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પ્રેરિત સાહિત્ય સેતુ સંસ્થા પણ જોડાશે. ચંદ્રવદન ચી. મહેતા એટલે કે સી.સી. મહેતાના ગદ્યકર્મ વિશે જાણીતા લેખક બકુલ ટેલર વ્યાખ્યાન આપશે. સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાં સાંજે ૫-૩૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં સૌ કોઈને ઉપસ્થિત રહેવા સાહિત્ય પરિષદ વતી પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને સાથીઓ, ફૂલછાબ વતી તંત્રી જ્વલંત છાયા અને મેનેજર નરેન્દ્ર ઝીબા,સર્વેએ પાઠવ્યું છે.

# લીંબાસીયા પરિવારના આંગણે કાલે સુરાપુરા ગોવિંદબાપાનો મહાયજ્ઞ

**અબતક, રાજકોટ**

મું. જીવાપર (ટંકારા) લીંબાસિયા પરિવારના સુરાપુરા ગોવિંદબાપાના દેવ સ્થાને મહાયજ્ઞ આગામી તા. ૫ ના રોજ રવિવારે આયોજન કરવામાં આવ્યું છે. આ દિવ્ય મહાયજ્ઞ મહોત્સવના આચાર્ય પદે જીતેન્દ્રભાઈ પંડ્યા દ્વારા મંત્રોચ્ચારવિધિ વિધાન પૂર્વક આ યજ્ઞ કરવામાં આવશે. આ મહાયજ્ઞમાં સહભાગી થવા મહાપ્રસાદનો લાભ લેવા દરેક વ્યવસ્થાપક સભ્ય તરફથી દરેક લીંબાસિયા પરિવારને હાર્દિક નિમંત્રણ પાઠવાયું છે. જેમાં યજ્ઞ સમય સવારે ૭ થી બપોરે ૧ કલાકે બિડુ હોમવાનો સમય બપોરે ૧ કલાકે, ભોજન પ્રસાદ બપોરે ૧૨ કલાકે યોજાશે.

# રામભાઈ મોકરીયાએ ઉપરાષ્ટ્રપતિની મૂલાકાત લીધી

## સંસદીય પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવા ચર્ચા કરી

**અબતક,રાજકોટ**



સંસદીય કાર્યક્ષમતા અને વિકાસમુખી નીતિઓ અંગે સકારાત્મક સંવાદ કરવામાં આવેલ નવી દિલ્હી ખાતે બજેટ સત્ર દરમિયાન દેશના ઉપરાષ્ટ્રપતિ તથા રાજ્યસભાના સભાપતિ સી.પી.રાધાકૃષ્ણન સાથે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા એ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન રાષ્ટ્રીય મહત્વના વિવિધ વિષયો તેમજ સંસદીય પ્રક્રિયાઓને વધુ કાર્યક્ષમ બનાવવા અંગેચર્ચા કરવામાં આવી હતી. દેશના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવતી વિવિધ પહેલોની પ્રશંસા વ્યક્ત કરી હતી અને સંસદમાં જનહિતના મુદ્દાઓને વધુ અસરકારક રીતે રજૂ કરવા માટે માર્ગદર્શન મેળવ્યું હતું. આ મુલાકાત દરમ્યાન રાજ્ય અને દેશના વિકાસ, સુશાસન તથા લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સંકલિત પ્રયાસોની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.સંસદીય પરંપરાઓને વધુ મજબૂત બનાવવા અને લોકશાહી મૂલ્યોને સશક્ત કરવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# મેટોડામાં EPP કંપનીના રબર ગોડાઉનમાં ભીષણ આગ લાગતા અફડાતફડી

## આગએ ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, દૂર દૂર સુધી ધુમાડાના ગોટા દેખાયા : કર્મચારીઓને તાત્કાલિક બહાર કાઢી નખાતા સદનસીબે કોઈ જાનહાની નહિ







**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા મેટોડા જીઆઈડીસીમાં આવેલી ઈપીપી ફેક્ટરીના રબર ગોડાઉનમાં બપોરે આગ લગતા અફરાતફરી મચી જવા પામી હતી. ઘટનાને પગલે કંપનીના તમામ કર્મચારીને તાત્કાલિક બહાર કાઢી લેવાતા સદનસીબે કોઈ જાનહાની સર્જાઈ ન હતી. આગને પગલે રાજકોટથી છ ફાયર ફાઈટરો દોડાવવામાં આવ્યા હતા.

અહીં રબર વેસ્ટમાં આગ ભભૂકી ઉઠી હતી. સદભાગ્ય કોઈ જાનહાની થવા પામી નથી શોર્ટ સર્કિટના લીધે આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. આગની આ ઘટનામાં કેટલું નુકસાન થયું તેનો આંકડો હજુ સુધી જાણી શકાયો નથી. આગ બાદ તેના ધૂમાડા દુર-દૂર સુધી દેખાતા હતાં.

આગની આ ઘટના અંગે જાણવા મળતી વિગતો મુજબ, આજરોજ બપોરના ૧:૩૭ કલાકે ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે મેટોડા જીઆઈડીસીમાં ગેટ નંબર એક પાસે આવેલી ઈપીપી કંપનીના રબ્બરના ગોડાઉનમાં આગ લાગી છે. અહીં રબ્બરના ગોડાઉનમાં પળવારમાં આગ પ્રસરતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેથી કાલાવડ રોડ ફાયર સ્ટેશનથી ૨, મવડીથી એક, રેલનગરથી એક, બેડીપરાથી એક સહિત કુલ ૬ ફાઈટરો આગ ઓલવવા માટે મોકલવામાં આવ્યા હતા..ફાયરના સ્ટાફે પાણીનો મારો ચલાવી મહદંશે આગ પર કાબુ મેળવી લીધો છે.

વધુમાં મળતી વિગતો મુજબ, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર-૧ પાસે આવેલી ઈપીપી કંપની કે જે રબ્બર ફિનિશિંગનું કામ કરતી હોય અહીં કંપની સામે જ તેમનું રબ્બર વેસ્ટનું ગોડાઉન આવેલું હોય જેમાં આ આગની ઘટના બની હતી. પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટના લીધે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આગમાં અહીં રહેલ રો-મટીરીયલ સળગીને ખાખ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે નુકસાનીનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી. સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

**રાજકોટથી છ ફાયર ફાઈટરો દોડાવાયા, આગ પર મહદઅંશે કાબુ મેળવી લેવાયો : શોર્ટ સર્કિટથી આગ ભભૂકયાનું પ્રાથમિક તારણ**

# સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ: ૧૧મી સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

## ફોર્મ ચકાસણી બાદ અયોગ્ય ફોર્મને રદ કરવામાં આવશે અને ૧૫મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પાછી ખેંચવા છેલ્લો દિવસ રહેશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી જ્યારે ૧૧ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૩ બેઠકો માટેની પેટા ચૂંટણીના મતદાનની તારીખનું એલાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ત્યારે ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે.હવે સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા આગામી ૩૦ એપ્રિલે પૂર્ણ થઈ જશે.

### રાજકોટ મહાનગરપાલિકા

૧. કુલ વોર્ડ - ૧૮
૨. બેઠક-૭૨
૩. કુલ મતદારો-પુરુષઃ ૫,૧૦,૦૮૬, સ્ત્રીઃ ૪,૭૫,૮૪૮, અન્ય : ૧૮, કુલ મતદાર- ૯,૮૫,૯૫૨
૪.કુલ મતદાન મથકોઃ ૧૦૧૪
૫. ચૂંટણી સ્ટાફની સંખ્યાઃ ૯૯૪૮
૬. ઈવીએમની સંખ્યાઃ સીયુ : ૧૧૬૩, બીયુ : ૨૩૨૬
૭. ચૂંટણી અધિકારીની સંખ્યાઃ ૮ (વર્ગ-૧ કક્ષાના), મદદનીશ ચૂંટણી અધિકારીની સંખ્યાઃ ૨૨ (વર્ગ-૨ કક્ષાના)

ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે, જેના કારણે વહીવટી તંત્ર અને રાજકીય પક્ષો પર અમુક પ્રતિબંધો લાગુ પડ્યા છે.

રાજકોટ મહાનગર પાલિકામાં ૧૮ વોર્ડ અને ૭૨ બેઠકો છે, જેમાં વિવિધ વર્ગો માટે આરક્ષણની વ્યવસ્થા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૧૯.૪૨ લાખ મતદારો છે, જેમાં શહેરી વિસ્તારમાં લગભગ ૯.૮૫ લાખ મતદારો સામેલ છે.ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ ૬થી ૧૧ એપ્રિલ સુધી સંબંધિત ચૂંટણી અધિકારી પાસે ફોર્મ ભરી શકશે. આ પ્રક્રિયા દરમિયાન ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજો, જમા પૂર્વની રકમ અને હલફનામું રજૂ કરવાનું રહેશે. ફોર્મ ચકાસણી પછી અયોગ્ય ફોર્મને રદ કરવામાં આવશે અને અંતિમ તારીખે એટલે કે ૧૫મીએ ઉમેદવારી પાછી ખેંચી શકાશે.

રાજકોટમાં આ ચૂંટણીઓને લઈને રાજકીય પક્ષોમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પાલિકા અને પંચાયત માટે એક જ દિવસે ૨૬ એપ્રિલના રોજ સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન હાથ ધરવામાં આવશે. પુનઃ મતદાન કરવાની જરૂરિયાત પડે તો ૨૭મી એપ્રિલના રોજ મતદાન હાથ ધરાશે.

૨૮મી એપ્રિલના રોજ એક સાથે મત ગણતરી હાથ ધરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૩૦મી એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

### ચૂંટણી ફોર્મ ક્યાં જમા કરાવવું

**૧. વોર્ડ નંબર ૧, ૨ અને ૩**
નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી
જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ
મામલતદાર રાજકોટ શહેર(પૂર્વ)
જૂની કલેક્ટર કચેરી, રાજકોટ

**૨. વોર્ડ નંબર ૪, ૫ અને ૬**
નાયબ જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત કચેરી, રાજકોટ
મામલતદાર રાજકોટ શહેર(દક્ષિણ)
પી.ડી.એમ. કોલેજ પાસે

**૩. વોર્ડ નંબર ૭, ૮ અને ૯**
જિલ્લા પુરવઠા અધિકારી
કલેક્ટર કચરી, રાજકોટ
સીટી સર્વે સુપ્રિટેન્ડ-૨
સર્વે ભવન, જામનગર રોડ

**૪. વોર્ડ નંબર ૧૦, ૧૧ અને ૧૨**
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી
બહુમાળી ભવન, રાજકોટ
સીટી સર્વે સુપ્રિટેન્ડ-૩
મામલતદાર કચેરી દક્ષિણ, પી.ડી.એમ. કોલેજ પાસે

**૫. વોર્ડ નંબર ૧૩, ૧૪ અને ૧૫**
પ્રાંત અધિકારી-શહેર પ્રાંત-૧
જૂની કલેક્ટર કચેરી, રાજકોટ
સીટી સર્વે સુપ્રિટેન્ડ-૧
મામલતદાર કચેરી પશ્ચિમ, આત્મીય કોલેજ સામે

**૬. વોર્ડ નંબર ૧૬, ૧૭ અને ૧૮**
નાયબ કલેક્ટર, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
જામનગર રોડ, રાજકોટ
મામલતદાર(પશ્ચિમ)
કાલાવડ રોડ, આત્મીય કોલેજ સામે

# પ્રસંગો રઝળશે : ચૂંટણીના કારણે કોમ્યુનિટી હોલના બુકિંગ રદ થવાની દહેશત

## કોમ્યુનિટી હોલમાં મતદાન મથકો ઉભા કરાશે તો અનેક બુકિંગો રદ કરવાની ફરજ પડશે : ચૂંટણી અધિકારીને પત્ર લખતા કોર્પોરેશનના અધિકારી

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી માટે આગામી ૨૬મી એપ્રિલની રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે જેઓના ઘરે લગ્ન સહિતના પ્રસંગો આવી રહ્યા છે. અને આ પ્રસંગની ઉજવણી માટે કોમ્યુનિટી હોલનું બુકિંગ કરાવ્યું છે. તેઓ માટે માઠા સમાચાર મળી રહ્યા છે. શહેરમાં મતદાન મથકોની સંખ્યામાં સારોએવો વધારો થયો છે. જેના કારણે હવે કોમ્યુનિટી હોલમાં પણ મતદાન મથકો ઉભા કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. આવામાં કોર્પોરેશનના અડધો ડઝન કોમ્યુનિટિ હોલમાં આગામી ૨૫ અને ૨૬ એપ્રિલના રોજ કરવામાં આવેલા બુકિંગ રદ કરવા પડે તેવી સ્થિતિ આવી ગઈ છે. આ અંગે એસ્ટેટ શાખાના અધિકારીએ ચૂંટણી અધિકારીને પત્ર લખી માર્ગદર્શન પણ માંગ્યું છે.

શહેરના અલગ અલગ વોર્ડમાં કોર્પોરેશન દ્વારા ૨૩ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૩૨ યુનિટ આવેલા છે. હોલનું બુકિંગ ૯૦ દિવસ અગાઉ કરવામાં આવે છે. દરમિયાન તાજેતરમાં ચૂંટણીપંચ દ્વારા કોર્પોરેશનની ચૂંટણી માટેની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં ૨૬મી એપ્રિલે મતદાન થવાનું છે. શહેરમાં મતદાન મથકોની સંખ્યા ૩૦૦ જેટલી વધે તેવી સંભાવના દેખાઈ રહી છે. હવે કોમ્યુનિટી હોલમાં પણ વોટિંગ બુથ ઉભા કરવા પડે તેવી સ્થિતિ છે. જેને ધ્યાનમાં લઈ પાંચથી છ કોમ્યુનિટિ હોલમાં આગામી ૨૫ અને ૨૬ એપ્રિલના રોજ કરવામાં આવેલા બુકિંગ રદ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ ચૂંટણીમાં બંદોબસ્ત માટે આવતા જવાનોના રહેવા માટે કોમ્યુનિટી હોલમાં બુકિંગ રદ કરવા પડતા હતાં. પરંતુ આ સિસ્ટમ છેલ્લા ઘણા સમયથી બંધ થઈ ગઈ છે. કારણ કે, બંદોબસ્ત માટે આવતા જવાનોને હવે આવાસ યોજનાના ખાલી આવાસમાં રહેવાની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. પરંતુ આ વખથે નવી મુશ્કેલી ઉભી થઈ છે. જેમાં કોમ્યુનિટી હોલમાં મતદાન મથકો ઉભા કરવા પડે તેવી સ્થિતિના કારણે પ્રસંગોના બુકિંગ રદ કરવા પડશે.

# સેલવાસમાં ગેસ ગોડાઉનમાં પ્રચંડ બ્લાસ્ટઃ ૪ લોકોના મોત, ૫ ગંભીર

## ગેસ રિફિલિંગ સમયે નાઈટ્રોજન સિલિન્ડર ફાટતા બ્લાસ્ટ થયો, ૩૦ મીટર સુધી કાટમાળ ઉડ્યો, આસપાસની ઈમારતોના કાચ ફૂટી ગયા

**અબતક, રાજકોટ**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના મુખ્ય મથક સેલવાસમા 'સાંઈ કૃપા' નામના ગોડાઉનમાં નાઈટ્રોજન ગેસ રિફિલિંગની પ્રક્રિયા દરમિયાન સિલિન્ડરમાં પ્રચંડ બ્લાસ્ટ થતા ૪ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.વધુ વિગત મુજબ સેલવાસમા 'સાંઈ કૃપા' નામના ગોડાઉનમાં કામદારો નાઈટ્રોજન ગેસ ભરવાની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે અચાનક સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. આ ધડાકો એટલો ભયાનક હતો કે આસપાસના વિસ્તારમાં લોકોને ભૂકંપનો આંચકો અનુભવાયો હોય તેવું લાગ્યું હતું. ગોડાઉનથી માત્ર ૩૦ મીટરના અંતરે આવેલી શાળાના બાળકો અને સ્થાનિક રહીશોમાં પ્રચંડ અવાજને કારણે ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા.આ ગંભીર દુર્ઘટનામાં ત્રણ વ્યકિતઓના ઘટનાસ્થળે અને એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્ત ૫ થી ૬ લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત અત્યંત નાજુક હોવાનું કહેવાય છે. ઘટનાની જાણ થતા જ સેલવાસ પોલીસનો કાફલો, ફાયર વિભાગની ટીમ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. ફાયર વિભાગે તપાસ હાથ ધરી ગોડાઉનમાં રહેલા અન્ય સિલિન્ડરોને સુરક્ષિત કર્યા હતા.પોલીસ દ્વારા મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ મામલે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક અહેવાલો મુજબ, મૃતકોમાં ગોડાઉનના સંચાલકનો પણ સમાવેશ થાય છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પ્રશાસનિક ટીમોએ પણ સ્થળની મુલાકાત લીધી છે. આટલી ગંભીર દુર્ઘટના પાછળ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન જવાબદાર છે કે કેમ તે દિશામાં તટસ્થ તપાસ શરૂ કરવામાં આવી છે.

# દુષ્કર્મના ગુનામાં મદદગારી કરનાર ચોટીલાનો શખ્સ દોઢ વર્ષે પકડાયો

## જામનગરની લૂંટનો ઈનામી આરોપી પાંચ વર્ષે ઝડપાયો : રાજકોટ રેન્જ પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ કે કે ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન તા. ૨૭-૧૦-૨૦૨૪ ના રોજ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાયેલ દુષ્કર્મ અને અપરણના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી વહતાભાઈ વસાભાઈ શિયાળીયા (ઉવ ૫૫ રહે. નાની પાળિયાદ, ચોટીલા, સુરેન્દ્રનગર)ને ચોટીલા ખાતેથી પકડી પાડી માલવિયાનગર પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ કે કે ગોહિલ, પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, શિવરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

જ્યારે રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હતી. જે પૈકીના જામનગર પોલીસ અધિક્ષક દ્વારા આરોપીઓ પર ઈનામ જાહેર કરેલ હોય અને તેવા આરોપીઓને અગ્રતા આપી પકડી પાડવા સુચના આપવામાં આવી હતી. જે અનુસંધાને રાજકોટ રેન્જના પીઆઈ આર.એચ.બારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન.મોરી અને બી.સી.મીયાત્રાની ટીમ નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ, હ્યુમનસોર્સ તથા ટેક્નીકલ એનાલીસીસ કરી રહેલ હતા. દરમ્યાન સ્ટાફના કાસમભાઈ બ્લોચ, સંદિપસિંહ ઝાલા, મિતેશભાઈ પટેલ તથા કમલેશભાઈ રબારીને મળેલી બાતમીને આધારે જામનગરના પંચકોશી બી ડિવિઝન પોલિસ મથકે નોંધાયેલી રૂ ૮.૫૦ લાખની લૂંટના ગુનામાં પાંચ વર્ષથી ફરાર રૂ.૧૦ હજારનો ઈનામી આરોપી ભુવાનસીંગ રાયસીંગ વસુનીયા (રહે. પીપલવા, ધાર, મધ્ય પ્રદેશ)ને દાહોદ હાઈ-વે રાબડાલ બસસ્ટેશન નજીકથી પકડી લેવાયો હતો.

# સિંગલ ગર્લ ચાઈલ્ડ સર્ટિફિકેટ મેળવવા કોર્પોરેશનમાં અરજદારોની લાંબી કતારો

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા નબળા વર્ગના બાળકોને પણ સારી શાળામાં અભ્યાસ કરવાની તક મળે તે માટે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેના માટે કોર્પોરેશન દ્વારા આજથી સિંગલ ગર્લ ચાઈલ્ડ સર્ટિફિકેટ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. જે આગામી ૧૭મી એપ્રિલ સુધી ચાલુ રહેશે. આજે ઉઘડતી કચેરીએ વાલીઓની લાંબી કતારો લાગી ગઈ હતી. આ માટે જન્મ-મરણ વિભાગમાં અલાયદુ કાઉન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે. બીજી તરફ સરવરની સમસ્યાને કારણે જન્મ-મરણના દાખલા માટે પણ લોકો કાયમી ધોરણે લાંબી લાઈનમાં ઉભા રહેવા માટે મજબુર બન્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આજે બન્ને કામગીરી માટે ભારે ધસારો જોવા મળ્યો હતો.

સંતાનમાં એક માત્ર દિકરી હોય તો રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ આપવામાં પ્રાધાનિય મળે છે. જે માતા-પિતા સંતાનમાં એક માત્ર દિકરી ધરાવતા હોય તેને કોર્પોરેશન દ્વારા સિંગલ ગર્લચાઈલ્ડ સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. જે ૧૭ એપ્રિલ સુધી ચાલુ રાખવામાં આવશે. આજે પ્રથમ દિવસે જ લોકો આ સર્ટિફિકેટ મેળવવા માટે ઉમટી પડ્યા હતાં. જેના કારણે સ્થિતિ થોડીક વણસી હતી.

જો કે, લોકોએ લાંબો સમય સુધી રાહ ન જોવી પડે તે માટે અલાયદા કાઉન્ટરની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. બીજી તરફ જન્મ-મરણના દાખલામાં નવી સીઆરએસ સિસ્ટમ શરૂ કરવામાં આવી હોવાના કારણે છેલ્લા ૧૦ મહિનાથી જન્મ-મરણ વિભાગમાં લાંબી લાઈનોની સિસ્ટમ બંધ થતી નથી. કાળજાળ ગરમીમાં અરજદારો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબુર બન્યા છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### જન્મ-મરણ વિભાગમાં અલગથી કાઉન્ટર શરૂ કરાયું

# થોરાળાના આધેડને ખૂનની ધમકી આપી ઉપલેટાના સાઢુએ રૂ.૩.૫૦ લાખના ઘરેણાં પડાવી લીધા

**પ્રસંગમાં ગયેલા સાઢુને પૈસાની જરૂરિયાત હોવાનું જણાવી, ડરાવી-ધમકાવી પત્નીના પાટલા ઉતરાવી લીધા**

**દાગીના પરત આપવાનું કહેતા તારાથી થાય તેં કરી લેજે, હું ઘરેણાં પરત નહિ આપું કહી હાથ ઉંચા કરી દેતાં ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં રહેતા ૪૯ વર્ષીય પ્રૌઢને ખૂનની ધમકી આપી ઉપલેટાના સાઢુએ રૂ. ૩.૫૦ લાખના ઘરેણાં પડાવી લીધા હતા. બાદમાં આધેડએ દાગીના પરત આપતાં તારાથી થાય તેં કરી લેજે, હું ઘરેણાં પરત આપવાનો નથી કહી હાથ ઉંચા કરી દેતાં આધેડએ ઉપલેટા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બનાવ મામલે રાજકોટ શહેરના ન્યુ થોરાળા વિસ્તારમાં રામનગર સોસાયટી શેરી નં.-૨ માં રહેતા ૪૯ વર્ષીય આધેડ જુસબભાઈ આમદભાઈ ઘુઘાએ આરોપી તરીકે ઉપલેટાના સ્મશાન રોડ પે રહેતા દિલાવર ઓસમાણભાઈ હિંગોરાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ-ભાવનગર રોડ ઉપર જે.ડી. રેસ્ટોરન્ટ ધરાવી વેપાર કરે છે. પ્રૌઢએ ફરિયાદમાં જણાવતા કહ્યું હતું કે, મારા સાઢુભાઈ દીલાવરભાઈ ઓસમાણભાઈ હીંગોરા ઉપલેટા ખાતે રહે છે. હુ પ્રસંગોપાત ઉપલેટા ખાતે આવતો જતો હોવ છે. આશરે સાત વર્ષ પહેલા (આશરે તા.૧૨/૦૪/૨૦૧૯) ઉપલેટા ખાતે મારા સાઢુભાઈ દીલાવરભાઈને ત્યા ન્યાજનો પ્રસંગ હોય હુ તથા મારી પત્નિ ઉપલેટા ગયેલ હતા. ત્યારે બપોરના આશરે એકાદ વાગ્યે દીલાવર ભાઈએ મને પોતાના ઘરે એક અલગ રૂમમા બોલાવી કહેલ કે, મારે હાલ પૈસાની જરૂર છે, તુ મને પૈસા આપ. જેથી મે તેમને કહેલ કે મારી પાસે હાલ પૈસા નથી. જે બાદ દીલાવરભાઈએ ઉશ્કેરાઈ મને કહેલ કે તારે મને પૈસા આપવા જ પડશે નહિતર તને ઉપલેટાથી સાજો જવા દઈશ નહી. હુ અને દીલાવરભાઈ વાતચીત કરતા હતા દરમિયાન મારા પત્નિ શબાનાબહેન ત્યા આવેલ હતા. પત્ની દીલાવરભાઈને સમજાવતા હતા કે અમારી પાસે પૈસા નથી. તો દીલાવરભાઈ મારા પત્નિના હાથમા સોનાના પાટલા જોઈ ગયેલ અને મને કહેલ કે તારી પાસે પૈસા ન હોય તો મને આ સોનાના પાટલા આપી દે, જેથી મે તેમને સોનાના પાટલા આપવાની ના પાડતા દિલાવરભાઈ મને ગાળો આપવા લાગેલ હતા. તેણે મને કહેલ કે, આ મારુ ગામ છે અને તુ મને સોનુ નહિ આપે તો હુ તારા હાથ - પગ ભાંગી નાખીશ અને તને જાનથી મારી નાખીશ. જેથી મે ડરીને મારી પત્નિ પાસેથી સોનાના બે પાટલા જેનો વજન આશરે છ તોલા જેની કિંમત આશરે રૂ.૩.૫૦ લાખ મેળવી દિલાવરભાઈને આપી દીધેલ હતા. બાદ હું તથા મારા પત્નિ બન્ને રાજકોટ ખાતે જતા રહેલ હતા.

ત્યારબાદ આ ઘટનાની સબંધીઓને જાણ થતાં સંબંધીઓએ જણાવેલ કે, આપણે બધા સગા છીએ અને અમે દીલાવરભાઈને સમજાવીશુ, તમે કોઈ પોલીસ ફરીયાદ કરતા નહી. જેથી મે પોલીસ ફરીયાદ કરેલ ન હતી. છેલ્લા એકાદ વર્ષથી હુ દીલાવરભાઈને અવારનવાર ફોન કરીને મારુ સોનુ પરત આપવા માટે કહેતો હતો તો આ દીલાવરભાઈ મને કહેતા કે હુ તમને સોનુ આપી દઈશ. આશરે સાત દિવસ પહેલા હુ ઉપલેટા ખાતે દીલાવરભાઈને ઘરે જઈ મારુ સોનુ પરત આપવા માટે કહેતા દિલાવરભાઈએ મને કહેલ કે, તારાથી થાય તે કરી લે હુ તને કંઈ આપવાનો નથી. જેથી બળજબરીપૂર્વક દાગીના પડાવી લઈ પરત નહિ આપનાર સાઢુ વિરુદ્ધ પ્રૌઢએ ફરિયાદ આપતાં ઉપલેટા પોલિસેં આઈપીસીની કલમ ૩૮૭,૫૦૪,૫૦૬ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# શાંતાબાઈ મ.સ.ની ગુણાનુવાદ સભા સંપન્ન

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રધાયના સપ્તમ આચાર્ય ભ.પુરુષોત્તમજી મ.સા.ના સુશિષ્ય ગોંડલ ગચ્છ શિરોમણી જશરાજજી મ.સા.ના આજ્ઞાનુવર્તીનું અધ્યાત્મયોગીની સૂર્ય વિજય મ.સ.ના સુશિષ્યા શાંતમૂર્તિ શાંતાબાઈ મ.સ. મહાવીર જન્મ કલ્યામકના શુભ દિવસે ૬૭ વર્ષનો સંયમ થાળી પ્રવચન પ્રભાવિક ભાનુબાઈ મ.સ.ના શ્રીમુખે આલોચના માંગલિક શ્રવણ કરી આલોવી, પડિક્કમી નિંદી, નિઃશષ્ય થઈ અનશનની આરાધના સહિત સવારે ૯:૩૦ કલાકે આ અવનીનો ત્યાગ કરી પરલોકના પ્રવાસી બની ગયા તેઓની પાલખીયાત્રા સાંજે ૫ કલાકે નિકળી જેમાં અનેક જૈન-જૈનેતરોએ લાભ લઈ જીવન સાર્થક કર્યુ પાલખીયાત્રાનો સંપૂર્ણ લાભ પૂ. શાંતાબાઈ મ.સ. ના સંસારી પિતા હંસરાજભાઈ ખુશાલભાઈ શાહ પરિવારે લીધો.

શાલીભદ્રબાઈ સરદારનગર સ્થા. જૈન સંઘમાં તા. ૨ ગુરૂવાર ગુણાનુવાદ સભા યોજાઈ જેમાં ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જશરાજમુ. મ.સા. પૂ. ધીરજમુનિ મ.સા. આચાર્ય ભ.પૂ. યશોવિજય સુરી મ.સા. નમ્રમુનિ મ.સા. આદિ ગુરૂભગવંતોએ આશ્વાસન સંદેશ પાઠવ્યો હતો.

ઈન્દુબાઈ મ.સ.એ ફરમાવ્યું કે, સંયમ જીવનનો સાર પંડિત મરણ છે. આ સુક્તિકાને સાર્થક કરી શાંતાબાઈ મ.સ. સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સહનશીલ સ્વીકારભાવના સ્વામી, સ્વાધ્યાયપ્રેમી, શાંતાબાઈ મ.સ.ની વિદાયથી ઉત્તમ પરિવારે એક અણમુલુ રત્ન ગુમાવ્યું સ્મિતબાઈ મ.સ.એ જણાવ્યું કે, સેવામુર્તિ-તપોમુર્તિ-સાધના મુર્તિ સમતામુર્તિ-વાત્સલ્યમૂર્તિએ વિદાય લીધી પૂજ્યતા, પ્રશન્નતા, પવિત્રતા, પ્રજ્ઞાપનીયતાના ગુણથી શોભતા હતાં. પૂ. રૂપાબાઈ મ.સ.એ ફરમાવ્યું કે, તેઓએ શાસન સંપ્રદાય-પરિવારના નામને રોશન કર્યુ, સોનલબાઈએ કહ્યું કે, તેઓશ્રીમાં લાયન-લાઈન-લવ પર્સનાલીટી હતી. ધીરતાજીએ તેમના આંતરિક ગુણોને બિરદાવી વહેલા સાનિધ્યને સિધ્ધ કરે તેવી ભાવના દર્શાવી હતી.

આ સમયે જશ-ઉત્તમ, પ્રાણ પરિવાર સંઘાણી સંપ્ર. અજરામર સંપ્રદાયના મહાસતીજી વૃંદ ઉપસ્થિત રહ્યા હતાં.

નીરૂબાઈ મ.સએ સર્વને ઉપસ્થિત રહી દુઃખમાં સહભાગ બનવા બદલ સર્વનો‌ઉપકાર માન્યો હતો. શાંતાબાઈ મ.સ.ની અગ્લાનભાવે સેવા કરવા બદલે હંસરાજભાઈ શાહ પરિવાર તરફથી ડો. પ્રશાંત શેઠનું બહુમાન કરવામાં આવ્યું આ તકે પ્રવિણભાઈ કોઠારી એમ.શેઠ હરેશભાઈ વોરાએ પોતાના ભાવ રજૂ કર્યા હતાં. શાહ પરિવાર તથા અનેક ભાવિકો તરફથી જીવદયા તથા વૈયાવચ્ચમાં સુંદર અનુદાન આપવામાં આવ્યું.

સંઘ પ્રમુખ હરેશભાઈ વોરાએ સફળ સંચાલન કરી સુંદર રીતે કાર્યવાહી પૂર્ણ કરી હતી.

# ગૌતમનગરની પરિણીતા અને સાસુને પતિએ ઢીંકાપાટુનો માર માર્યો

**ગીરવે મુકેલી સોનાની બુટી છોડાવવાનું કહેતા જ પતિ વિફર્યો : પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી**

**અબતક, રાજકોટ**

ગાંધીગ્રામના ગૌતમનગરમાં સોનાની ગીરવે મૂકેલી બુટ્ટી છોડાવવા બાબત પતિએ પત્ની સાથે ઝઘડો કરી મારમાર્યો હતો. ઝઘડામાં વચ્ચે પડતા સાસુને પણ જમાઈએ લાતો મારી હતી. જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આરએમ સી કવાર્ટર બ્લોક નંબર ૦૨, રૂમ નંબર ૩૧, ઈન્ડિયન પાર્ક રૈયા રોડ ખાતે રહેતી પરિણીતા દિવ્યાબેન બારોટ(ઉં વર્ષ ૩૪)એ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પતિ હિમાંશુ ભુરાભાઈ જાદવ(રહે દ્રોણાઈ કૃપા ગૌતમ નગર શેરી નંબર ૪/૫નો ખૂણો, ગાંધીગ્રામ) નું નામ આપ્યું હતું.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના પહેલા લગ્ન જતીનકુમાર અમૃતલાલ મોખાર (રહે જામનગર) સાથે થયા હતા.તેમને સંતાનમાં ૧૧ વર્ષનો એક દીકરો છે.૨૦૨૧માં તેમના પતિ જતીનભાઈનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. જે બાદ પરિણીતા તેની માતાના ઘરે બે વર્ષ રહી હતી. તેમના જ વિસ્તારમાં રહેતા હિમાંશુ ભુરાભાઈ જાદવ સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. પરિણીતાને તેના પિતાએ સોનાની બુટ્ટી આપી હતી.જે તેનો પતિ ગીરવે મૂકી આવ્યો હતો તે બાબતને લઈ પતિ પત્ની વચ્ચે છેલ્લા છ માસથી ઝઘડા ચાલે છે. પતિ મહેણા ટોણા મારી માનસિક ત્રાસ આપતો હતો. ગત તા.૦૨/૦૪ ના રોજ પતિ સાથે સોનાની બુટ્ટી બાબતે બોલાચાલી થતા પરિણીતાની માતા સમજાવવા માટે ઘરે આવી હતી પરંતુ પતિ ઘરમાંથી ચાલ્યો ગયો હતો.

ગત તા.૦૩/૦૪ ના રોજ સવારે સાડા દસ વાગ્યા આસપાસ તે તેનો પતિ,તેની માતા, પતિનો મિત્ર બીપીનભાઈ અને તેમની પત્ની વિભૂતિબેન ઘરે હતા ત્યારે માતા જિજ્ઞાસાબેને પતિને કહ્યું કે ગીરવે રાખેલ બુટ્ટી છોડાવી આપો આપણે સમાધાન કરી લઈએ આટલું કહેતા પતિ ઉશ્કેરાઈ જઈ પરિણીતા સાથે બોલાચાલી કરી જમણો હાથ વાળી દીધો હતો. સાસુને ગાળો ભાંડી કમરના ભાગે લાતો મારી ધક્કો મારી નીચે પાડી દીધેલ હતા. માતાને વધુ મારથી બચાવવા પરિણીતા વચ્ચે પડતા તેની સાથે પણ ઝપાઝપી કરી હતી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# શ્રી વિરાણી પૌષધશાળા સંઘ ઉપાશ્રયે ચૈત્ર માસ આયંબીલના ઓળી પારણા

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયનાં જશ ઝવેર ગુરુવર્યાના કૃપાપાત્રી સુશિષ્યા, શાસન ચંદ્રિકા હીરાબાઈ મહાસતીજી પરમ કૃપાપાત્ર બહેન સાધ્વી સૌમ્ય મૂર્તિ જ્યોતિબાઈ મહાસતીજી, જશુબાઈ મહાસતીજી, ઉષાબાઈ મહાસતીજી, બેન સ્વામી પ્રવચન પ્રભાવક સ્મિતાબાઈ મહાસતીજી આદિ સતિવૃંદ અમારા સંઘની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી ગત તા.૧૫-૦૩-૨૦૨૬ને રવિવારે પધાર્યા સમસ્ત સંઘે તેઓનું ભાવોલ્લાસપૂર્વક સ્વાગત સહ આવકાર્યા અને ભક્તિથી વધામણા કરાવ્યા.

ગુરૂણીઓ પધાર્યા ત્યારથી જ પ્રતિદિન સંઘમાં વિવિધ કાર્યક્રમો શરૂ થઈ ગયા, પ્રતિદિન સવારે પ્રવચન આદી પણ યોજાતા રહ્યા, દરમ્યાન ગત તા.૨૪-૦૩-૨૦૨૬ થી તા.૧-૪-૨૦૨૬ સુધી નવ પદ આરાધના શરૂ થઈ ગઈ, પ્રતિ દિન સવારે ૮.૩૦ થી ૯.૩૦ પ્રભાવક ઉવસગ્ગહરં સ્ત્રોત જાપ પૂ.સ્મિતાબાઈ મહાસતીજી પરિવાર તરફથી, સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ નવ પદ અપાવે પરમ પદ ઉપર પ્રવચન પ્રભાવક સ્મિતાબાઈ મહાસતીજીનાં જોશીલા વ્યાખ્યાન જેમાં પ્રભાવના માતુશ્રી કાંતાબેન ચંદુલાલ વોરા - મોમ્બાસાવાળા પરિવાર તરફથી નવપદ વર્ણ પ્રમાણે પ્રભાવના તથા અ.સૌ. ભાવનાબેન સતીષભાઈ બાટવીયા તરફથી પણ પ્રભાવનાં કરવામાં આવેલ હતી.

સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૦૦ દરમ્યાન વિવિધ કાયોત્સર્ગ તથા વિવિધ જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ, પ્રભાવના પૂ.સ્મિતાબાઈ મહાસતીજીનાં બહેનો તરફથી, બપોરે ૧૨.૦૦ કલાકે અત્યંત ઉત્સાહ સહ શિસ્ત પાલન સાથે ખૂબ જ શાતાકારી આયંબીલ કરાવવામાં આવતી હતી. આખી ઓળીનો લાભ માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ પ્રેમચંદ વોરા હસ્તે સંઘ પ્રમુખ હરેશભાઈ વોરા-ભારતીબેન વોરા અને મુકેશભાઈ વોરા- સ્મિતાબેન વોરા પરિવાર તરફથી લેવામાં આવેલ હતો.

સેંકડો ભાવિકોએ ઓળી કરેલ અને દરરોજ પાટલા પ્રભાવના શ્રીસંઘનાં સ્થાનિક દાતાઓ તથા પૂ.હિરક ગુરુભક્ત તરફથી કરવામાં આવતી હતી. તા.૩૧-૪-૨૦૨૬નાં ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની વિશાળ ધર્મસભા પૌષધશાળામાં પધારતા મહાવીરનો જય જયકાર જૈનમ ગ્રુપ આયોજીત સહુ એ ગુંજાવ્યો હતો.તા.૨-૪-૨૦૨૬ને ગુરુવારે બપોરે ૧૨.૦૦ કલાકે શ્રી સંઘ સ્થાનક દાતાઓ હરેશભાઈ વોરા પરિવાર, સ્મિતાબાઈ મહાસતીજીનાં પરિવાર તતા ગુરુભકતો, માતુશ્રી જશવંતીબેન મહેતા પરિવાર, મોદી પરિવાર, શેઠ પરિવાર, શાહ પરિવાર આદી અનેક દાતાઓ તરફથી રેકોર્ડ બ્રેક રકમનો કવર, શાતકારી દોહર શાલ તથા આદિ દાતાઓ ટાઠકનાં ડબ્બા આદીથી તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ હતી.

ત્યારબાદ હરેશભાઈ, મુકેશભાઈ વોરા પરિવાર તરફથી ખૂબ જ શાતાકારી ગૌતમ પ્રસાદ પારણા કરાવવામાં આવેલ ગુરુણી હીરાબાઈ મહાસતીજીની કૃપાથી પ્રસાદ પારણા કરાવવામાં આવેલ, ગુરૂણી હીરાબાઈ મહાસતીજીની કૃપાથી આયંબીલ ઓળી અતિ ભવ્યતાથી સંપન્ન થઈ, કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ વોરા, દિનેશભાઈ, બકુલભાઈ રૂપાણી, કમલેશભાઈ મોદી, સતીષભાઈ બાટવીયા, વિશાલભાઈ શાહ, હીતેશભાઈ મણીયાર, ઈન્દુભાઈ બદાણી, શ્રીમતી ડીમ્પલબેન સહ મહિલા મંડળો, જૈન શાળાનાં બાળકોએ ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવેલ તેમ શ્રીસંઘની એક યાદીમાં જણાવેલ.

# શ્યામા પ્રસાદ આર્ટ ગેલેરીમાં ત્રિશકિત આર્ટ દ્વારા પ્રદર્શન



**અબતક,રાજકોટ**

રાજકોટની શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી રેસકોસ ખાતે ત્રીશક્તિ આર્ટ દ્વારા ભારત ભરના ચિત્ર અને ફોટોના કલાકારોનો પ્રદર્શનનું તૃપ્તીબા રાઓલ (પ્રમુખ,નારી શક્તિ એજ્યુકેશન) તેમજ નિશા ચાવડા(મિસ ઈન્ડિયા વેસ્ટ), પવનકુમાર પોસ્ટ માસ્તર સૌરાષ્ટ્ર કચ્છ રિયોજીનલના હસ્તે પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું પ્રદર્શનમાં અજય જાડેજા" આત્મન ગજ્જર, ભૂમિબા જાડેજા, ધ્રુવલ માંકડ, દિપક શર્મા, દિવ્યરાજ જાડેજા, હાર્મી પીપલિયા, હેલી પીપલીયા, હેતવી ભાંખોડીયા, હેતવીબા જાડેજા, જલ્પા ખેરડીયા જાનવીબા જાડેજા, જયશ્રી રાતીયા, જયશ્રીબા ગોહિલ, કાર્તિકબા સોઢા, ક્રિષ્નાબા પરમાર, કૃષ્ણરાજ જાડેજા, સહિતના કલાકારો ભાગ લેશે ૮ એપ્રીલ સુધી આ પ્રદર્શન સવારે ૧૦થી બપોરે ૧ અને સાંજે ૪ થી રાતના ૯ સુધી ખુલ્લુ રહેશે.

(પહેલા પાનાનું ચાલું)

## કલ્પસર...

બનાવવામાં આવશે.આ બંધની ઉપર ૧૬ લેનનો હાઈવે બનાવવાનું આયોજન છે, જે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેના મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો કરશે. ગુજરાતમાં ૨૦૪૭ સુધીમાં પાણીની ગંભીર અછત સર્જાવાની ભીતિ છે. કલ્પસર દ્વારા નર્મદા, સાબરમતી અને મહી જેવી નદીઓનું સમુદ્રમાં વહી જતું ૩૦,૦૦૦ લાખ ક્યુબિક મીટર પાણી સંગ્રહિત કરી શકાશે.

સરકારના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટનો ઉચ્છ અંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં ૫૧ જેટલા વિવિધ પાસાઓના અભ્યાસ પૂર્ણ થયા છે અને બાકીના અભ્યાસો જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.આ મેગા પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.૧.૫૭ લાખ કરોડ આંકવામાં આવ્યો છે.ડીપીઆર મંજૂર થયા બાદ અને કામ શરૂ થયા પછી આ પ્રોજેક્ટ પૂર્ણ થતા અંદાજે ૮ વર્ષ જેટલો સમય લાગી શકે છે. ખંભાતનો અખાત તેની પ્રચંડ ભરતી અને કુદરતી પ્રવાહો માટે જાણીતો છે. દુનિયામાં નેધરલેન્ડ એક એવો દેશ છે જેણે દરિયાને પાછો ધકેલીને જમીન મેળવવામાં અને દરિયામાં સફળતાપૂર્વક બંધ બાંધવામાં સફળતા મેળવી છે. આથી જ ગુજરાત સરકાર આ પ્રોજેક્ટમાં કોઈ ભૂલ ન રહી જાય તે માટે ડચ ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય અનુભવનો મહત્તમ ઉપયોગ કરવા માંગે છે. કલ્પસર પ્રોજેક્ટથી માત્ર ખેતી અને પીવાના પાણીની સમસ્યા જ નહીં ઉકેલાય, પરંતુ તેને કારણે દરિયાઈ ખારાશ આગળ વધતી અટકશે અને સૌરાષ્ટ્રના લાખો હેક્ટર જમીનમાં ભૂગર્ભ જળના સ્તર પણ ઊંચા આવશે.

## ટોલ...

નેશનલ હાઈવે નેટવર્ક પર મલ્ટી-લેન ફ્રી ફ્લો અથવા સિગ્નલ-ફ્રી ટોલિંગ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. ત્યારે મુસાફરો આ નવી સિસ્ટમ ઝડપથી અપનાવે તે જરૂરી છે. માન્ય ફાસ્ટેગ વિનાના વાહનોને હવે અનપેઈડ ટોલની સીધી ઈ-નોટિસ મળશે, જેથી ભવિષ્યમાં રોકડ વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ જશે.

## જન વિશ્વાસ બિલ...

એક્ટ, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (નોંધણી અને નિયમન) એક્ટ અને નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ એકટની જોગવાઈઓમાં સુધારો કરે છે જેથી પ્રક્રિયાગત ભૂલો માટે જેલ દૂર થાય. હોસ્પિટલો અને ક્લિનિક્સ માટે, ગ્રેડેડ દંડ હશે, જે વારંવાર ઉલ્લંઘનો માટે વધશે. જાહેર આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને, બિલ ગંભીર ગુનાઓ માટે જેલની સજાને અકબંધ રાખવા માંગે છે, જેમ કે ખાદ્ય સુરક્ષા અધિકારીઓને અવરોધવા અથવા જપ્ત કરેલા ઉત્પાદનો સાથે ચેડા કરવા.

(ત્રીજા પાનાનું ચાલું)

## સાંઢિયા પુલ...

૧૬.૪૦ મીટરની છે. અને ફોરલેન બ્રીજ બનશે. બ્રિજની કુલ લંબાઈ ૬૦૨ રનિંગ મિટરની રહેશે. સેન્ટ્રલસ્પાનની લંબાઈ ૩૬ રનીંગ મિટરની રાખવામાં આવી છે. જેમાં સ્ટીલના સાત ગર્ડર મુકવામાં આવશે. વરસાદી પાણીના નિકાલ માટે બે આરસીસી બોક્સ કલ્વર્ટ બનાવવામાં આવ્યા છે. આરસીસી વોલની લંબાઈ ૧૬૮ રનીંગ મીટરની છે. બ્રીજનું ૯૨ ટકાથી વધુ કાર્ય હાલ પૂર્ણ થઈ રહ્યું છે. જે સંપૂર્ણપણે ચૂંટણી પૂર્ણ થયા બાદ પુરુ થઈ જશે. બ્રીજના નિર્માણ કાર્યના કારણે છેલ્લા ત્રણેક વર્ષથી એસટી બસ પણ શહેરના મધ્ય વિસ્તાર એટલે કે, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ, રૈયા રોડ અને ૧૫૦ ફૂટ રીંગ રોડપરથી પસાર થતી હોવાના કારણે પીકઅવર્સ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. હવે જ્યારે ચૂંટણી પછી બ્રીજનું વિધિવત લોકાર્પણ કરી દેવામાં આવશે. ત્યારે એસટી બસ પણ શહેરમાંથી પસાર થતી બંધ થઈ જશે.

## અર્બન થિંગ...

આધુનિક અને મનમોહક પહેરવેશની દુનિયામાં વિશ્વાસપાત્ર નામ બનેલી આ બ્રાન્ડ હવે મોટા શહેરો જેવો અહેસાસ રાજકોટના આંગણે લાવી છે. નૂતન સજાવટ અને વૈભવી વસ્ત્રકળાના સંગમ સમાન આ શોરૂમ યુવા વર્ગમાં અત્યારથી જ ભારે આકર્ષણ જમાવી રહ્યો છે. ૧૦ વર્ષની સફળ મંજલ બાદ હવે 'અર્બન થિંગ' આગામી સમયમાં સમગ્ર ભારતમાં ૧૦૦ જેટલી નવી શાખાઓ શરૂ કરીને પોતાનો વ્યાપ વધારવા માટે સજ્જ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## પક્ષના નામે જ મતદાન...

રોકડા ૧૪ દિવસ જ મળશે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં પ્રચારનું ખૂબજ મોટુ મહત્વ રહેતું હોય છે. કારણ કે, આ ચૂંટણીમાં મતદાન સ્થાનીક મૂદાઓને ધ્યાનમાં રાખી થતું હોય છે. ઉમેદવાર કે રાજકીય પક્ષોએ વોર્ડમાં બેથી ત્રણ વાર ડોર ટુ ડોર લોક સંપર્ક કરી પ્રચાર કરવો. પડે છે રોડ -શો, ચૂંટણી સભા, વોર્ડ કે વિસ્તારમાં સૌથી વધુ વસ્તી ધરાવતા સમાજના વિશાળ સંમેલનો યોજવા પડે છે. વસતી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી ન હોય વોર્ડના સિમાંકન યથાવત રહ્યા છે. વોર્ડ કે બેઠકોનો વિસ્તાર પણ મોટો છે. આવામાં ફોર્મ ભર્યાની બીજી જ મીનીટથી ઉમેદવારોએ રાત કે દિવસ જોયા વિના જોર શોરથી ચૂંટણીમાં લાગી જવું પડશે. ૧૪ દિવસનો સમય પ્રચાર માટે ખૂબજ ઓછો પડે છે. આવામાં જે વોર્ડ, વિસ્તાર કે બેઠક પર ઉમેદવાર, કે પક્ષની સ્થિતિ વધુ મજબૂત હોય ત્યાં એકાદ વખત લોક સંપર્ક કરવામાં આવશે નબળા વિસ્તારો પર વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. ચૂંટણી પંચના નિયમો અનુસાર મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચાર પ્રસાર પૂર્ણ કરી દેવો પડે છે. ૨૬મી એપ્રીલના રોજ મતદાન થવાનું હોય ૨૪મી એપ્રીલે સાંજે પ્રચાર બંધ કરી દેવાનો રહેશે આવામાં પ્રચાર માટે માત્ર ૧૪ દિવસ જ મળશે.આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની બે યાદી જાહેર કરી દેવામાં આવી છે. રાજયના બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા હજી સુધી ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા નથી. આવતા સપ્તાહે બંને પક્ષો દ્વારા ઉમેદવારોના નામો જાહેર કરાયા બાદ ચૂંટણીનો માહોલ પકડાશે એકવાત ફાઈનલ છે કે મતદારો સુધી પહોચવા અને પોતાની વાત મૂકવા માટે રાજકીય પક્ષો કે ઉમેદવારો એ રાત દિવસ જોયા વિના પ્રચાર કરવા પડશે.

વોર્ડમાં સમાજના આગેવાનો સાથે બેઠક યોજી મોટા સમુદાયને પોતાની તરફ એકર્લીન કરવાના પ્રયાસો કરવા પડશે. હાલ પરીક્ષાની સિઝન પણ માથે છે. ત્યારે ચૂંટણી પ્રચાર પ્રસારના દેકારા વિદ્યાર્થીઓની એકાગ્રતા ભંગ કરશે. ઉમેદવારોને મતદારો ઓળખે તે પહેલા જ મતદાનની તારીખ આવી જશે એટલે સંપૂર્ણપણે મતદાન રાજકીય પક્ષોના નામે થાય તેવી શક્યતા હાલ દેખાય રહી છે. છેલ્લા ઘણા સમયથી ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનો લાંબો કાર્યક્રમ જાહેર કરવાના બદલે એક મહિનાથી લઈ દોઢ મહિના સુધીમાં સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જાય તે રીતનો કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે. આ પ્રક્રિયા ખૂબ જ સારી છે કારણકે આચારસંહિતા અમલમાં હોવાના કારણે વિકાસ કામો પર વિપરીત અસર પડે છે.બીજી તરફ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ ચૂંટણી ફરજમાં રોકાયેલા હોવાના કારણે લોકોના કામ કરી શકતા નથી જેના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી પ્રક્રિયા માત્ર ૨૯ દિવસમાં પૂર્ણ થઈ જશે જેના કારણે લોકોએ ચૂંટણીના કારણે વધુ હાલાકી ભોગવી પડશે નહીં. પરંતુ બીજી તરફ ચૂંટણી લડતા ઉમેદવારોને પ્રચાર માટે પૂરતો સમય મળશે નહીં.રાષ્ટ્રીય પક્ષોને કોઈ વાંધો નહીં આવે કારણ કે તેઓના કમિટેડ વોટરો ઉમેદવાર નહીં પરંતુ પક્ષના સિમ્બોલને આધારે મતદાન કરતા હોય છે.

## ચૂંટણીપંચ સામે સવાલ...

થયેલા વિકાસ કાર્યોમાં તેમના નામો અને ઓળખ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી રહી છે. શહેરો અને તાલુકાઓની જાહેર દીવાલો પર શાસક પક્ષના ચિહ્નો સાથે પેઈન્ટિંગ્સ જોવા મળે છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની અધિકૃત વેબસાઈટ પર વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓના ફોટા યથાવત પ્રદર્શિત થઈ રહ્યા છે. સરકારી કંપનીઓના પેટ્રોલ પંપ પર રાજકીય નેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સ અને બેનરો યથાવત છે. ખાનગી હોસ્પિટલો ખાતે આયુષ્યમાન યોજના સંબંધિત બોર્ડમાં વડાપ્રધાનનો ફોટો પ્રદર્શિત થઈ રહ્યો છે. વિવિધ સરકારી તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય નેતાઓના ફોટા દૂર કરવામાં આવ્યા નથી.આ તમામ ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સંબંધિત વિભાગો, પરિવહન વિભાગ, નાણાંકીય સંસ્થાઓ, આરોગ્ય વિભાગ, શૈક્ષણિક તંત્ર, સરકારી કંપનીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, આદર્શ આચારસંહિતાનો અમલ કરાવવામાં નિષ્ફળ રહ્યા છે. દરેક વિભાગના વડા અને સંબંધિત અધિકારીઓની ફરજ છે કે તેઓ ચૂંટણી પંચના આદેશોનું પાલન કરે અને કોઈપણ પ્રકારના રાજકીય પ્રચારને તરત દૂર કરે.

હેમાંગ રાવલે જણાવ્યું કે ચૂંટણી પંચે માત્ર માર્ગદર્શિકા જારી કરીને પોતાની જવાબદારી પૂર્ણ માનવી નહીં, પરંતુ રાજ્યવ્યાપી મોનિટરિંગ સિસ્ટમ ઉભી કરી, તાત્કાલિક તપાસ કરી અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. આ માટે જિલ્લા સ્તરે વિશેષ ટીમો રચવી, ૨૪ કલાકમાં રિપોર્ટિંગ મિકેનિઝમ અમલમાં મૂકવો અને ઉલ્લંઘન સામે દંડાત્મક પગલાં લેવા જરૂરી છે.અંતમાં તેમણે રાજ્ય ચૂંટણી આયોગને કડક શબ્દોમાં અપીલ કરી કે આ સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લઈને તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતાનો કડક અમલ સુનિશ્ચિત કરવામાં આવે, નહીં તો કોંગ્રેસ પાર્ટી લોકશાહી અને ચૂંટણીની પવિત્રતા જાળવવા માટે વધુ કડક પગલાં લેવા મજબૂર થશે.

## ઉમરેઠ વિધાનસભા...

યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાની દરેક ચૂંટણી કોંગ્રેસ માટે ખૂબજ મહત્વપૂર્ણ મનાય રહી છે. ૨૦૨૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક જીત્યા બાદ કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં ઉત્સાહનો નવો જ સંચાર થયો છે. આવામાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું પરિણામ અને સત્તાના સેમિફાઈનલ સમી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામ કોંગ્રેસ માટે ખૂબજ મહત્વપૂર્ણ બની રહેશે.

# કરૂણા ચેરી. ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડા અને ચકલીના માળાનું વિતરણ

**અબતક, રાજકોટ**

કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ અને જી. બી. શાહ કોમર્સ કોલેજ એનએસએસ યુનિટ દ્વારા મનોહરમૂર્તિ હનુમાનજી મંદિર, જી. બી. શાહ કોલેજ ની સામે, વાસણા ખાતે પશુ-પક્ષીઓ માટે "પાણી ના કુંડા" તથા ઓઆરએસ અને સાથે "પક્ષીઓ માટે માળા" નો નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ચકલીઓને સંરક્ષિત કરવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને સ્ટાફ તથા વિદ્યાર્થીઓને ચકલી ઘરનું તેમજ પશુ- પક્ષીઓને ઉનાળાની ગરમીમાં પાણી મળી રહે તે માટે માટીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** ઔદિચ્ય ઘેલારામજી જ્ઞાતિના સ્વ. ડાહ્યાલાલ અજરામભાઈ રાજ્યગુરૂ તથા ગં.સ્વ. વસંતબેન ડાહ્યાલાલના પુત્ર, સુરત નિવાસી જગદીશભાઈ ડી. રાજ્યગુરૂ (૯૫) વર્ષ તેઓ સ્વ. ઉર્મિલાબેન જે. રાજ્યગુરૂના પતિ, સ્વ. ગિરજાબેન તથા સ્વ. હરિભાઈ વ્યાસના જમાઈ તથા જયશ્રીબેન, મીનાક્ષીબેન, નીલાબેન, આરતીબેન, સ્વ. અમુલભાઈ જે રાજ્યગુરુના પિતા તથા સનતકુમાર જોષીના સસરા તથા વત્સલભાઈ અને જયભાઈના દાદા તથા ઉત્સવભાઈ અને વૈશાલીબેનના નાના, સુરત મુકામે તા. ૧ના રોજ અવસાન થયેલ છે. તેઓનું બન્ને પક્ષનું સંયુક્ત બેસણું રાજકોટ મુકામે તા. ૬ ના રોજ સોમવારે સાંજે ૪થી ૬ દરમિયાન ઘેલારામજી બ્રાહ્મણ બોર્ડિંગ, જયંત કે.જી. રોડ, સ્વાશ્રય સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગૌ.વા. નરેન્દ્રકુમાર રતિલાલ કડેચા જે દલસુખભાઈ મગનલાલ રાજપરાના જમાઈ તથા કૈલાસભાઈ ડી. રાજપરાના બનેવી તેમજ ધ્રુવિન કે. રાજપરાના ફૂવાનું અવસાન તા. ૩ના રોજ થયેલ છે. તેમની સાદડી તા. ૬ ના રોજ સોમવારે સાંજે ૪:૩૦થી ૬ સ્થળ કલ્યાણજીભાઈ નરસિંહભાઈ જાની, કોમ્યુ. હોલ (મોઢ બ્રાહ્મણ જ્ઞાતિની વાડી), સરકારી કર્મચારી સોસાયટી, ચંદન પાર્ક મેઈન રોડ, રૈયા ચોકડી પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મહાવીર જન્મોત્સવ અવસરે મહિલા મંડળોના ૨૫૦થી વધુ બહેનોના કંઠે ગુંજયા 'સ્તવનો'





## પ્રથમ નંબરે રાજપથ મંડળ, દ્વિતિય કંકુ મહિલા મંડળ અને તૃતીય શાંતિનાથ વિજેતા બન્યા

**અબતક,રાજકોટ**

સમગ્ર વિશ્વને અહિંસા પરમો ધર્મનો દિવ્ય સંદેશો આપનાર એવા આપણા પરમ તારક ૨૪ માં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવ ના પુનિત અને પાવન અવસરે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિ રાજકોટના ઉપલક્ષે અને સ્વ.વિજયાબેન અને સ્વ.માણેકચંદ ડાયાભાઈ શેઠ 'શેઠ ઉપાશ્રય તથા સ્વ.સરયુબેન ચંદ્રકાન્તભાઈ શેઠ શેઠ પૌષધશાળા તેમજ રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-ઓમાનવાળા ઉપાશ્રય-સી. એમ. શેઠ પૌષધશાળા આયોજિત રાજકોટના સમસ્ત મહિલા મંડળોના બહેનો માટેની સ્તવન સ્પર્ધાનો ભક્તિસભર કાર્યક્રમ પૂ. મહાસતીજીઓના મંગલમય નિશ્રામાં તા.૩૦/૩/૨૬ ને સોમવાર ના રોજ સ્પર્ધામાં સમસ્તનું આયોજન શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ ના આંગણે કરવામાં આવેલ હતું.

જેમાં સમસ્ત રાજકોટ મહિલા મંડળના સુવિધિ મહિલા મંડળ, મુક્ત-લીલમ પ્રતિક્રમણ મંડળ, સમર્થ પારસ નવલ મહિલા મંડળ, શિવાદેવી મંડળ(માજી મંડળ), સમકિત પુત્રવધૂ મંડળ વૈશાલીનગર સંઘ, ગોંડલ રોડ વેસ્ટ વર્ધમાન મહિલા મંડળ, શાંતિનાથ પુત્રવધૂ મંડળ (શ્રી મનહર પ્લોટ સંઘ), જયંતી શ્રાવક મંડળ, સામાયિક મહિલા મંડળ, સંભવનાથ જીનાજ્ઞા મહિલા મંડળ, સોહમ મહિલા મંડળ, રાજપથ ભકિત મંડળ, મહાવીરનગર મહિલા મંડળ(મોટું), મહાવીરનગર સંગીત મંડળ(મહાવીરનગર ઉપાશ્રય), સરિતા વિહાર મહિલા મંડળ, નેમિનાથ વીતરાગ મોટું મંડળ, નેમિનાથ વીતરાગ પદ્માવતી પુત્રવધુ મંડળ, રોયલપાર્ક મહિલા મંડળ( રોયલપાર્ક સ્થા. જૈન મોત સંઘ), સદનંદી મહિલા મંડળ(બજરંગ વાડી), કૃત પ્રાવિકા મહિલા મંડળ, કંકુ મહિલા મંડળ(અજરામર ઉપાશ્રય), ઋષભદેવ જિનમતી પુત્રવધુ મંડળ, ઋષભદેવ જીનાજ્ઞા મહિલા મંડળ, શાંતિનાથ ભકિત મંડળ(રૈયાહિલ), તપસમ્રાટ શાંતિ મંડળ, ગુરુ ગિરિ ગરિમા મંડળ, વિજયાબા મહિલા મંડળ (શેઠ ઉપાશ્રય), મુક્ત નીલમ મહિલા મંડળ(ગાયત્રીનગર), ઉપસમ આરાધના મંડળ, રાજેમતિ મહિલા મંડળ, શેઠ બંધુ મંડળ- રૂડાનગર સ્થા. જૈન સંઘ, વિનય પ્રતિક્રમણ મંડળ, પ્રેમ ધીર જાપ મંડળ, આત્માર્થી રોયલ મંડળ, જિનમતી પુત્રવધુ મંડળ, મલ્લી ભગવતી સરદારનગર મહિલા મંડળ વિગેરે જેવા ૪૦ મહિલા મંડળના કુલ ૨૫૦ થી વધુ બહેનો એ ભાગ લીધેલ. રાજકોટમાં ૩૪ વર્ષથી સતત સ્તવન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

જેમાં પ્રથમ નંબરે રાજપથ મંડળ, દ્રિતીય નંબરે કંકુ મહિલા મંડળ અને તૃતીય નંબર પર શાંતિનાથ ભકિત આવેલ. તેમજ આસ્વાસન નંબર સમકિત પુત્રવધુ મંડળ, જીરાવાલા સામાયિક અને રોયલપાર્ક પુત્રવધુ મંડળ ને મળેલ. જેમને યોગ્ય પારિતોષિક આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ સ્તવન સ્પર્ધાના આયોજનમાં પૂ. હિનાબાઈ સ્વામી ના આશીર્વાદ તેમજ ચંદ્રકાંતભાઈ શેઠ ની આગેવાની હેઠળ સ્તવન સ્પર્ધાનું સંચાલન નયનાબેન મોદી, એંકરીંગ રિદ્ધિબેન બાવીસી તેમજ પ્રાસંગિક મધુકરભાઈ મહેતા, તેમજ સંપૂર્ણ કાર્યક્રમની સ્પોન્સરશીપ રૂપભાઈ ચંદ્રકાંત શેઠ તરફથી, જીતુભાઈ શેઠ, પરેશભાઈ મહેતા, તેમજ સ્તવન સ્પર્ધાના નિર્ણાયક તરીકે સોનબેન શાહ, અલ્કાન સેઠ, ફાલ્ગુનીબેન મહેતા અને જ્યોતિબેન સાહ વિગેરે એ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### રાંધણ ગેસમાં 'અછત'નો અંત

# ગેસ ભરેલા સાતમાં શિપ 'ગ્રીન સાનવી'એ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાર કર્યું

## પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે ૧૭ ભારતીય જહાજો હજુ પણ ફસાયેલા

**અબતક, નવી દિલ્હી**

સાતમું ભારતીય ફ્લેગ ધરાવતું એલપીજી ટેન્કર ગ્રીન સાનવી શુક્રવારે હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ગયું છે. પશ્ચિમ એશિયામાં યુધ્ધ ફાટી નીકળ્યા પછી અત્યાર સુધીમાં એલપીજી વહન કરતા ૬ જહાજો આ સામુદ્રધુની પાર કરીને ભારતીય બંદરો પર સુરક્ષિત પહોંચી ગયા છે.

હાલમાં, ૧૭ ભારતીય જહાજો હોર્મુઝની સામુદ્રધુનીની પશ્ચિમમાં ફસાયેલા છે. આ જહાજોમાં ગ્રીન આશા અને જગ વિક્રમ નામના ૨ એલપીજી ભરેલા જહાજોનો પણ સમાવેશ થાય છે. આ બાબતના જાણકારોના મતે, આ ૨ જહાજો પણ ટૂંક સમયમાં ભારત તરફ રવાના થઈ શકે છે. અગાઉના અહેવાલો મુજબ, ૩ એલપીજી કેરિયર્સ પર્શિયન ગલ્ફમાં અબુ મુસા ટાપુની ઉત્તરપૂર્વમાં ભારતીય નૌકાદળની સૂચનાઓ અને સામુદ્રધુની પાર કરવા માટેના આદેશની રાહ જોઈ રહ્યા હતા. બીજી તરફ, ઈરાની ક્રૂડ ઓઈલ લઈને ભારત આવી રહેલા એક વિદેશી જહાજે અધવચ્ચે જ પોતાનો રૂટ બદલી નાખ્યો છે અને હવે તે ચીન તરફ આગળ વધી રહ્યું છે. ગ્લોબલ એનાલિટિક્સ ફર્મ કપ્લેરના લીડ એનાલિસ્ટ સુમિત રિટલીયા એ જણાવ્યું હતું કે, ઈરાની ક્રૂડ સાથે અધવચ્ચે ડેસ્ટિનેશન બદલવાની આ ઘટના કોઈ નવી વાત નથી. આ ફેરફાર મુખ્યત્વે પેમેન્ટની શરતો અને કાઉન્ટરપાર્ટી રિસ્કને લગતી બાબતો પ્રત્યેની વધતી સંવેદનશીલતા દર્શાવે છે.

તેઓના જણાવ્યા મુજબ, વિક્રેતાઓ હવે પેમેન્ટની શરતો કડક કરી રહ્યા છે અને ૩૦ થી ૬૦ દિવસની ક્રેડિટ વિન્ડોના બદલે એડવાન્સ અથવા તાત્કાલિક પેમેન્ટનો આગ્રહ રાખી રહ્યા છે. નિષ્ણાતો માને છે કે જો પેમેન્ટનો આ પ્રશ્ન ઉકેલાઈ જશે, તો આ કાર્ગો હજુ પણ ભારતીય રિફાઈનરી સુધી પહોંચી શકે છે. આ બાબત એ પણ દર્શાવે છે કે ચીન સિવાયના દેશોમાં ઈરાની ક્રૂડના પ્રવાહ માટે હવે લોજિસ્ટિક્સ જેટલી જ વ્યાપારી શરતો પણ મહત્વપૂર્ણ બની ગઈ છે. ક્રૂડ ટેન્કર અગાઉ ગુજરાતના કંડલામાં દીનદયાળ પોર્ટની વાડિનાર ફેસિલિટી તરફ આવી રહ્યું હોવાનું દર્શાવતું હતું. ૬ લાખ બેરલ ક્રૂડ લઈને જતું આ ટેન્કર હવે ચીનના પોર્ટ તરફ જઈ રહ્યું હોવાનું સિગ્નલ આપી રહ્યું છે. જોકે, જહાજના ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન ટ્રાન્સપોન્ડર દ્વારા દર્શાવવામાં આવેલું આ ડેસ્ટિનેશન અંતિમ છે કે કેમ અને તે ટ્રાન્ઝિટ દરમિયાન ફરી બદલાશે કે નહીં તે હજુ નિશ્ચિત નથી. જો આ ટેન્કર વાડિનાર પહોંચ્યું હોત, તો તે ૬ વર્ષમાં ભારત આવનારું પ્રથમ ઈરાની ક્રૂડ શિપમેન્ટ બન્યું હોત.

# સાહિત્ય સેતુ દ્વારા કાલે પુસ્તક પરબ

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃતિને વેગ મળે તેવા શુભાશયથી સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે.

પુસ્તક પરબનો ૫૪મો મણકો આવતીકાલે તારીખ ૫ એપ્રિલ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કાલાવડ રોડ પર નૂતનનગર હોલ પાસે આવેલ કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે. પુસ્તક પરબમાં વાંચકો માટે ઐતિહાસિક, ધાર્મિક, ચિંતનાત્મક, વિજ્ઞાન, પ્રવાસ સહિતના પુસ્તકો ખુલ્લા મૂકવામાં આવે છે. કોઈ પ્રકારની ડિપોઝિટ સભ્ય ફી કે લવાજમ વગર પુસ્તકપ્રેમીઓ પોતાને મનગમતા પુસ્તકો પોતાને જોઈએ એટલા લઈ જઈ શકે છે. શહેરના પુસ્તકપ્રેમીઓ, વાંચનપ્રેમીઓને પુસ્તક પરબની મુલાકાતે પધારવાનું સ્નેહભર્યું નિમંત્રણ છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# બજરંગ ગ્રુપની તમામ પ્રવૃત્તિઓ કાલે બંધ રહેશે

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપની લોહાણા પરિચય પસંદગી સમારોહના અનુલક્ષીને ગરેડીયા કુવા રોડ ખાતે કાર્યરત બજરંગ ગ્રુપ કાર્યાલય ૦૫/૦૪/૨૦૨૬ને રવિવારના રોજ તમામ પ્રવૃત્તિઓ બંધ રહેશે. તેમ એક યાદીને અંતે વાહિદ મારફાણીની યાદી જણાવે છે.

# ૨૮ તાલુકાઓમાં મૂસિબતના માવઠા દહેગામમાં વીજળી પડતા બાળકીનું મોત

## સવારથી સર્વત્ર આકાશ ચોખ્ખુ: મંગળવારથી ફરી વાતાવરણમાં પલ્ટો આવશે: સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ ગુજરાત અને રાજસ્થાનની બોર્ડર પાસેથી પસાર થવાના કારણે રાજ્યભરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. શુક્રવારે રાજ્યના ૨૮ તાલુકામાં મૂસિબતના માવઠા પડ્યા હતા. ગાંધીનગરના દહેગામમાં ખેતરમાં વિજળી પડવાના કારણે ૬ વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું. આજે સવારથી સર્વત્ર ઉઘાડ છે. દરમિયાન આગામી મંગળવારથી ફરી વાતાવરણમાં પલ્ટો આવશે. સૌરાષ્ટ્ર - કચ્છ અને મધ્ય ગુજરાતમાં કમોસમી વરસાદની શક્યતા જણાય રહી છે.

શુક્રવારે રાજ્યના ૨૮ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. કલ્યાણપુર અને વેરાવળમાં એક-એક ઈંચ, ભાવનગર, ઘોઘા અને ખંભાળીયામાં પોણો ઈંચ જ્યારે ઓખા, પાટણ, અંજાર, મુંદ્રા, સરસ્વતી, દશક્રોઈ, ગાંધીધામ, સિધ્ધપુર, તાલોદ, લાલપુર, તારાપુર, માતર, મોડાસા, પાલનપુર, ઉંઝા, દહેગામ, અમદાવાદ, સિંહોર, ભાણવડ, દાંતા, સાંતલસાણા, તાલાલા અને ધનસુરામાં હળવા ઝાપટા પડ્યા હતા. ગાંધીનગરના દહેગામમાં ખેતરમાં વીજળી પડતા ખેતરમાં રમી રહેલી ૬ વર્ષીય બાળકીનું મોત નિપજ્યું હતું. પોરબંદરમાં શુક્રવારે સતત બીજા દિવસે પણ વરસાદી વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડ્યો હતો. માર્ગો પર પાણી ફરી વળ્યાં હતા. ખેડૂતો પણ ચિંતામાં મુકાયા હતા તો બીજી તરફ રાણાવાવ પંથકમાં ભારે પવન ફૂંકાયો હતો અને વરસાદી ઝાપટા પણ પડ્યા હતા. પોરબંદર શહેરમાં ગુરુવારે પણ કમોસમી વરસાદી ઝાપટા પડ્યા હતા ત્યારે શુકવારે પણ પોરબંદર શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ કમોસમી વરસાદને લઈને શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યાં હતા. ભર ઉનાળે કમોસમી વરસાદ પડતાં જ ખેડૂતોના ખેતરમાં તૈયાર પડેલ પાકને પણ નુકશાન થતા ખેડૂતો પણ ચિંતામાં મુકાયા હતા. શહેરમાં કમોસમી વરસાદને લઈને ગરમીમાં રાહત મળી હતી. રાણાવાવમાં આજ રોજ વહેલી સવારથી જ અચાનક વાતાવરણ પલટાયું હતું અચાનક ગરમી ગાયબ થઈ ગઈ હતી અને ભારે પવન સાથે ધૂળ ની ડમરીઓ ઉડવા લાગી હતી તેમજ ધીમી ધારે વરસાદના છાંટા આવવા લાગ્યા હતા તો બપોર બાદ ફરી ભારે પવન ફૂંકાવા લાગ્યો હતો અને દસ મિનિટ સુધી વરસાદી ઝાપટા આવ્યા હતા તો આ વાતાવરણમાં આવેલ પલટાથી ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.

# સમાજ સેવા ક્ષેત્રે એક દાયકાની સફર પૂર્ણ કરતુ જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ

## અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા સભ્યોએ આપી માહિતી



**અબતક, રાજકોટ**

જન સેવા એ જ પ્રભુ સેવા એ ન્યાયે જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા દસ વર્ષ વર્ષથી સમાજ સેવા ક્ષેત્રે અવિરત કાર્ય કરી રહ્યું છે. ખાસ કરીને બહુ જ ગંભીર અને અગત્યના એવા અંગદાન-ચક્ષુદાન-સ્કિન ડોનેશન અને દેહદાન ક્ષેત્રે આ ટ્રસ્ટ સેવા કરીને સમાજમાં ખૂબ જ લોકપ્રિયતા અને ચાહના મેળવી રહ્યું છે.

જનકલ્યાણ ટ્રસ્ટ ગરીબ અને અતિ જરૂરિયાત મંદ લોકો માટે ધાબળા વિતરણ, સ્લીપર વિતરણ, મીઠાઈ - ફરસાણ વિતરણ, છાશ વિતરણ તેમજ ઠંડા પાણીના પરબની સેવા પણ સમયાંતરે કરવામાં આવે છે. ગરીબ અને તેજસ્વી બાળકો ને મદદરૂપ "બનવા માટે બુક - બેંક પણ ચલાવવામાં આવે છે. આ દસમાં વર્ષ દરમિયાન ટ્રસ્ટ દ્વારા ૧૩-રક્તદાન કેમ્પ, ૧૭૩-ચક્ષુદાન, ૨૨-સ્કીન ડોનેશન તથા ૮-દેહદાન થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટના સ્થાપના કાળ ૨૦૧૬ થી અત્યાર સુધીમાં ટ્રસ્ટ દ્વારા ૫૫ - રક્તદાન કેમ્પ, ૮૩૯-ચક્ષુદાન, ૫૦- સ્કિન ડોનેશન તથા ૬૭-દેહદાન થયેલ છે. આ એક દશકાની ટ્રસ્ટની સફર દરમિયાન અનેક અગ્રણી, ધાર્મિક, સામાજિક સંસ્થાઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, દાતાઓનો સાથ સહકાર મળતો રહ્યો છે. નવા નવા ક્ષેત્રોમાંથી તેમજ નિવૃત્ત કર્મચારીઓ પણ કાર્યકર્તા તરીકે ટ્રસ્ટમાં જોડાઈ રહ્યા છે. ટ્રસ્ટની અનેક સેવાકીય પ્રવૃતિઓને ધ્યાને લઈ આર.કે બિલ્ડર ગ્રુપના મહેતા પરિવાર તરફથી ટ્રસ્ટ ને નિશુલ્ક ઓફિસ મળી છે. તેમજ ઉદ્યોગપતિ જીતુભાઈ રવાણી દ્વારા ટ્રસ્ટને નવી મારુતિ ઈકો કાર પણ ભેટમાં મળેલ છે.

# ભક્તિનગર જૈન સંઘ દ્વારા સન્માન સમારોહ યોજાયો



**અબતક, રાજકોટ**

ભકિતનગર સ્થિત સ્થાનકવાસી જૈન ઉપાશ્રય હેઠળ જૈન મિત્ર મંડળમાં અનેક વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા આપતી સમિતિના આગેવાનો પ્રમુખ જયંતિભાઈ લાખાણી, ઉપપ્રમુખ રમેશભાઈ પારેખ, રમણીકભાઈ જસાણી તથા વિનયકાન્ત બખાઈ વયના કારણે ગૌરવપૂર્ણ નિવૃત્તિ સ્વીકારી છે.

તેમની દાયકાઓ સુધી ચાલેલી નિસ્વાર્થ સેવા, સંઘ પ્રત્યેની અખંડ નિષ્ઠાને બિરદાવવા ભક્તિનગર જૈન સંઘ નવી મિત્ર મંડળ કમિટિ તથા મહિલા મંડળ દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે નિવૃત્ત થયેલ આગેવાનોને શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા સભ્યોએ તેમના કારકિર્દિ દરમિયાન કરેલી સેવાઓ, મિત્ર મંડળમાં આપેલ માર્ગદર્શન તેમના પ્રયત્નોને યાદ કરી ભાવપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં અમારી વિનંતી ને માન આપી ઉપસ્થિત રહી સન્માન વધારનાર મહાનુભાવો પૂર્વ પ્રમુખ લાખાણીભાઈના પરિવારજનો પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈના પરિવારજનો પૂર્વ ભક્તિનગર જૈન સંઘના પ્રમુખ હિતેનભાઈ અજમેરા, જગદીશભાઈ જસાણી, સતીશભાઈ બાટવિયા, તથા કાર્યકારી સભ્યો જગદીશભાઈ, જીગરભાઈ, ભાવેશભાઈ લાખાણીને અમે ખુબ આભારી છીએ. મહિલા મંડળમાંથી પ્રમુખ આશાબેન મીનાબેન, જ્યોતિબેન, પ્રતિભાબેન, સંગીતાબેન, સહિત અનેક બહેનોની હાજરી નોંધપાત્ર રહી. કાર્યક્રમ અંતે તમામ આગેવાનોના આરોગ્યમય અમે સુખમય જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. નવી ચૂંટાયેલ જૈન મિત્ર મંડળ સોમતિના પ્રમુખ મુકેશભાઈ મહેતા, ઉપપ્રમુખ સુશીલભાઈ ગોડા, ખજાનચી બિપીનભાઈ દેસાઈ તથા સહમંત્રી જગદીશભાઈ મહેતા અને કમિટિના અન્ય સભ્યો આ તકે સૌના હૃદયપૂર્વક આદર સહ આભાર માને છે.

# ડાયાબિટીસ માટે નવીનતમ સારવાર પદ્ધતિ વિષયે બે દિવસીય સેમિનાર"ડાયાબિટીકા-૨૬"નો પ્રારંભ

## રિસર્ચ સોસાયટી ફોર સ્ટડી ઓફ ડાયાબિટીસ ઈન્ડિયાની કોન્ફરન્સમાં નિષ્ણાંત વિદવાનો વચ્ચે થશે ડાયાબિટીસ સારવાર અંગે મનોમંથન

**અબતક, રાજકોટ**

ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઝડપથી વધી રહેલા ડાયાબિટીસ ની સારવાર માટે નવીનતમ પદ્ધતિ ઉપચાર વ્યવસ્થા અને સતત અપડેટ થાય છે ત્યારે રાજકોટમાં રિસર્ચ સોસાયટી ફોર સ્ટડી ઓફ ડાયાબિટીસ ઈન્ડિયા ની બે દિવસીય વાર્ષિક કોન્ફરન્સનું આજે રિસોર્ટમાં પ્રારંભ થયો છે.

બે દિવસીય કોન્ફરન્સ ના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા દેશના વિવિધ ભાગોમાંથી નિષ્ણાત ડોક્ટરો ડાયાબિટીસ મોટાપો અને અન્ય જીવનશૈલી સંબંધિત રોગોમાં નવી સારવાર પદ્ધતિ અંગે માર્ગદર્શન આપશે.

આ કોન્ફરન્સમાં સોસાયટી ના પ્રમુખ ડો, અનુજ મહેશ્વરી લખનઉ, ડો, બંસી સાબુ અમદાવાદ, ડો,સુનિલ ગુપ્તા નાગપુર, સંજીવ પાઠક અમદાવાદ,ડો, રાકેશ પરીખ જયપુર, ડો, એન કે સિંગ ધનબાદ,ડો, જોથ દેવ કેશવદેવ, તિરુવનથાપુરમ,ડો, જી વિજય કુમાર ચેન્નઈ,ડો, રાજીવ ચાવલા દિલ્હી,ડો, નરસિંહ વર્મા લખનઉ, ડો, બીકે સિંગ ઔરંગાબાદ,ડો, જયંત પાંડા કટક,ડો, રાહુલ ગોકલાણી અમદાવાદ, ડો, રાજેશ કેસરી દિલ્હી,ડો, પિયુષ દેસાઈ સુરત,ડો, સુશીલ પટેલ અમદાવાદ,ડો, અનિલ વીરમણી જમશેદપુર,ડો, સાલીની જગી ન્યુ દિલ્હી,ડો, જે કેસરમાં ન્યુ દિલ્હી,ડો, પૂર્વી ચાવલા મુંબઈ, ડો, સુરેશ પુરોહિત મુંબઈ, ડો, લોટીકા પુરોહિત મુંબઈ,ડો, ધ્રુવી હસનાણી અમદાવાદ,ડો, વિપુલ ચાવલા અમદાવાદ,ડો, પરીક્ષિત ગોસ્વામી હિંમતનગર ખાસ ઉપસ્થિત રહેશે

"ડાયાબેટીકા૨૦૨૬" ના આયોજનમાં ચેરમેનડો, પ્રતાપ જેઠવાણી,ડો, ભૂમિ દવે,ડો, મયંક ઠાકર,ડો, જીમ્મી સુરૈયા,ડો, રવિ નાગ્રેચા,ડો, ધ્રુવ કોટેચા,ડો, વલય પારેખ,ડો, વિદ્યુત શાહ,ડો, ટી કે એમ ઈશ્વર,ડો, કીર્તિ ,ડો, સાંજા ભટ્ટ,ડો, ગિરીશ પટેલ માર્ગદર્શન આપશે. આ પણ સરસ આયોજન એસોસિયેશન ઓફ ફિઝિશિયન ઓફ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું છે જેમાં ડો, તેજસ કરમટા અને ડો, અંકુર સીણોજીયા નેતૃત્વ કરી રહ્યા છે.

# ઈગ્નુ યુનિવર્સિટીનો મંગળવારે દિક્ષાંત સમારોહ

## મુખ્ય અતિથિ તરીકે ઉપરાષ્ટ્રપતિ હાજર રહેશે

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનો ૩૯મો દીક્ષાંત સમારોહ ૦૭.૦૪.૨૦૨૬, મંગળવારે સવારે ૧૧:૦૦ વાગ્યે યોજાશે. મુખ્ય દીક્ષાંત સમારોહ ઈગ્નૂ, મુખ્યાલય નવી દિલ્હી ખાતે યોજાશે. જેમાં ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન જી મુખ્ય અતિથિ રહેશે અને દીક્ષાંત ભાષણ આપશે. સાથે જ દેશભરમાં આવેલા ૫૧ રિજયોનલ સેન્ટરમાં પણ દીક્ષાંત સમારોહ આયોજિત કરવામાં આવશે.રાજકોટ ખાતે દીક્ષાંત સમારોહ ૦૭.૦૪.૨૦૨૬, મંગળવારે સવારે ૧૧:૦૦ વાગ્યાથી હેમુગઢવી ઓડિટોરિયમ (મીની થિયેટર), ટાગોર મેઈન રોડ, રાજકોટ ખાતે યોજાશે. રાજકોટ ખાતે યોજાનાર ૩૯માં દીક્ષાંત સમારોહમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ માસ્ટર, બેચલર, પી.જી. ડિપ્લોમા, ડિપ્લોમાની પદવી અને સર્ટીફિકેટ મેળવનાર છે. જેમાં આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દીક્ષાંત સમારોહમાં હાજર રહીને પદવીઓ મેળવશે.


# શા માટે પાકિસ્તાને ઈંધણના ભાવમાં ૫૦ ટકાનો વધારો કરવો પડ્યો ?

## હાલ ત્યાં પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૪૫૮.૪૧ રૂપીયા પહોંચ્યો : ૩ અઠવાડિયામાં જ સરકારે ૧૨૯ બિલિયન પાકિસ્તાની રૂપિયાની સબસિડી આપી દીધી હતી, સબસિડીની મર્યાદા પૂર્ણ થતાં જેવી પરત ખેંચી ભાવમાં અસહ્ય વધારો લાગુ થયો

**અબતક,નવી દિલ્હી**

પાકિસ્તાનમાં રાતોરાત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૪૦ થી ૫૦% નો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. ૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ, પેટ્રોલના ભાવમાં ૪૩% અને ડીઝલના ભાવમાં ૫૫% નો ઉછાળો આવ્યો છે, જેનાથી પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૪૫૮.૪૧ પાકિસ્તાની રૂપીયા થઈ ગયો છે. સ્થાનિક અખબારોએ આ વધારાને ઐતિહાસિક ગણાવ્યો છે.આ એક જ દિવસમાં થયેલો વધારો એટલો મોટો છે કે તે છેલ્લા ૩ વર્ષ અને ૧૦ મહિનામાં થયેલા કુલ વધારા જેટલો છે. ઈસ્લામાબાદ સ્થિત સંસ્થા પીઆઈડીઈના અંદાજ મુજબ આ વધારો વધુમાં વધુ ૨૦ થી ૨૫% હોવો જોઈતો હતો, પરંતુ વાસ્તવિક વધારો આ અંદાજો કરતા કયાંય વધુ છે. પાકિસ્તાનના લોકો માટે આ એક અસહ્ય ઝટકો છે.

પાકિસ્તાન તેની ઈંધણ જરૂરિયાતોના ૮૦% થી વધુ આયાત પર નિર્ભર છે. ત્યાં ફ્યુઅલ પ્રાઈસિંગ સિસ્ટમ ઈન્ટરનેશનલ ભાવ પર આધારિત છે, જેમાં ડોલર સામે રૂપિયાનું મૂલ્ય, ટ્રાન્સપોર્ટ અને ડીલર માર્જિન જેવા અન્ય ખર્ચાઓ ઉમેરવામાં આવે છે. આ તમામ પરિબળોના કારણે ગ્રાહકો સુધી પહોંચતા સુધીમાં ઈંધણના ભાવ ખૂબ વધી જાય છે.હાલમાં ચાલી રહેલા ઈરાન યુદ્ધના કારણે ઓમાન અને દુબઈના બેન્ચમાર્કમાં ઓઈલના ભાવ ૮૦ થી ૯૦% સુધી વધી ગયા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા આ જંગી ભાવવધારાની સીધી અસર પાકિસ્તાનના આયાત બિલ પર પડી છે. સરકાર માટે આ વધારાનો બોજ સહન કરવો મુશ્કેલ બની ગયો હતો.પાકિસ્તાન સરકાર સામાન્ય રીતે ભાવવધારાનો બોજ જાતે ઉઠાવે છે, પરંતુ આ વખતે ૩ અઠવાડિયામાં જ સરકારે ૧૨૯ બિલિયન પાકિસ્તાની રૂપિયાની સબસિડી આપી દીધી હતી. સરકારની સબસિડી આપવાની મહત્તમ મર્યાદા ૧૫૮ બિલિયન હતી. આ મર્યાદા પૂરી થવા આવતા સરકારે બ્લેન્કેટ સબસિડી પાછી ખેંચી લીધી છે અને માત્ર ખેડૂતો કે ટ્રાન્સપોર્ટર્સ માટે ટાર્ગેટેડ સબસિડી રાખી છે.પાકિસ્તાન પાસે હાલમાં પૂરતા ડોલર પણ નથી. ઓઈલના ભાવમાં દર ૧૦ ડોલરના વધારાથી પાકિસ્તાનની કરંટ એકાઉન્ટ ડેફિસિટ ૧.૫ થી ૨ બિલિયન ડોલર વધી જાય છે. ૧ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પાકિસ્તાન પાસે ૧૬.૪ બિલિયન ડોલરનું વિદેશી હૂંડિયામણ હતું, જે હાલ પૂરતું તો છે, પરંતુ સરકાર ડોલરનો આવો મોટો ખર્ચ લાંબા સમય સુધી સબસિડી પાછળ કરી શકે તેમ નથી.આ ઉપરાંત, આઈએમએફ તરફથી મળતા ફંડિંગની કડક શરતોએ પણ પાકિસ્તાનને ભાવ વધારવા મજબૂર કર્યું છે. આઈએમએફ એ સ્પષ્ટ સૂચના આપી હતી કે સરકારે એનર્જી સબસિડી આપવાનું ટાળવું જોઈએ અને સાચા ભાવ વસૂલવા જોઈએ. વડાપ્રધાન શાહબાઝ શરીફ અને પ્રાંતીય સરકારો વચ્ચે લાંબી વાટાઘાટો બાદ આખરે ભાવવધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




### ભીખુ પાકિસ્તાનને પડયા પર પાટુ : યુએઈએ તા.૩૦ પહેલા ૨ મિલિયન ડોલર ચૂકવી દેવા અલ્ટીમેટમ આપ્યું

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુએસ-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના કારણે યુએઈએ પાકિસ્તાન પાસે પોતાની લોન તાત્કાલિક પરત માંગી છે, જેના પગલે પાકિસ્તાન આ મહિનાના અંત સુધીમાં યુએઈ ને ૨ બિલિયન ડોલર ચૂકવશે. આ રકમ પાકિસ્તાનની બેલેન્સ ઓફ પેમેન્ટ સ્થિતિને સુધારવા માટે આપવામાં આવી હતી અને તે ૬% ના વ્યાજ દરે સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનમાં સેફ ડિપોઝિટ તરીકે રાખવામાં આવી હતી. પાકિસ્તાન પાસે હાલમાં ૨૧ બિલિયન ડોલરથી વધુનું રિઝર્વ છે, તેથી તે આ લોન ચૂકવી શકશે. જોકે, ચાલુ નાણાકીય વર્ષ માટે પાકિસ્તાનને ૧૨ બિલિયન ડોલરના રોલઓવરની જરૂર છે, જેમાં સાઉદી અરેબિયાના ૫ બિલિયન, ચીનના ૪ બિલિયન અને યુએઈ ના ૩ બિલિયન ડોલરનો સમાવેશ થાય છે. અગાઉ આ લોનની મુદત ૧ વર્ષ માટે વધારવામાં આવતી હતી, પરંતુ તાજેતરમાં ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી જ મુદત વધારવામાં આવી હતી.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી પણ ભયંકર ધમાસણની ભીતિએ સેન્ટ્રલ આર્મની ૫૦૦ કંપની તૈનાત રહેશે: ઈસી

## ૨૦૨૧માં થયેલ ચૂંટણીમાં હિંસા અને અન્ય ઘટનાઓને ધ્યાને લઈ નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીની મતગણતરી પછી પણ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ૫૦૦ કંપનીઓને રાજ્યમાં રોકવાનો નિર્ણય ચૂંટણી પંચે લીધો છે કારણકે પાછલી ચૂંટણીઓમાં થયેલી હિંસા અને અન્ય ઘટનાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે, ૪ મે, ૨૦૨૬ના રોજ મતગણતરી પૂર્ણ થયા પછી પણ આ ૫૦૦ કંપનીઓ આગળના આદેશ સુધી રાજ્યમાં તૈનાત રહેશે. દરેક કંપનીમાં લગભગ ૯૦થી ૧૨૫ સુરક્ષા કર્મીઓ હોય છે, જેથી આ નિર્ણયથી હજારો સુરક્ષા કર્મીઓ પશ્ચિમ બંગાળમાં રોકાઈ રહેશે. આ ઉપરાંત, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો, સ્ટ્રોંગ રૂમ અને મતગણતરી કેન્દ્રોની સુરક્ષા માટે વધારાની ૨૦૦ કંપનીઓને પણ રાજ્યમાં રોકવામાં આવશે. હ્ય

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ (૨૦૨૧) પછી મતગણતરી બાદ હિંસાની ઘટનાઓ બની હતી, જેમાં અનેક લોકોને નુકસાન થયું હતું અને વિવાદો સર્જાયા હતા. ચૂંટણી પંચે આવી અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે આ પગલું ભર્યું છે. અધિકારીઓએ કહ્યું કે, આગળની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી ચૂંટણી પછીના સમયગાળામાં કોઈ અશાંતિ ન ફેલાય અને લોકોને સુરક્ષિત વાતાવરણ મળી રહે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી બે તબક્કામાં યોજાશે. ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલ. આ ચૂંટણી માટે કુલ ૨૪૦૦ કંપનીઓના કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. મતદાન પૂર્ણ થયા પછી ૧૭૦૦ કંપનીઓ પાછી જશે, જ્યારે ૫૦૦ કંપનીઓ કાયદો અને વ્યવસ્થા માટે અને ૨૦૦ કંપનીઓ ઈવીએમ તથા મતગણતરીની સુરક્ષા માટે રોકાશે.

# વજન ઘટાડવાના અભરખાંમાં દવાઓનો ડોઝ ઝેરી બની રહ્યો છે: સરકાર એકશન મોડમાં

## વજન ઘટાડાની દવાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રાલયે સેફ્ટી રિવ્યુ અને કડક દેખરેખના આપ્યા આદેશ

**અબતક, નવી દિલ્હી**

આજના સમયમાં 'ઝડપી પરિણામ' મેળવવાની ઘેલછામાં લોકો સ્વાસ્થ્ય સાથે જોખમ ખેડી રહ્યા છે. ખાસ કરીને સોશિયલ મીડિયાના પ્રભાવ હેઠળ વજન ઘટાડવા માટે લેવામાં આવતી ઈન્જેક્શન અને દવાઓનો ક્રેઝ એટલો વધ્યો છે કે તે હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. લોકો ડોક્ટરની સલાહ વિના પોતાની મરજીથી આ દવાઓના જે ડોઝ લઈ રહ્યા છે, તે શરીર માટે 'ધીમું ઝેર' બની રહ્યા હોવાની આશંકા વચ્ચે ભારત સરકારે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય હેઠળની સંસ્થા 'ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન' ને આદેશ અપાયો છે કે તે વજન ઘટાડવા માટે વપરાતી લોકપ્રિય ઋક્ષ૬-૧ દવાઓ (જેવી કે સેમાગ્લુટાઈડ) ની આડઅસરોનો ઊંડો અભ્યાસ કરી દર મહિને રિપોર્ટ સોંપે. સરકારની ચિંતાનું મુખ્ય કારણ એ છે કે આ દવાઓના પેટન્ટ પૂરા થતા હવે બજારમાં સસ્તી જેનરિક દવાઓનો રાફડો ફાટશે, જેના કારણે તેનો દુરુપયોગ વધવાની પૂરેપૂરી શક્યતા છે.

સરકારી સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે વજન ઘટાડવાની દવાઓ 'પ્રિસ્ક્રિપ્શન ઓન્લી' (માત્ર ડોકટરની ચિઠ્ઠી પર મળતી) કેટેગરીમાં આવે છે. જો કોઈ પણ મેડિકલ સ્ટોર કે ઓનલાઈન પ્લેટફોર્મ ડોક્ટરના કાગળ વગર આ દવા આપશે અથવા તેની લોભામણી જાહેરાત કરશે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### શા માટે આ દવાઓ જોખમી બની શકે?

- **ગેરમાર્ગે દોરતી જાહેરાતો:** અનેક કંપનીઓ 'મેજિકલ વેઈટ લોસ'ના નામે ગેરકાયદે પ્રચાર કરી રહી છે, જે સામાન્ય લોકોને ડોક્ટર પાસે ગયા વિના દવા ખરીદવા પ્રેરે છે.
- **નિષ્ણાતનો અભાવ:** આ દવાઓ મૂળભૂત રીતે ડાયાબિટીસ અને ગંભીર ઓબેસિટી (મેદસ્વીતા) માટે છે. પરંતુ સામાન્ય લોકો માત્ર થોડું વજન ઘટાડવા માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે, જે પાચનતંત્ર, સ્વાદુપિંડ અને કિડની પર ગંભીર અસર કરી શકે છે.
- **નકલી અને સસ્તી દવાઓનો ભય:** બજારમાં વધતી માંગને પહોંચી વળવા હલકી ગુણવત્તાવાળી દવાઓ ન ઘુસી જાય તે માટે ડ્રગ કંટ્રોલર વિભાગને એલર્ટ કરવામાં આવ્યો છે.

# કાર કુવામાં ખાબકતા એક જ પરિવારના નવ લોકોના નાસિકમાં મોત

## દરગુડે પરિવાર કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યો, કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા ઘટના બની

**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્રના નાસિકમાં એક અત્યંત દર્દનાક અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ નાસિકના દિંડોરી તાલુકામાં એક કાર કૂવામાં ખાબકી હતી, જેના કારણે ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. તમામ મૃતકો દરગોડે પરિવારના સભ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના મોડી રાત્રે અંદાજે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી.

અકસ્માતનો ભોગ બનેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. મૃતકોના નામ રેશ્મા સુનીલ દરગુડે (૨૭), આશા અનિલ દરગુડે (૩૨), ખુશી/સૃષ્ટિ અનિલ દરગુડે (૧૪), શ્રેયસ અનિલ દરગુડે (૧૧), રાખી/ગુણવંતી સુનીલ દરગુડે, શ્રાવણી અનિલ દરગુડે (૧૧), સમૃદ્ધિ રાજેન્દ્ર દરગુડે (૭), માધુરી અનિલ દરગુડે (૧૩) અને સુનીલ દત્તુ દરગુડે (૩૨) છે. તમામ મૃતકો ઈન્દોર, તાલુકો દિંડોરી, જિલ્લો નાસિકના રહેવાસી હતા. સ્થાનિક નાગરિકોની મદદથી વાહન અને તમામ મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને દિંડોરીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહત્વનું છે કે દરગુડે પરિવાર એક કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે અચાનક કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી કૂવામાં ખાબકી હતી. એક જ પરિવારના આટલા બધા સભ્યોના મોતથી ગામ અને આસપાસના વિસ્તારોમાં શોકની લહેર દોડી ગઈ છે. આ ભીષણ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં છ બાળકો સામેલ છે, જેમાં એક સાત વર્ષની બાળકી પણ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત સુનીલ દરગુડે, તેમની પત્ની અને તેમની પુત્રીનું પણ આ અકસ્માતમાં મોત થયું છે.


# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કાશ્મીરમાં જબરદસ્ત બરફવર્ષા થશે

## જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા સાથે તેજ પવનની શક્યતા

**અબતક, રાજકોટ**

ભારતીય હવામાન વિભાગએ કાશ્મીર વિસ્તાર માટે વેધર અલર્ટ જારી કર્યું છે. આ અનુસાર, આગામી દિવસોમાં કાશ્મીરના મેદાની વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે ઊંચા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા (સ્નો-ફોલ) થવાની આગાહી છે.

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના પ્રભાવને કારણે આ વેધર સિસ્ટમ સક્રિય થઈ છે. આઈએમડીના આગામી ૩૬ કલાક કાશ્મીર વેલીમાં આઈસોલેટેડ હેવી રેઈનફોલ (ભારે વરસાદ) થવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા, તોફાની પવન (૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે) અને કરા પણ પડી શકે છે.આ સિવાય હવામાન વિભાગ અનુસાર આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ઘટાડો થશે અને અનેક રાજ્યોમાં વરસાદ તેમજ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાની શક્યતા રહેશે. તેનો પ્રભાવ ઉત્તરથી લઈને દક્ષિણ ભારત સુધી જોવા મળશે.ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં આવેલ કાશ્મીર અને આસપાસના વિસ્તારોમાં ફરી એકવાર હિમવર્ષાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે અહીં ઠંડીમાં વધારો થશે અને તાપમાન સામાન્ય કરતા નીચે જઈ શકે છે. મેદાની વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે, જેના કારણે સવાર અને સાંજ ઠંડક વધશે.પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ અને ૩૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. તાપમાનમાં પણ ઘટાડાના સંકેત છે, જે ૪ થી ૬ એપ્રિલ દરમિયાન ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી થઈ શકે છે.



# અફઘાનમાં ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ: નવ વ્યકિતના મોત

## દિલ્હી-એનસીઆર, જમ્મુ અને પંજાબમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા

**અબતક, રાજકોટ**

દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનનું હિંદુકુશ હતું. અફઘાન-તાજિકિસ્તાન સરહદ પર આવેલા ભૂકંપથી ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત થયા છે.

અફઘાનિસ્તાનના કાબુલમાં શુક્રવારે મોડી સાંજે ભૂકંપથી ૮ લોકોના મોત થયા છે, જ્યારે એક બાળકને ઈજા થઈ છે. ૫.૯ની તીવ્રતાના આ ભૂકંપના આંચકા પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પણ અનુભવાયા હતા, જોકે પાકિસ્તાનમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.પાકિસ્તાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાત્રે ૯:૧૩ વાગ્યે નોંધાયો હતો. તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં હતું અને ઊંડાઈ જમીનથી ૧૯૦ કિલોમીટર અંદર હતી. ભૂકંપના આંચકા ખૈબર પખ્તુનખ્વા, ઈસ્લામાબાદ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને પંજાબના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા.

# અદાણીએ સીએનજીના ભાવમાં કિલોએ રૂ.૧.૫૦નો વધારો ઝીંકયો

## ભાવમાં ૧.૨૧ના ઘટાડા બાદ ૩ વખતના વધારાથી સીએનજી ૨.૬૦ જેટલો મોંઘો

**અબતક, રાજકોટ**




અદાણી ગ્રૂપ દ્વારા સીએનજીના ભાવમાં ૨૦૨૬ની શરૂઆતમાં જ ૧.૨૧નો ઘટાડો કર્યા બાદ ચાર માસમાં સતત ત્રીજી વખત વધારો ઝીંક્યો છે. અગાઉ ૭ ફેબ્રુઆરીના રોજ સીએનજીના ભાવમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યા બાદ હવે ગુરુવારે ફરી રૂ. ૧.૫૦નો તોતિંગ વધારો ઝીંક્યો છે. આમ, ત્રણ વખતના ભાવ વધારા બાદ અમદાવાદમાં સીએનજી રૂ. ૨.૬૦ જેટલું મોંઘું થયું છે. ૨૦૨૫માં સીએનજીના ભાવમાં ચાર વખત થયેલા વધારાથી સીએનજી રૂ. ૩.૪૦ જેટલું મોંઘું થયું હતું. પરંતુ ત્યારબાદ ૨૦૨૬ની શરૂઆતમાં રૂ. ૧.૨૧ના ઘટાડા સાથે સીએનજીનો નવો ભાવ રૂ. ૮૧.૧૭ પર પહોંચ્યો હતો. પરંતુ ૭ ફેબ્રુઆરી અને હવે ૨ એપ્રિલના રોજ થયેલા ભાવ વધારા બાદ અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૩.૭૭ થયો છે. અદાણી સીએનજી દ્વારા ૨૦૨૩માં સીએનજીમાં ભાવમાં અનેક વધારો કરવામાં આવ્યો હતો અને તેના પગલે રિક્ષાચાલકોમાં પણ રોષ ફેલાયો હતો. સરકારમાં પણ તે અંગે અનેક રજૂઆતો થઈ હતી. જોકે, ત્યારબાદ ૨૦૨૪ના વર્ષમાં અદાણી ગ્રૂપ દ્વારા ૨૦૨૩ની સરખામણીમાં ઓછી વખત સીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૪ના વર્ષમાં છેલ્લી વખત અદાણી દ્વારા ૩ ડિસેમ્બરે સીએનજીના ભાવમાં વધારો કરાયો હતો. ત્યારબાદ ૨૦૨૫ના વર્ષની શરૂઆત સાથે જ અદાણી સીએનજી દ્વારા ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. જાન્યુઆરીમાં સીએનજી ભાવમાં રૂ. ૧.૫૦નો વધારો કરી દેવામાં આવ્યો હતો. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૦.૪૮ જેટલો થઈ ગયો છે. ત્યારબાદ ૩ માર્ચના રોજ ભાવમાં ૫૦ પૈસાનો વધારો થતાં ભાવ રૂ. ૮૦.૯૮ થઈ ગયા હતા. ત્યારબાદ ૧૧ એપ્રિલના રોજ ફરી ભાવમાં ૪૦ પૈસાનો વધારો કરવામાં આવતા અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૧.૩૮ થયો હતો અને ૨૦૨૫માં છેલ્લે ૨ ઓગસ્ટના રોજ ફરી અદાણી સીએનજી દ્વારા ભાવમાં રૂ. ૧નો તોતિંગ વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂ. ૮૨.૩૮ જેટલો થયો હતો.

# મા-બાપને 'સાચવી' લેજો નહીં તો આકરી સજા માટે તૈયાર રહો

## માતા-પિતાને આર્થિક મદદ ન કરે તેને ૧૦,૦૦૦ રૂા.ની મહત્તમ રકમ પગારમાંથી કાપી લેવાશે

**અબતક ,રાજકોટ**




સંસ્કાર અને સંસ્કૃતિના દેશ ગણાતા ભારતમાં માતા-પિતાને 'દેવો ભવ:' કહીને પૂજવામાં આવે છે, પરંતુ આધુનિકતાની દોડમાં આ જ દેવ સમાન માતા-પિતા આજે તેમના પોતાના જ ઘરમાં ઉપેક્ષિત બની રહ્યા છે. વધતી જતી મોંઘવારી અને બદલાતી જીવનશૈલી વચ્ચે અનેક સંતાનો પોતાના વયોવૃદ્ધ માતા-પિતાને આર્થિક સહારો આપવાનું ટાળતા હોય છે. તેલંગાણા સરકારે વૃદ્ધ માતા-પિતાના રક્ષણ માટે એક અત્યંત કડક અને ઐતિહાસિક પગલું ભર્યું છે. જો કોઈ સંતાન તેના માતા-પિતાની જવાબદારી નહીં ઉઠાવે, તો સરકાર સીધો તેના પગાર પર કાપ મૂકશે.તેલંગાણા વિધાનસભામાં 'તેલંગાણા એમ્પ્લોઈઝ એકાઉન્ટેબિલિટી એન્ડ મોનિટરિંગ ઓફ પેરેન્ટલ સપોર્ટ બિલ, ૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે. જો કોઈ કર્મચારી (સરકારી કે પ્રાઈવેટ) તેના માતા-પિતાને આર્થિક રીતે સપોર્ટ નહીં કરે, તો તેના પગારમાંથી ૧૫% સુધીની રકમ અથવા મહત્તમ ૧૦,૦૦૦ રૂપિયા કાપી લેવામાં આવશે.

કાપેલી આ રકમ સીધી માતા-પિતાના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે. આ કાયદો સરકારી કર્મચારીઓ, ખાનગી કંપનીના કર્મચારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ (નેતાઓ) ને પણ લાગુ પડશે. જો માતા-પિતાને લાગતું હોય કે તેમના સંતાનો તેમને સાચવતા નથી, તો તેઓ જિલ્લા કલેક્ટર પાસે અરજી કરી શકે છે. કલેક્ટરે ૬૦ દિવસમાં આ કેસનો નિકાલ કરવાનો રહેશે.

નોકરી કરતા લોકોએ જાણવું જરૂરી છે કે તેમની બેદરકારી તેમની આર્થિક સ્થિતિ અને પ્રોફેશનલ લાઈફ પર કેવી અસર કરી શકે છે. હવે માતા-પિતાની સેવા માત્ર લાગણીનો વિષય નથી રહ્યો, જો તમે ચૂક્યા તો કાયદો તમારા ખિસ્સા પર કાતર ફેરવશે!

# ગુજરાતી ભાણાની મીઠાસ 'અથાણા' વગર 'અધુરી'

## પરંપરાગત સ્વાદ, શુદ્ધતાનો ભરોસો અને ગૃહ ઉદ્યોગ દ્વારા મળતી રોજગારીનો ત્રિવેણી સંગમ એટલે અથાણાંની સીઝન પ્રાથમિક માહિતીઃ અથાણાંનો સફર અને મહત્વ







રિપોર્ટરઃ વિપુલ ચૌહાણ
તસ્વીરઃધ્રુવ જેઠવા

## ગુંદા, કેરી ,ગાજર, કેચડા, લીંબુ, ગરમર ડાળા સહિતના અનેક પ્રકારના અથાણા કાઠીયાવાડી થાળીનો વધારે છે વૈભવ

**અબતક રાજકોટ**

ગુજરાતી સંસ્કૃતિમાં ઉનાળો માત્ર ગરમી નથી લાવતો, પણ સાથે લાવે છે આખા વર્ષના ભાણાનો સ્વાદ એટલે કે 'અથાણાં'. અથાણું એ માત્ર વાનગી નથી, પણ ગૃહિણીઓની 'આંગળીઓનો જાદુ' તપસ્યા અને પરંપરાનું પ્રતિબિંબ છે. જ્યારે બજાર માંથી કાચી કેરી બજારમાં આવે છે, ત્યારે દરેક ગુજરાતીના ઘરમાં એક ઉત્સવ જેવો માહોલ સર્જાય છે. તેલ, મસાલા અને કેરી,*ગોળ* સુમેળથી બનતું આ અથાણું ભોજનમાં રુચિ વધારે છે અને પાચનમાં પણ મદદરૂપ થાય છે. ખાસ કરીને કાઠિયાવાડમાં તો અથાણાં વગરની થાળી અધૂરી ગણાય છે. આજે જ્યારે બજારમાં તૈયાર અથાણાંનો દબદબો છે, ત્યારે રાજકોટમાં હજુ પણ શુદ્ધતા અને ઘરગથ્થુ સ્વાદનો આગ્રહ રાખતા વેપારીઓ અને ગૃહિણીઓ આ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડી રહ્યા છે.ગુજરાતી રસોઈના વૈભવમાં અથાણાંનું સ્થાન અતુલ્ય છે. સાદા દાળ-ભાત હોય કે ગરમાગરમ રોટલી, એક ચમચી અથાણું આખા ભોજનનો સ્વાદ બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. ઉનાળો બેસતાની સાથે જ રાજકોટના બજારોમાં કાચી કેરીની સુગંધ પ્રસરે છે. અને ગૃહિણીઓ તેમજ ગૃહ ઉદ્યોગો આખું વર્ષ ચાલે તેવા ચટાકેદાર અથાણાં બનાવવાની તૈયારીમાં લાગી જાય છે. અથાણું એ માત્ર ખોરાક નથી, પણ સંયમ, ચોકસાઈ અને પ્રેમથી બનાવેલી એક એવી કળા છે જે ભારતીય આહારમાં પ્રોબાયોટિક્સ અને પાચનશક્તિ વધારવાનું કામ કરે છેઆપણે ત્યાં ખાસ કરીને ગુંદા કેરી ગાજર, કેયડા, લીંબુ કરમર ડાળા સહિતના અનેક પ્રકારના અથાણા ઓ બનાવવામાં આવે છે જેમાં ખાટી કેરી ,ગોળ કેરી છુંદો ,કટકી ,ભરેલા ગુંદા, ગુંદા કટકા બોળેલા કેયડા સહિતના અથાણાઓ ગુજરાતી થાળીનો વૈભવ બની રહે છે.

ગુજરાતી સંસ્કૃતિમાં અથાણું એ માત્ર 'સાઈડ ડિશ' નથી, પણ ગૃહિણીઓના હૃદયમાં સચવાયેલો એક અતૂટ વિશ્વાસ છે. જૂના સમયમાં જ્યારે દાદી-નાનીના હાથની સુગંધથી આખું ફળિયું ગુંજી ઉઠતું, ત્યારે અથાણું ભરવું એ એક સામૂહિક ઉત્સવ બની જતો. કેરીને મીઠું-હળદર ચડાવવાથી લઈ, તેને તડકે તપાવવી અને પછી મસાલાના મેળવણ સાથે તેલમાં ડૂબાડવી - આ આખી પ્રક્રિયા ધીરજ અને ચોકસાઈની કસોટી છ

ગુજરાતી સંસ્કૃતિમાં અથાણું એ માત્ર રસોડાની એક બરણી નથી, પણ તે પેઢીઓથી ચાલી આવતી એક જીવંત પરંપરા છે. જે રીતે સોનું કસોટી પર ચડે છે, તેમ કાચી કેરી પણ મીઠું, હળદર અને સૂર્યના તાપમાં તપીને 'અથાણું' બને છે. આ પ્રક્રિયામાં ગૃહિણીઓની ધીરજ અને વડીલોનો અનુભવ ભળેલો હોય છે. જૂના સમયમાં જ્યારે દાદી કે નાની અથાણું ભરવા બેસતા, ત્યારે આખું ફળિયું મસાલાની સુગંધથી ગુંજી ઉઠતું. એ સમયે અથાણું એ માત્ર વાનગી નહોતી, પણ પાડોશીઓ સાથે સ્વાદ વહેંચવાનું એક બહાનુ હતું. આજે ભલે જમાનો બદલાયો હોય અને ડાઈનિંગ ટેબલ પર અવનવી વાનગીઓ પીરસાતી હોય, પણ બાજરીના રોટલા કે ગરમાગરમ થેપલા સાથે જ્યારે ઘરના અથાણાંનો એક ટુકડો મુકાય છે, ત્યારે આખી થાળીની શોભા અનેરી થઈ જાય છે.

આ અથાણું એ આપણી ભારતીય જીવનશૈલીનું 'નેચરલ પ્રિઝર્વેટિવ' છે. મસાલામાં વપરાતી મેથી, રાઈ, હિંગ અને તેલ માત્ર સ્વાદ નથી આપતા, પણ ચોમાસા અને શિયાળાની ઋતુમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ અને પાચનતંત્રને મજબૂત રાખવાનું કામ કરે છે. રાજકોટના આંગણે આજે પણ જ્યારે ૩૦-૩૦ મહિલાઓ ભેગી મળીને હસતા-રમતા અથાણાં તૈયાર કરે છે, ત્યારે તેમાં માત્ર મસાલા નથી ભળાતા, પણ તેમાં એકબીજા પ્રત્યેનો પ્રેમ અને સામાજિક એકતાના દર્શન થાય છે.





તસવીરઃ શૈલેષ વાડોલિયા



## અથાણાંનો પાયો એટલે કેરીની યોગ્ય પસંદગીઃકાચી કેરીના વેપારી કિશોરભાઈ



મેંગો માર્કેટના અનુભવી વેપારી કિશોરભાઈ જણાવે છે કે અથાણાની સીઝન હવે બરાબર જામી છે. અથાણું લાંબો સમય ટકી રહે તે માટે કેરીની પસંદગી ખૂબ મહત્વની છે. બજારમાં અત્યારે મુખ્યત્વે રાજાપુરી અને દેશી કેરીની સૌથી વધુ માંગ છે. આ કેરીઓ તેની ખાસ ખટાશ અને મજબૂત ગર (પલ્પ) માટે જાણીતી છે, જે મસાલા સાથે ભળીને ઉત્તમ સ્વાદ આપે છે. હાલમાં અંદાજે ૧૦૦ રૂપિયે કિલોના ભાવે મળતી આ કેરીઓ અથાણાં પ્રેમીઓની પહેલી પસંદ બની રહી છે.



## પરંપરાગત રેસીપી અને કેમિકલ મુક્ત સ્વાદઃરિચાબેન કામાણી (ગૃહિણી)



અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું ગૃહિણી રિચાબેન કામાણી પરંપરાગત મૂલ્યોમાં માને છે. તેઓ જણાવે છે કે અમારા પરિવારમાં દાદી સાસુ અને સાસુના સમયથી ઘરે જ અથાણાં બનાવવાનો રિવાજ છે. ઘરે બનાવેલા અથાણાંમાં કોઈ પણ પ્રકારના આર્ટિફિશિયલ કલર કે કેમિકલ હોતા નથી, તેથી તે બાળકો માટે પણ સુરક્ષિત છે. ખાસ કરીને છૂંદો અને ગળ્યા અથાણાં બાળકો હોંશે હોંશે ખાય છે. શુદ્ધતાનો જે સંતોષ ઘરે બનાવેલા અથાણામાં મળે છે તે બીજે ક્યાંય નથી મળતો.

## ૧૦૦% શુદ્ધતા અને વર્ષ આખું ટકી રહેતી તાજગીઃજયશ્રીબેન ગોયાણી (ગૃહિણી)



અબતક સાથેની વાતચીતમાં ગૃહિણી જયશ્રીબેન ગોયાણીના મતે ઘરનું અથાણું એ સ્વાસ્થ્યની ચાવી છે. તેઓ કહે છે કે વર્ષોથી અમે ઘરે જ વિવિધ પ્રકારના અથાણાં બનાવીએ છીએ. યોગ્ય મસાલા અને ચોકસાઈથી જો અથાણું ભરવામાં આવે, તો તે એક વર્ષ સુધી બગડતું નથી. ખાટી કેરી, ગુંદા અને ગોળ કેરી જેવા અથાણાં જો જાતે બનાવ્યા હોય તો આપણને તેની શુદ્ધતા પર ૧૦૦% ભરોસો હોય છે. તે માત્ર સ્વાદિષ્ટ જ નહીં પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ સારા રહે છે.


## ૬૦ વર્ષની વિરાસત અને ૩૦ મહિલાઓને રોજગારીઃ દિનેશભાઈ કક્કડ (કક્કડ બ્રધર્સ ગૃહ ઉદ્યોગ)



કક્કડ બ્રધર્સના સંચાલક દિનેશભાઈ કક્કડ માટે અથાણું એ માત્ર વ્યવસાય નથી પણ ગૌરવ છે. તેમના દાદીમાંએ ૬૦ વર્ષ પહેલાં ઘરથી શરૂ કરેલો આ નાનકડો વ્યવસાય આજે મોટા ગૃહ ઉદ્યોગમાં ફેરવાયો છે. તેઓ કહે છે કે અમે આજે પણ 'હેન્ડ મેઈડ' પદ્ધતિ પર જ ભાર મૂકીએ છીએ. અમારા ત્યાં ૩૦ જેટલી મહિલાઓ કામ કરી રહી છે, જેમને આ માધ્યમથી રોજગારી મળે છે. ગોળ કેરીથી લઈને મિક્સ અથાણા સુધીની ૨૦થી વધુ વેરાયટીઓ અમે બનાવીએ છીએ, જે કિંમતમાં પણ બજાર કરતા કિલોએ ૧૫૦ રૂપિયા સસ્તી અને ગુણવત્તામાં શ્રેષ્ઠ હોય છે.

# ૨૦૪૭ સુધીમાં મહાસત્તા બનનાર ભારતનું સુરક્ષા કવચ ડ્રોન, ડેટા અને જ્ઞાન આધારિત હશે

## યુદ્ધના મેદાનમાં ડેટા અને ડિજિટલ શક્તિઃ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર કમાન્ડ દ્વારા દુશ્મનની દરેક ચાલ પર રખાશે બાજ નજર




**નવી દિલ્હી**

આઝાદીના અમૃતકાળથી શતાબ્દી વર્ષ (૨૦૪૭) સુધીમાં ભારત માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ સૈન્ય ક્ષમતાની દ્રષ્ટિએ પણ વિશ્વની સર્વોચ્ચ શક્તિ બનવા જઈ રહ્યું છે. તાજેતરમાં જાહેર થયેલા 'વિઝન ૨૦૪૭' દસ્તાવેજ મુજબ, ભારત આવનારા દાયકાઓમાં પોતાની રક્ષા પ્રણાલીને 'પરંપરાગત' થી બદલીને 'ટેકનોલોજી આધારિત' બનાવવા જઈ રહ્યું છે. આ નવા સુરક્ષા કવચના ત્રણ મુખ્ય સ્તંભો હશેઃ ડ્રોન શક્તિ, ડેટા સેન્ટ્રિક વોરફેર અને કોગ્નિટિવ (જ્ઞાન આધારિત) યુદ્ધ કૌશલ્ય.

ભારતે પોતાની સૈન્ય શક્તિને વિશ્વસ્તરીય બનાવવા માટે આ ત્રણ તબક્કાની વ્યૂહરચના તૈયાર કરી છે. ૨૦૩૦ સુધીમાં સંગઠનાત્મક સુધારા, ૨૦૪૦ સુધીમાં સ્પેસ અને સાયબર ક્ષેત્રનું એકીકરણ અને ૨૦૪૭ સુધીમાં 'એરા ઓફ એક્સેલન્સ' (શ્રેષ્ઠતાનો યુગ) સ્થાપિત કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન ભારત સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી અને હથિયારો પર નિર્ભર બનશે.

ભારતની આ યોજનાને ત્રણ મુખ્ય સમયગાળામાં વહેંચવામાં આવી છે જેમાં પહેલો છે સંક્રમણનો યુગ (૨૦૩૦ સુધી) આ તબક્કામાં સેનાના માળખાકીય ફેરફારો પર ભાર મૂકવામાં આવશે. સ્વદેશી ક્ષમતાઓ વિકસાવવી અને આતંકવાદ તેમજ સરહદી વિવાદોને અસરકારક રીતે રોકવા પર ધ્યાન અપાશે.બીજો યુગ એકીકરણનો યુગ (૨૦૩૦-૨૦૪૦) છે આ ગાળામાં અંતરિક્ષ અને સાયબર ડોમેનને પરંપરાગત સેના સાથે જોડવામાં આવશે. ડેટા-કેન્દ્રિત કામગીરી અને દરિયાઈ ક્ષેત્રમાં વર્ચસ્વ જમાવવાનું લક્ષ્ય છે.ત્રીજો શ્રેષ્ઠતાનો યુગ (૨૦૪૦-૨૦૪૭)આ અંતિમ તબક્કો ભારતને દુનિયાની શ્રેષ્ઠ સેનાઓમાંની એક બનાવશે, જે કોઈપણ પ્રકારના ઉભરતા ખતરાનો સામનો કરવા માટે સક્ષમ હશે.વર્ષ ૨૦૩૦ થી ૨૦૪૦ ના ગાળામાં 'મિશન સુદર્શન ચક્ર' હેઠળ ભારત પોતાની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને મજબૂત બનાવશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક કેન્દ્રો અને નાગરિક માળખાગત સુવિધાઓને દુશ્મનના ડ્રોન કે મિસાઈલ હુમલા થી બચાવવાનો છે. આ વિઝનનો મુખ્ય આધાર 'મેક ઈન ઈન્ડિયા' છે. સંરક્ષણ ક્ષેત્રે ખાનગી ભાગીદારી વધારવી અને સ્વદેશી ટેકનોલોજી વિકસાવવી એ પ્રાથમિકતા છે. જોકે, આ લક્ષ્યો પ્રાપ્ત કરવામાં કેટલાક પડકારો પણ છે ત્રણેય સેનાઓ (આર્મી, નેવી, એરફોર્સ) વચ્ચે વધુ સારું સંકલન સાધવું જોશે ખાનગી ક્ષેત્રમાંથી કુશળ નિષ્ણાતોની ભરતી તેમજ સંરક્ષણ ઉત્પાદન અને ખરીદી પ્રક્રિયામાં ઝડપ લાવવી.ભારત માત્ર હથિયારો જ નહીં, પણ ટેકનોલોજી અને ડેટાના ક્ષેત્રમાં પણ સૈન્ય મહાસક્તિ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ૨૦૪૭ સુધીમાં ભારતની સેના સંપૂર્ણપણે સ્વદેશી અને ભવિષ્ય માટે સજ્જ હશે

## ડ્રોન ફોર્સઃ આકાશમાં ભારતની નવી આંખ અને તલવાર

ભવિષ્યના યુદ્ધોમાં સૈનિકોના જીવ બચાવવા અને દુશ્મન પર સચોટ પ્રહાર કરવા માટે ભારત એક સમર્પિત 'ડ્રોન ફોર્સ' તૈયાર કરી રહ્યું છે.ભારતીય સેનાના દરેક કોપ્ર્સ માં ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ ડ્રોન તૈનાત કરવામાં આવશે.સ્ટીલ્થ ડ્રોન અને ઘાતક માનવરહિત લડાયક વિમાનો માટે રૂ. ૩૯,૦૦૦ કરોડની યોજના પર કામ શરૂ થઈ ચૂક્યું છે.દેશની ૧૯ મોટી સૈન્ય સંસ્થાઓમાં ડ્રોન તાલીમ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.

## ડેટા અને સાયબર કમાન્ડઃ અદ્રશ્ય દુશ્મનો સામે સુરક્ષા

આધુનિક યુગમાં ડેટા એ જ સૌથી મોટું હથિયાર છે. ભારત હવે એક ખાસ 'ડેટા ફોર્સ' અને 'સાયબર કમાન્ડ' ની રચના કરશે. જેનો હેતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા દુશ્મનની હિલચાલનું વિશ્લેષણ કરવું અને ભારતના ડિજિટલ નેટવર્કને સુરક્ષિત રાખવાનો છે. આ ઉપરાંત, અંતરિક્ષમાંથી દેખરેખ રાખવા માટે 'જીઓસ્પેશિયલ એજન્સી' પણ બનાવવામાં આવશે.

## કોગ્નિટિવ વોરફેરઃ મનોવૈજ્ઞાનિક સરસાઈ

યુદ્ધ હવે માત્ર સરહદો પર જ નહીં, પણ લોકોના મગજમાં પણ લડાય છે. ભારત 'કોગ્નિટિવ વોરફેર એક્શન ફોર્સ' દ્વારા માહિતી અને મનોવૈજ્ઞાનિક યુદ્ધના મોરચે પોતાની પકડ મજબૂત કરશે. આ ફોર્સ દુશ્મન દ્વારા ફેલાવવામાં આવતા પ્રોપેગેન્ડા અને ફેક ન્યૂઝનો સામનો કરી ભારતીય હિતોનું રક્ષણ કરશે.

# સ્પોર્ટ્સ અબતક



# ચેન્નઈ સુપર કિંગ્સને સ્પિનરોએ ડૂબાડયાં: ૨૧૦નો ટાર્ગેટ પંજાબે આસાનીથી વટાવ્યો

## ચેન્નાઈના ૨૦૯ રન છતાં પંજાબે પાંચ વિકેટ વિજય હાંસલ કર્યો, કેપ્ટન શ્રેયસ ઐયરની શાનદાર ફિફટી: માત્રેની ફિફટી એળે ગઈ

**અબતક, રાજકોટ**

કેપ્ટન શ્રેયસ ઐયરે શાનદાર બેટિંગ કરીને અડધી સદી ફટકારતાં પંજાબ કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો ૨૦૦+નો ટારગેટ વટાવીને પાંચ વિકેટથી મેચ જીતી લીધી હતી. આમ વર્તમાન સિઝનમાં ચેન્નાઈને સતત બીજી મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો.ચેપોક ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૯ રનનો માતબર સ્કોર રજૂ કર્યો હતો પરંતુ પંજાબ કિંગ્સે તેને આસાન બનાવીને ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો. પંજાબ માટે શ્રેયસ ઐયરે ૨૯ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને ચાર ચોગ્ગા સામેલ હતા. આ ઉપરાંત ઓપનર પ્રિયાંશ આર્યાએ માત્ર ૧૧ બોલમાં ૩૯, પ્રભસિમરનસિંઘે ૪૩ અને કૂપર કોનોલીએ આક્રમક ૩૬ રનનું યોગદાન આપ્યું હતું. પંજાબે ટોસ જીત્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સને પ્રથમ બેટિંગ આપી હતી. જોકે ચેન્નાઈએ આવેલી તકનો લાભ ઉઠાવીને મોટો સ્કોર ખડકી દીધો હતો. યુવાન ખેલાડી આયુષ મ્હાત્રેએ પોતાની અદભૂત પ્રતિભાનું પ્રદર્શન કરતા માત્ર ૪૩ બોલમાં ૭૩ રન ફટકાર્યા હતા. તેની આ આક્રમક ઈનિંગ્સની મદદથી ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૧૦ રનનો પડકારજનક સ્કોર નોંધાવ્યો હતો.સ્ટાર બેટર સંજુ સેમસન વહેલો આઉટ થયા બાદ મ્હાત્રે અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે (૨૮) બીજી વિકેટ માટે ૯૬ રન ઉમેર્યા હતા, જે ચેન્નાઈની ઈનિંગ્સનો મુખ્ય આધાર રહ્યો હતો. સેમસન ઝેવિયર બાર્ટલેટના આઉટ-સ્વિંગર બોલને લેગ-સાઈડમાં ખસીને કવર ઉપરથી ફટકારવાના પ્રયાસમાં વિકેટ પાછળ પ્રભસિમરન સિંઘના હાથમાં ઝડપાઈ ગયો હતો.જોકે, સેમસનની વિદાય માત્ર એક સામાન્ય આંચકો સાબિત થઈ હતી કેમ કે મ્હાત્રેએ પંજાબના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું હતું. તેણે બાર્ટલેટની ઓવરમાં સતત ત્રણ ચોગ્ગા ફટકારીને આક્રમણની શરૂઆત કરી હતી. મ્હાત્રેની આ નીડર બેટિંગને કારણે ચેન્નાઈએ પાવર-પ્લેમાં એક વિકેટે ૫૭ રન ફટકારી દીધા હતા.અંડર-૧૯ વર્લ્ડ ચેમ્પિયન ટીમના સદસ્ય અને મુંબઈના આ યુવાન બેટરે શોર્ટ-પિચ બોલ સામેની પોતાની નબળાઈને પાછળ છોડી માર્કો યાનસેનને સિક્સર ફટકારી હતી. ત્યારબાદ માર્કસ સ્ટોઈનિસને સળંગ બે સિક્સર ફટકારી માત્ર ૨૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. જોકે તેને લેગ સ્પિનર ચહલ સામે સંઘર્ષ કરવો પડ્યો હતો. તેને ૫૯ રન પર વિજયકુમાર વ્યાશાકે અને ૬૭ રન પર શશાંક સિંઘે જીવનદાન આપ્યું હતું. સરફરાઝ ખાને ૧૨ બોલમાં ૩૨રન ફટકાર્યા હતા. અંતમાં શિવમ દુબેના ૨૭ બોલમાં ૪૫ રને ટીમને ૨૦૦નો આંક પાર કરાવ્યો હતો.

# જસપ્રીત બુમરાહ નહીં તો કોણ છે મુંબઈ ઈન્ડિયન્સનો એક્સ ફેક્ટર?



## અફઘાનિસ્તાનના મિસ્ટ્રી સ્પિનર ગઝનફર મુંબઈ ઈન્ડિયન્સ માટે અલગ જ બોલર સાબિત થાય તેવો મહિલા જયવર્ધનેએ વિશ્વાસ વ્યકત કર્યો

**અબતક, રાજકોટ**

ઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં આજે દિલ્હી કેપિટલ્સ પોતાના હોમ ગ્રાઉન્ડ અરૂણ જેટલી સ્ટેડિયમ (ફિરોઝશાહ કોટલા) ખાતે આત્મવિશ્વાસથી ભરપુર મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. ત્યારે મુંબઈ ઈન્ડિયન્સના હેડ કોચ મહેલા જયવર્ધને જસપ્રીત બુમરાહને નહિ ગઝનફરને ટીમનો ‘એક્સ ફેક્ટર’ કહીને વખાણ્યો છે.જયવર્ધને તાજેતરના નિવેદનમાં કહ્યું કે, ટીમમાં ઘઝાનફર જેવા ‘એક્સ-ફેક્ટર’ બોલરની હાજરી ટીમને વિવિધ પરિસ્થિતિઓમાં અલગ વિકલ્પ આપે છે. તેમણે જણાવ્યું, ટીમમાં આવા એક્સ-ફેક્ટર બોલરની હાજરી ટીમને વધારાનો ફાયદો આપે છે. મિચ સેન્ટનર, જેક્સ અનેમયંક માર્કંડે જેવા ખેલાડીઓ સાથે તે અલગ પ્રકારનો વિકલ્પ પૂરો પાડે છે.ઘઝાનફર ૨૦ વર્ષના યુવા સ્પિનર છે, જેમણ. આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ માટે ડેબ્યુ કર્યું છે. કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની ઓપનિંગ મેચમાં તેમણે ૫૧ રન આપ્યા હતા, પરંતુ કોચ જયવર્ધને તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે તે ટીમના ભવિષ્ય માટે એક મહત્વનો ખેલાડી છે. તેમણે ઉમેર્યું, તે ભવિષ્ય માટેનો એક ખેલાડી છે. અમને લાગે છે કે તેની ઊંચાઈ અને તે જે કરી શકે છે તેને જોતાં તે સુધરશે.અલ્લાહ ઘઝાનફર અફઘાનિસ્તાનના મિસ્ટ્રી સ્પિનર છે, જેમની બોલિંગમાં વિવિધતા અને અણધારી સ્પિન છે.આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સે તેમને તેમના સ્કવોડમાં સામેલ કર્યા છે. ટીમના અન્ય સ્પિનર્સ જેમ કે મિચેલ સેન્ટનર, વિલ જેક્સ અને મયંક માર્કંડે સાથે મળીને તે ટીમને વિવિધ કન્ડિશન્સમાં લવચીકતા આપે છે. જયવર્ધને ભારપૂર્વક કહ્યું કે આવા ખેલાડી ટીમને અલગ ધાર આપે છે.

જસપ્રીત બુમરાહ એમઆઈના મુખ્ય સ્ટાર બોલર છે અને વિશ્વના શ્રેષ્ઠ બોલર્સમાંના એક છે, પરંતુ કોચે ઘઝાનફરને અલગ ‘એક્સ-ફેક્ટર’ તરીકે હાઈલાઈટ કર્યા છે, જે ટીમની બોલિંગ વિવિધતાને મજબૂત કરે છે.

# સાંજે ગુજરાત-રાજસ્થાન વચ્ચે જંગ: સૂર્યવંશી પર નજર રહેશે

## રોયલ્સ સામેના મુકાબલામાં ગુજરાતના બોલર્સે વૈભવથી સાચવવું પડશે, શુભમન ગિલ પાસેથી પણ મોટી અપેક્ષા

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૬માં આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પહેલી વાર મેચ રમાનારી છે જેમાં યજમાન ગુજરાત ટાઈટન્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થનારો છે. સામાન્ય રીતે આ મેદાન પર ગુજરાતની ટીમ ફેવરિટ હોય છે પરંતુ શનિવારે એવું બનશે જ્યારે હરીફ ટીમનો કોઈ એક ખેલાડી આકર્ષણનું કેન્દ્ર બનશે અને તે છે ૧૫ વર્ષનો આક્રમક બેટર વૈભવ સૂર્યવંશી. અહીંની બેટિંગ પિચ પર વૈભવ સૂર્યવંશીની આક્રમક બેટિંગ નિહાળવા પ્રેક્ષકો આતુર રહેશે તો બીજી તરફ વૈભવ પણ તેની નાની પણ સફળ કારકિર્દીમાં કદાચ પહેલી વાર એક લાખ પ્રેક્ષકો સામે બેટિંગ કરશે. ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આ મેચ શનિવારે સાંજે ૭.૩૦ કલાકે શરૂ થશે. આ મેચ અગાઉ બંને ટીમ એક એક મેચ રમી છે પરંતુ ગુજરાતની ટીમનો પરાજય થયો હતો જ્યારે રોયલ્સે ૩૦મી માર્ચે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે આઠ વિકેટે આસાન વિજય હાંસલ કર્યો હતો જેમાં વૈભવે માત્ર ૩૧ બોલમાં પાંચ સિક્સર સાથે બાવન રન ફટકાર્યા હતા. આમ શનિવારની આ મેચમાં ગુજરાતના ઝડપી બોલર્સ કેગિસો રબાડા, પ્રસિદ્ધ ક્રિષ્ણા અને મોહમ્મદ સિરાઝ જેવા નામાંકિત બોલરે યુવાન ડાબોડી બેટર સૂર્યવંશીથી સાચવવાનું રહેશે.આમ રબાડા, પ્રસિદ્ધ અને મોહમ્મદ સિરાઝ જેવા બોલરોની હાજરીમાં ગુજરાત ટાઈટન્સનું પેસ આક્રમણ ભલે ડરામણું લાગતું હોય પરંતુ શનિવારે જ્યારે વન્ડર બોય વૈભવ સૂર્યવંશી બેટિંગ માટે અનુકૂળ પિચ પર તેમની સામે ઉતરશે ત્યારે આ ત્રિપુટી સામેનો પડકાર આસાન નહીં



સિઝનનો ધમાકેદાર પ્રારંભ કર્યો છે. જોકે, તે પ્રદર્શન ૧૨૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે

હોય. વૈભવને કારણે જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ ફેવરિટ તરીકે શરૂઆત કરી શકે છે. ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ ચેન્નાઈ સુપર કિંગ્સના આક્રમણને વેરવિખેર કરી માત્ર ૧૫ બોલમાં ૫૦ રન ફટકારીને પોતાની બીજી આઈપીએલ અને ચેન્નાઈના નબળા આક્રમણ સામે હતું. શનિવારે સૂર્યવંશી ફરી એક વાર આક્રમક અંદાજમાં રમવાનો પ્રયાસ કરશે પરંતુ તેની સામે રબાડા, સિરાજ અને પ્રસિદ્ધ જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના દિગ્ગજ બોલરો હશે.બીજી તરફ ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ પાસેથી આશા રાખવામાં આવશે કે તે પંજાબ સામેની મુલ્લાનપુરની મેચ જેવી ભૂલો નહીં કરે. ત્યાં સિરાજને માત્ર બે ઓવર આપવામાં આવી હતી અને પ્રસિદ્ધ કિષ્ણાને છેક ૧૩મી ઓવર જેટલો મોડો લાવવામાં આવ્યો હતો. અમદાવાદની પિચ બેટ્સમેનો માટે સ્વર્ગ સમાન માનવામાં આવે છે જ્યાં બોલ બેટ પર સારી રીતે આવે છે. આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ટારગેટ સામે રમવાનો ટ્રેન્ડ રહ્યો છે. રાજસ્થાન રોયલ્સ પાસે નાન્દ્રે બર્ગર અને જોફ્રા આર્ચર જેવા અત્યંત ઝડપી બોલરો છે. જે ગિલ, સાઈ સુદર્શન અને જોઝ બટલરને શરૂઆતમાં જ મુશ્કેલીમાં મૂકી શકે છે.જોકે ગુજરાત ટાઈટન્સની નબળાઈઓ પણ છે. ગિલની ટીમ માટે સૌથી મોટી સમસ્યા તેમના ટોચના ત્રણ બેટ્સમેનોનો સ્ટ્રાઈક રેટ છે, જે ૨૦૦ની આસપાસ નથી. કેપ્ટન ગિલ (૨૭ બોલમાં ૩૯) અને બટલર (૩૩ બોલમાં ૩૮) પંજાબ કિંગ્સ સામે લયમાં દેખાતા ન હતા. સાઈ સુદર્શન પણ ઈજામાંથી પરત ફર્યા બાદ લયમાં આવવાનો પ્રયાસ કરી રહ્યો છે.ઉપરાંત શાહરૂખ ખાન, વોશિંગ્ટન સુંદર અને રાહુલ તેવટિયાનું બનેલું ટાઈટન્સનું મધ્યમ ક્રમ ખાસ ભરોસો જગાડતું નથી. ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન ટીમનો હિસ્સો રહેલો વોશિંગ્ટન સુંદર હવે આ ફોર્મેટમાં એક રહસ્ય બની રહ્યો છે. છેલ્લા એક દાયકામાં ૬૭ આઈપીએલ મેચમાં ૫૨૯ રન (૧૨૫નો સ્ટ્રાઈક રેટ) અને ૪૦ વિકેટ સાથે તે એક અધૂરો ઓલરાઉન્ડર પુરવાર થયો છે જે કોઈ ચોક્કસ ભૂમિકામાં ફિટ બેસતો નથી. શનિવારે જો ગુજરાત ટાઈટન્સ પ્રથમ બેટિંગ કરે તો તેમને સૂર્યવંશી અને રાજસ્થાનના આક્રમણને રોકવા માટે ઓછામાં ઓછા ૨૨૦ રન કરવા પડે અને જો તેઓ પીછો કરતા હોય તો હરીફ ટીમને ૨૦૦ રનની અંદર મર્યાદિત કરવી પડશે. ગિલની ટીમની ડેથ ઓવર બેટિંગ પણ છેલ્લા બે વર્ષમાં પ્રભાવશાળી રહી નથી. રાહુલ તેવટિયા હરિયાણા માટે પણ ભાગ્યે જ બોલિંગ કરે છે અને તેની બેટિંગમાં આક્રમકતાનો અભાવ દેખાઈ રહ્યો છે.

શાહરૂખ ખાનની ટેકનિકલ નબળાઈઓ સારા બોલરો સામે છતી થઈ રહી છે અને આશ્ચર્યની વાત એ છે કે આશિષ નેહરા જેવા કોચ હજી સુધી તેનો યોગ્ય વિકલ્પ શોધી શક્યા નથી.

# ૨૦૨૭ના વર્લ્ડકપને ધ્યાને લઈ હાર્દિક પુરજોશમાં બોલિંગમાં ધ્યાન કેન્દ્રિત કરશે



**પંડ્યાની તૈયારી આઈપીએલ પછીના સમયગાળામાં ટીમ ઈન્ડિયાની વર્લ્ડ કપ તૈયારીઓને વેગ આપશે**

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ૨૦૨૭ના વનડેના વર્લ્ડ કપમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયારીઓ શરૂ કરી રહ્યા છે. તેઓ છેલ્લા ચાર મહિનાથી વધારાની મહેનત કરી રહ્યા છે જેથી તેઓ વનડે મેચમાં પૂર્ણ ૧૦ ઓવર બોલી શકે. આ તૈયારી આઈપીએલ પછીના સમયગાળામાં ટીમ ઈન્ડિયાની વર્લ્ડ કપ તૈયારીઓને વેગ આપશે.

એક અહેવાલ મુજબ, હાર્દિક પંડ્યા ભારતીય ટીમ મેનેજમેન્ટ અને સિલેકટર્સને આશ્વાસન આપવા માટે ઓવરટાઈમ મહેનત કરી રહ્યા છે. જાન્યુઆરી મહિનામાં ન્યુઝીલેન્ડ સામેની ઓડીઆઈ સિરીઝ માટે ટીમ જાહેર કરતી વખતે બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જણાવ્યું હતું કે, બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સલનસે હાર્દિકને ૧૦ ઓવર બોલિંગ કરવાની ના પાડી હતી. આ પછી હાર્દિકે તેમના વર્કલોડને વધાર્યો છે અને તેમનું શરીર આ માટે તૈયાર છે તેવું જણાવ્યું હતું.

૨૦૨૭નો ઓડીઆઈ વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકા, નામિબિયા અને ઝિમ્બાબ્વેમાં રમાવાનો છે. આ વેન્યુઓની પિચો ઝડપી અને બાઉન્સી હોય છે, જેમાં સીમ બોલિંગ ઓલરાઉન્ડરની મોટી જરૂરિયાત રહેશે. ટીમ મેનેજમેન્ટ હાર્દિક પાસેથી મેચની જરૂરિયાત મુજબ ૧૦ ઓવર બોલવાની અપેક્ષા રાખે છે, ભલે દરેક મેચમાં નહીં તો મોટા ભાગની મેચમાં ૬-૭ ઓવર તો જરૂરી ગણાય છે. આ રીતે તેઓ ટીમને પર્ફેક્ટ બેલેન્સ આપી શકશે.

હાર્દિક પંડ્યા છેલ્લા કેટલાક વર્ષોમાં ઈજાઓના કારણે કેટલીક મુશ્કેલીઓનો સામનો કર્યો છે, પરંતુ તેઓ હંમેશા પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખે છે. તેઓ તાજેતરમાં જ કહ્યું હતું કે તેઓ હજુ ૧૦ વર્ષ સુધી ભારત માટે રમવા માંગે છે અને ૨૦૨૭ વર્લ્ડ કપ સાથે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતવાની પણ મહત્વાકાંક્ષા રાખે છે.

જો હાર્દિક પૂર્ણ ફિટનેસ સાથે ૧૦ ઓવર બોલવા તૈયાર થઈ જાય તો તેઓ ટીમ ઈન્ડિયા માટે અમૂલ્ય સાબિત થશે. તેમની બેટિંગ અને બોલિંગ બંનેમાં આક્રમકતા ટીમને મજબૂતી આપી શકે છે. સિલેકટર્સ અને ટીમ મેનેજમેન્ટ હવે તેમની પ્રગતિ પર નજર રાખી રહ્યા છે.

આ તૈયારીઓ સફળ થાય તો ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકાની પિચો પર હાર્દિકની બોલિંગ ભારતીય ટીમને મોટી સફળતા અપાવી શકે છે.

# કેપ્ટન-કોચની ચોક્કસ નિષ્ક્રિયતાના અભાવે મારા સહિત હરભજન, ઝહીર અને સેહવાગે અકાળે નિવૃત્તિ લેવી પડી!!!

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટના પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંઘે તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના અંતિમ તબક્કા વિશે એક મોટો ખુલાસો કર્યો છે.

તેમણે કહ્યું કે વિરાટ કોહલી (તત્કાલીન કેપ્ટન), રવિ શાસ્ત્રી (તત્કાલીન હેડ કોચ) અને સિલેકટર્સ તરફથી તેમના ભવિષ્ય વિશે કોઈ સ્પષ્ટતા મળી ન હતી જેથી અકાળે નિવૃત્તિ લેવી પડી.

યુવરાજે જણાવ્યું કે,મારા કિસ્સામાં મને બિલકુલ સ્પષ્ટતા નહોતી. નેશનલ ક્રિકેટ એકેડમી, કેપ્ટન કે કોચ તરફથી કોઈ સ્પષ્ટ સંદેશ નહોતો. હું ૩૬ વર્ષનો હતો અને ૩૭ તરફ આગળ વધી રહ્યો હતો. મને સમજાતું નહોતું કે આગળ શું કરવું. જેણે આટલા વર્ષો સુધી દેશ માટે ક્રિકેટ રમી હોય, તેને ઓછામાં ઓછું માન તો મળવું જોઈએ.

તેમણે ઉમેર્યું કે ફિટનેસ



ટેસ્ટ પાસ ન કરી શકે તો રિટાયરમેન્ટ લેવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ યુવરાજે સ્પષ્ટ કહ્યું કે રિટાયરમેન્ટનો નિર્ણય તેઓ જ લેશે.

તેમણે ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધી, પરંતુ ત્યાર પછી પણ તેમના સ્થાન વિશે કોઈ સ્પષ્ટતા ન મળી.

આ અસ્પષ્ટતાના સમયે માત્ર મહેન્દ્ર સિંહ ધોનીએ જ તેમને વાસ્તવિકતાનું સ્પષ્ટ ચિત્ર આપ્યું. ધોનીએ તેમને કહ્યું કે સિલેકટર્સ હવે તેમને ધ્યાનમાં લેતા નથી. આ વાતચીતથી યુવરાજને તેમના ભવિષ્ય વિશે સ્પષ્ટતા મળી અને તેમણે આગળનો નિર્ણય લીધો. યુવરાજે ધોનીની આ પ્રામાણિકતા માટે આભાર વ્યક્ત કર્યો છે.

યુવરાજે જણાવ્યું કે આવી અસ્પષ્ટતા માત્ર તેમના સાથે જ નહીં, પરંતુ ઝહીર ખાન, વીરેન્દર સહવાગ અને હરભજન સિંહ જેવા અનુભવી ખેલાડીઓ સાથે પણ થઈ હતી. તેમણે સૂચવ્યું કે કારકિર્દીના અંતિમ તબક્કામાં રહેલા ખેલાડીઓને કેપ્ટન, કોચ કે સિલેકટર્સ તરફથી વ્યક્તિગત વાતચીત કરીને સ્પષ્ટતા આપવી જોઈએ, જેથી તેઓ સન્માનપૂર્વક નિર્ણય લઈ શકે.

આ ખુલાસાથી ક્રિકેટ વર્તુળમાં ચર્ચા થઈ રહી છે કે અનુભવી ખેલાડીઓ સાથે વધુ સારી કમ્યુનિકેશનની જરૂર છે.

# ભાડલાના બરવાળા ગામે પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી કરનાર ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝબ્બે

## ચોટીલાના ગુંદા ગામનો દિલીપ સોલંકી મોજ-શોખ પુરા કરવા ટોળકી સાથે મળી ચોરીને અંજામ આપતોઃ ત્રણ શખ્સના નામ ખુલતા શોધખોળ



**અબતક, રાજકોટ**

ભાડલાના બરવાળા ગામની સીમમાંથી આશરે બે મહિના પહેલા પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી કરનાર ચોટીલાના ગુંદાગામના આરોપીને ચોરાઉ કોપર વાયર સહિતના રૂ.૪૪ હજારના મુદામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી. જ્યારે અન્ય ત્રણ આરોપીના નામ ખુલતાં તેને પકડી પાડવા તજવીજ હાથ ધરી હતી.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરે વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ વિ. વી.ઓડેદરાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, ભાડલાના બરવાળા સીમ વિસ્તારમાંથી આશરે બે મહિના પહેલા પવનચક્કીમાંથી કોપર વાયર ચોરી કરનાર ફરાર શખ્સ દિલીપ છગન સોલંકી (રહે ગુંદાગામ, સુરેન્દ્રનગર) ને પકડી પાડી તેની પાસેથી રૂ.૩૪ હજારની કિંમતનો ૩૪ કિગ્રા કોપર વાયર બે મોબાઈલ સહિતનો રૂ.૪૪ હજારનો મુદામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે મોજ શોખ પૂરા કરવા માટે ગુંદા અને તાજપર ગામના શખ્સોની એક ગેંગ બનાવી હતી. જેમાં તેમની સાથે અજીત વિહા ગાબુ (રહે તાજપર, સુરેન્દ્રનગર) રગો ઉર્ફે ગુજ્જર ભોળા પલાળિયા (રહે ગુંદાગામ, ચોટીલા) અને રણજીત વશરામ સાઢમિયા (રહે.ગુંદાગામ, ચોટીલા) ને રાખી ચોરીને અંજામ આપતાં હતા. જેથી ફરાર શખ્સોની પોલીસે શોધખોળ આદરી છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ દિલીપ સામે રાજકોટ શહેર તેમજ સુરેન્દ્રનગરના અલગ અલગ પોલીસ મથકમાં અલગ અલગ આઠ ગુના નોંધાઈ ચૂક્યા છે.

## રૂરલ એલસીબીની ટીમે કોપર વાયર અને બે મોબાઈલ સહિતનો મુદામાલ કબજે કર્યો

# મેટોડા જીઆઈડીસીના મકાનમાંથી ૨.૮૦ લાખની મતા ઉઠાવી જનાર તસ્કર દાહોદથી ઝડપાયો

## રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.અને પેરોલ ફર્લો સ્કોડની સંયુક્ત કામગીરીઃ આરોપીને મેટોડા જીઆઈડીસી પોલીસના હવાલે કરાયો

**અબતક, રાજકોટ**

મેટોડા જીઆઈડીસી ગેટ નંબર- ૧માં બંધ મકાનમાં રૂ. ૨.૮૦ લાખની થયેલી ચોરીનો ભેદ રાજકોટ ગ્રામ્ય,એલ.સી.બી.અને પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઉકેલી નાખ્યો છે.બાતમીના આધારે પોલીસે શખસને દાહોદના ધાનપુરથી પકડી કાર્યવાહી કરી મેટોડા જીઆઈડીસીને સોંપ્યો હતો.

રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્ત રાય, એસપી વિજયસિંહ ગુર્જરે વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાર્યવાહી કરવા સૂચના આપી હોય જે અંતર્ગત એલ.સી.બી.અને પેરોલ ફર્લો સ્કોડના પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ રામસંગજી સોલંકી, વિજયકુમાર ખડિયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૦૧, જીગ્નેશ પાર્ક, રાધે વે બ્રિજવાળી શેરીમાં



બળવંતભાઈ નાનજીભાઈ વાઘેલાના મકાનમાં દાગીના અને રોકડ મળી કુલ રૂ.૨,૮૦,૦૦૦ની ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો શખસ બિલિયા ગામ,પટેલ ફળિયું, ધાનપુર, દાહોદ ખાતે હાજર છે.પોલીસે સચોટ બાતમીના આધારે આરોપી નીતિન ગોપસિંગ મોહનિયાને તેના ઘરેથી દબોચી લઈ કાર્યવાહી કરી મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનની સોંપ્યો હતો. આ કામગીરીમાં એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પી.આઈ. વી.વી.ઓડેદરા, પી.એસ.આઈ. કે.એમ. ચાવડા, એચ.સી. ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ હમીરપરા, મહેન્દ્રસિંહ સોલંકી, શકિતસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ વિજયકુમાર ખડિયા, ભાવેશભાઈ મકવાણા, અઝીમભાઈ સમા સાથે રહ્યા હતા.

# પત્ની, પુત્રીને વચગાળાની રાહત, ૯ હજાર ખાધાખોરાકી ચૂકવવા પતિને હુકમ

## સામાવાળા પતિ કેસના અંતિમ તબક્કે કોર્ટમાં હાજર ન રહેતા એક તરફી કેસ ચલાવાયો

**અબતક, રાજકોટ**

પતિ દ્વારા મારકુટ, શારીરિક માનસિક ત્રાસને કારણે પુત્રી સાથે અલગ રહેતી પત્નીની ભરણ પોષણ મેળવવાની અરજીમાં કેસ ચાલતા સુધી વચગાળાનું ભરણપોષણ મેળવવાની અરજી ફેમિલી કોર્ટે મંજૂર કરી પત્ની પુત્રીનું રૂપિયા ૯,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, સોનલબેન બટુકભાઈ ખીંટના લગ્ન વિમલભાઈ પુનાભાઈ ભુંડીયા સાથે આશરે ૧૧ વર્ષ પહેલા થયેલ છે. બંનેના લગ્ન જીવનમાં પુત્રી (હેત્વી)નો જન્મ થયેલ છે. દરમિયાન પત્નીના દાગીના બારોબાર વેચી નાખવા ઉપરાંત વિમલભાઈના શારીરિક માનસિકતા ત્રાસને કારણે પરિણીતા સોનલબેન માવતરમાં રહેતા હતા. દરમિયાન સમાધાન કરીને પત્ની સાથે રહેવા ગયા હતા પરંતુ કોઈ સુધારો ન થતા સોનલબેને વિમલભાઈને નોટીસ આપીને ભરણ-પોષણ મળવા અંગે ફેમિલી કોર્ટ, ફરીયાદ નોંધાવી હતી. ત્યાર બાદ અરજદારે ચાલુ કેસ દરમ્યાન વચગાળાનું ભરણપોષણ મળવા અંગે અરજી દાખલ કરી હતી, તેમાં બંને પક્ષકારને સાંભળ્યા બાદ ફેમિલી કોર્ટ જજ એચ.એન.દેસાઈ દ્વારા કેસ ચાલતા દરમ્યાન વચગાળાનું ભરણપોષણ અંગેની અરજી અંશતઃ મંજુર કરવામાં આવેલ, પરંતુ ત્યાર બાદ આ કામના સામાવાળા કે તેમના વતી તેમના વકીલ કોર્ટમાં હાજર રહેતા ન હતા. તેથી ફેમિલી કોર્ટના પ્રિન્સીપાલ જજે એકતરફી કેસ ચલાવી હાલની અરજી દાખલ તારીખથી પત્ની સોનલબેનનું માસિક રૂા. ૫,૦૦૦ અને પુત્રી હેત્વીનું માસિક રૂા. ૪,૦૦૦ દર માસે નિયમિત ભરણપોષણ ચુકવવા અને અરજદારને અરજીના ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦ અલગ ચુકવી આપવા હુકમ કર્યો છે. આ કામમાં અરજદારો વતી વકીલ કિશન આર.મેવાડા, જીગર એચ. કણજારીયા, રાજ જે. મેતા રોકાયા હતા.

# ભાગીદારી છુટી કર્યા બાદ હક્ક બાકી હોવાનો મહિલાનો દાવો અપીલ કોર્ટએ ફગાવ્યો

## સુકૃપા મેડીકલ એજન્સીમાંથી ભાગીદારી છૂટી કર્યા બાદ રૂ.૧૬,૬૬ લાખ મેળવવા પૂર્વ ભાગીદારે અદાલતમાં દાદ માંગી તી



એડ્વોકેટ હર્ષિલ શાહ

**અબતક, રાજકોટ**

શહેરના વિદ્યાનગર મેઈન રોડ ઉપર આવેલા સુકૃપા મેડીકલ એજન્સી માંથી ભાગીદારી છૂટી કર્યા બાદ શારદાબેન સુતરીયાએ ૮.૩૩% હક્ક બાકી હોવા સબબ અથવા વિકલ્પે તેની બજાર કિંમત રૂ. ૧૬,૬૬,૦૦૦ મેળવવા કરેલો દાવો સિવિલ કોર્ટએ નામંજુર કરતા જે હુકમથી નારાજ થઈ શારદાબેન સુતરીયાએ સેશન્સ કોર્ટમાં કરેલી અપીલ રદ્દ કરી ટ્રાયલ કોર્ટના હુકમને યથાવત રાખ્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા શારદાબેન ગોપાલભાઈ સુતરીયા, રાજેશભાઈ માધવજીભાઈ સુતરીયા, સંજયભાઈ માધવજીભાઈ સુતરીયા અને રાજેશભાઈ ખીમજીભાઈ રાણપરીયાએ સને ૧૯૯૮ માં સુકૃપા મેડીકલ એજન્સીમાં ભાગીદારી દસ્તાવેજ બનાવી અને પેઢીના નામે વિદ્યાનગર મેઈન રોડ ઉપર આવેલા વત્સલ સંકુલ બિલ્ડીંગમાં બે દુકાન ખરીદ કરી હતી. મેડિકલ નો વ્યવસાય કરતા હતા. બાદ ભાગીદારો પૈકી શારદાબેન સુતરીયા અને રાજેશભાઈ રાણપરીયાએ સને ૨૦૧૭ માં ધંધામાંથી છુટા થવા અંગે કાર્યવાહી કરી અને ભાગીદારી ફેરફાર અને દુકાનોના ફારગતી દસ્તાવેજ અન્ય ચાલુ ભાગીદારો તરફે કરી તે મુજબની રકમ સ્વીકારી પેઢીમાંથી છુટા થયા હતા. ત્યારબાદ શારદાબેન સુતરીયાએ પોતાનો પેઢીમાં ૮.૩૩% હક્ક બાકી હોવા સબબ અને વિકલ્પે તેની બજાર કિંમત રૂ. ૧૬,૬૬,૦૦૦ મેળવવા વકીલ મારફત પેઢીના ચાલુ ભાગીદારોને નોટીસ પાઠવેલી હતી.જેનો મૂળ પ્રતિવાદીઓ દ્વારા જવાબ આપવામાં આવેલો અને ત્યારબાદ શારદાબેન સુતરીયાએ સિવિલ કોર્ટમાં દીવાની દાવો દાખલ કર્યો હતો.જે અંતર્ગત પ્રતિવાદીઓ રાજેશભાઈ અને સંજયભાઈ તેમના વકીલ મારફત હાજર થઇ દાવો રદ્દ કરવાની અરજી કરી હતી. જે દાવો ચાલી જતા ટ્રાયલ કોર્ટ દ્વારા શારદાબેન સુતરીયાનો દાવો રદ્દ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ વાદી શારદાબેન સુતરીયાએ ટ્રાયલ કોર્ટના હુકમ સામે સેશન્સ કોર્ટમા અપીલ દાખલ કરી હતી. અપીલના કામમાં મૂળ પ્રતિવાદીઓ રાજેશભાઈ અને સંજયભાઈના વકીલની દલીલો અને વડી અદાલતોએ પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે અપીલ રદ્દ કરી ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ યથાવત રાખવાનો આખરી હુકમ કરેલો છે. મૂળ પ્રતિવાદીઓ સુકૃપા મેડીકલ એજન્સીના ભાગીદારો રાજેશભાઈ સુતરીયા અને સંજયભાઈ સુતરીયા વતી રાજકોટના પી. એમ. શાહ લો ફર્મ ના એડ્વોકેટ પીયષુભાઈ શાહ, દીપકભાઈ અંતાણી, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ ધૂળકોટીયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, રાજેન્દ્રભાઈ જોષી, રવિરાજભાઈ વાળા, આસિસ્ટન્ટ તરીકે રાજાભાઈ ભટ્ટ અને વિપુલભાઈ દેવમુરારી રોકાયેલા હતા.

# ૫.૭૩ કરોડની ઈન્પુટ કેશ ક્રેડિટ કૌભાંડમાં સીએની આગોતરા જામીન રદ

## ઓડિટ રિપોર્ટમાં હકિકતો છુપાવી લાખોનું કમિશન મેળવી જી.એસ.ટી. વિભાગને ચૂનો ચોપડી સંડોવણી હોવાની સરકારી વકીલની દલીલ

**અબતક, રાજકોટ**

ઓડિટ રિપોર્ટમાં કંપનીની નાણાંકીય હકીકતો છુપાવી બોગસ બિલો ઉભા કરી કરોડોના જી.એસ.ટી. કૌભાંડમાં લાખો રૂપિયાનું ગેરકાયદે કમિશન મેળવવામાં સંડોવાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કપીલ દાસાણીની આગોતરા જામીન અરજી ભગાવી દીધી છે.

સુર્યા હાઈબ્રીડ પ્રા.લી.ના ઓડિટ દરમિયાન કરોડોનું જી.એસ.ટી. કૌભાંડ છુપાવતો રિપોર્ટ આપવા મામલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કપીલ નરેન્દ્રભાઈ દાસાણીએ દાખલ કરેલી આગોતરા જામીન અરજી સેશન્સ અદાલતે ફગાવી દીધી છે. આ અંગેની હકીકત મુજબ, ૨૦ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે તરીકે પ્રેક્ટિસ કરતા કપીલ નરેન્દ્રભાઈ દાસાણીએ સુર્યા હાઈબ્રીડ પ્રા. લી. કંપનીનું એકાઉન્ટ ઓડિટ કરી રિપોર્ટ આપવાના બદલે કંપની વતી ખોટા બિલો બનાવી બાવન લોકોને ૫.૭૩ કરોડની ઈન્પુટ ટેક્ષ ક્રેડિટ પાસ કરાવી કમિશન પેટે કપીલ દાસાણીએ ૭૦ લાખ મેળવ્યા હોવાનું બહાર આવતાં જી.એસ.ટી. વિભાગે આ અંગે કપીલ દાસાણીને નોટિસ પાઠવી હતી. જેથી કપીલ દાસાણીએ અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બચાવ પક્ષની દલીલમાં જી.એસ.ટી. કાયદાની કલમ મુજબ આ ગુન્હો સમાધાન પાત્ર છે. ઈન્પુટ ટેક્ષ ક્રેડિટ બિલની રકમ જમા કરાવ્યેથી ફોજદારી કેસ થતો નથી. આથી આગોતરા જામીન ઉપર મુક્ત કરવાની રજૂઆત કરી હતી. જ્યારે સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆતમાં જણાવેલ હતું કે જી.એસ.ટી. કાયદામાં સમાધાનકારી વલણ ફક્ત ''ટેક્ષેબલ મેન'' એટલે કે ટેક્ષ ભરવા પાત્ર વ્યક્તિને જ લાગુ પડે છે. આ કેસમાં સુર્યા હાઈબ્રીડ પ્રા. લી. ટેક્ષેબલ મેન છે. સુર્યા હાઈબ્રીડ પ્રા. લી.એ જો ફકત કલમ-૧૩૨ હેઠળ ગુન્હો આચરેલ હોય તો જી.એસ.ટી. કાયદો અને તે હેઠળનો લાભ મળી શકે છે. પરંતુ કપીલ દાસાણીએ મોબાઈલ અને લેપટોપમાંથી ડેટા ડિલીટ કર્યો છે. જે બિલો આપેલ છે તે કોઈ વેપારી કે ઉત્પાદક તરીકે નથી, ખોટા બિલો બનાવી ૫.૭૩ કરોડની આઈ.ટી.સી.ના બેનિફિટ અપાવી સીએએ ૭૦ લાખનું કમિશન મેળવેલું છે. તેથી કપીલ દાસાણી વિરૂધ્ધ પુરાવાનો નાશ કરી અને બનાવટી દસ્તાવેજો ઉભા કરવાનો ગુનો બને છે. આ ગુના અંગેની



મહત્તમ સજા આજીવન કેદ સુધીની છે. આ તમામ સંજોગો ધ્યાનમાં લેતા આરોપીને આગોતરા જામીન મળવા પાત્ર નથી. આ દલીલોને લઈ અધિક સેશન્સ જજ આઈ.બી. પઠાણે સીએ કપીલ દાસાણીની આગોતરા જામીનઅરજી રદ કરી છે. આ કેસમાં જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ વતી જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# ભાવેશ વાણવી હત્યા કેસમાં આરોપી દેવકરણ મીર ઝડપાયો

## મુખ્ય સૂત્રધાર હમીર જોગરાણા અંકલેશ્વરથી પકડાયાની કલાકોમાં જ પાંચમા આરોપીને હીરાસર નજીકથી દબોચી લેતી ક્રાઈમ બ્રાન્ચ

**અબતક, રાજકોટ**

શહેરમાં અત્યંત ચર્ચાસ્પદ બનેલો ભાવેશ વાણવી હત્યા કેસનો મુખ્ય સૂત્રધાર હમીર જોગરાણા અંકલેશ્વરથી ઝડપાયાની કલાકોમાં જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ એક આરોપી દેવકરણ મીરને હીરાસર નજીકથી દબોચી લીધો હતો. સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ગત તા. ૧૫-૦૩-૨૦૨૬ ના રોજ રૈયાધાર વિસ્તારમાં ડ્રિમ સીટી એપાર્ટમેન્ટ નજીક સ્વીફ્ટ કારમાં ધસી આવેલા શખ્સોએ કહેવાતા પત્રકાર ભાવેશ વાણવી પર કુહાડી સહિતના હથિયારો વડે ખૂની હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ આરોપીઓ ભાવેશ વાણવીને સ્વીફ્ટ કારમાં ઉઠાવી ગયા હતા અને શિતલપાર્ક





નજીક રોડ પર ફેંકી નાસી ગયા હતા. બાદમાં ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયા તેણે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો.

જે બનાવમાં અગાઉ ત્રણ આરોપીઓ રવિ જોગરાણા, સાગર જોગરાણા અને ગોપાલ જોગરાણાને ઝડપી લેવાયા હતા. બાદમાં ગઈકાલે જ હમીર મેરા જોગરાણાને અંકલેશ્વર ખાતેથી ઝડપી લીધો હતો. બાદ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી ડી ડોડીયાની ટીમના એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ જળુ, તુલશીભાઈ ચુડાસમા અને સંજયભાઈ ખાખરીયાને મળેલી બાતમીના આધારે હત્યા અને એટ્રોસિટીના ગુનામાં ફરાર આરોપી દેવકરણ સિંધાભાઈ મીર (ઉવ ૨૧ રહે. શાસ્ત્રીનગર શેરી નં -૧૦ ના ખૂણે, રામાપીર ચોકડી, રાજકોટ)ને નવા એરપોર્ટ, હીરાસર નજીકથી દબોચી લીધો હતો.

# કોઠારીયા રોડ પર સગીરાને તાવ ભરખી ગયો

## બે દિવસ તાવ આવ્યા બાદ વહેલી સવારે તરૂણી બેભાન થયા બાદ સિવિલમાં દમ તોડ્યો, પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલ યાદવનગર વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય તરુણીનું તાવ આવ્યાના માત્ર બે દિવસમાં જ મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આજે વહેલી સવારે તરુણી અચાનક બેભાન થઈ ગયા બાદ સિવિલ હોસ્પિટલ ખાતે દમ તોડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, કોઠારીયા રોડ, શીતલ સ્ટુડિયો પાછળ, યાદવનગર શેરી નંબર ૧ માં રહેતી માધવી મહેશભાઈ ડાંગર (ઉ.વ. ૧૭) નામની સગીરા આજે સવારે ૫ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી, ત્યારે અચાનક બેભાન થઈને ઢળી પડી હતી. પરિવારજનો તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલે લઈ ગયા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને જોઈ તપાસીને મૃત જાહેર કરતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક માધવીના પરિવારજનોએ જણાવ્યું હતું કે, માધવીને છેલ્લા બે દિવસથી સામાન્ય તાવ આવતો હતો, જેની સારવાર અને દવા પણ શરૂ હતી. જોકે, અગાઉ તેને 'વા'ની તકલીફ હોવાનું પણ સામે આવ્યું છે. તાવની અસર વચ્ચે આજે અચાનક તબિયત લથડતા તેણે જીવ ગુમાવ્યો હતો.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે માધવીના પિતા મહેશભાઈ ડાંગર રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. માધવી એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાની અને લાડકી હતી. ઘરના નાના સભ્યના આવા અકાળે મોતથી ડાંગર પરિવારમાં કલ્પાંત છવાયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે જરૂરી કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ખંઢેરી સ્ટેડિયમ પાસે ''કાર જોઈને ચલાવાનું'' કહેતા યુવાન પર હુમલો કરી બાઈકની લૂંટ ચલાવી

## ચા પીવા જતાં બાઈકને કારચાલકે અડફેટે લેતા મિત્રોએ ઠપકો આપતા ચોરી પે સીના ચોરી કરી શખ્સો નાસી છૂટયા

**અબતક, રાજકોટ**

શહેરના ખંઢેરી સ્ટેડિયમ પાસે યુવાનો સાથે હિંસક ઘટના બની છે. મોટરસાયકલ પર ચા પીવા જઈ રહેલા ચાર મિત્રોને કાર ચાલકે અડફેટે લીધા બાદ, ઠપકો આપતા ઉશ્કેરાયેલા કાર ચાલકે હુમલો કરી એક યુવકના મિત્રનું બાઈક લઈને નાસી છૂટ્યો હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પેડક રોડ પર રહેતો નિશિત નિર્મલભાઈ બોરીચા (ઉ.વ. ૧૯), તેનો ભાઈ પ્રિન્સ અને અન્ય બે મિત્રો એમ કુલ ચાર શખ્સો બે મોટરસાયકલ પર સવાર થઈ રાત્રે ૧:૩૦ વાગ્યાના અરસામાં જામનગર રોડ પર ભારત હોટેલ પાસે ચા પીવા જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી એક ફોરવીલ કારના ચાલકે નિશિતના બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ નિશિતે કાર ચાલકને ''જોઈને ગાડી ચલાવને'' તેમ કહેતા કાર ચાલક ઉશ્કેરાઈ ગયો હતો. ઉશ્કેરાયેલા શખ્સે નિશિતને ફડાકો મારી દીધો હતો અને તેના ભાઈ પ્રિન્સને ધોકા વડે બેફામ માર માર્યો હતો. હુમલો કર્યા બાદ કાર ચાલક નિશિતના મિત્રનું મોટરસાયકલ લઈને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત નિશિતે જણાવ્યું હતું કે તે બે ભાઈ અને એક બહેનમાં નાનો છે. અચાનક બનેલી આ ઘટનાથી યુવાનોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જી. પંચાયતની બાંધકામ સાઈટ પરથી દાગીના અને રોકડ ઉઠાવી જનાર બંટી-બબલી ઝડપાયા

## એ.ડિવિઝન પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં આરોપીને પકડી રૂ.૧.૦૫ લાખનો મુદામાલ કબ્જે કર્યોઃ પીઆઈ જે વી વાઢિયા અને પીએસઆઇ એસ.એમ. રાણાની ટીમે પ્ર.નગર પોલીસ મથકના ગુનાનો ભેદ ઉકેલ્યો



**અબતક, રાજકોટ**


જિલ્લા પંચાયતની બાંધકામ સાઈટ પરથી દાગીના અને રોકડની ચોરી કરનાર કુખ્યાત દંપતીને એ.ડિવિઝન પોલીસની ટીમે પકડી પાડી રૂ.૧.૦૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. બનાવ અંગે જિલ્લા પંચાયતની બાંધકામ સાઈટ પર રહેતાં આશાબેન જીણાભાઈ રાવત (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા બે વર્ષથી જીલ્લા પંચાયત બીલ્ડીંગ તોડવાનુ કામ ચાલુ હોય ત્યા કામ કરતી હતી અને હાલ મનહર પ્લોટ ૦૭ મા નવી સાઈટ ચાલુ થયેલ હોય ત્યા મજુરી કામ કરે છે.

ગઈ તા.૨૨ ના સવારના આઠ વાગ્યાની આસપાસ તેણી અને તેના પતિ જીણાભાઈ બન્ને જિલ્લા પંચાયતની બાંધકામ સાઈટ નજીક આવેલી ઓરડીના દરવાજાને તાળુ મારી કામ કરવા માટે ગયેલ હતા. સાંજના રૂમ ઉપર પરત આવેલ અને જોયેલ તો રૂમના દરવાજાનુ તાળુ તુટેલ અને રૂમનો દરવાજો ખુલ્લો હોય જેથી અંદરના ભાગે પ્રવેશ કરતા રૂમ અંદર બધો ઘરવખરીનો સરસામાન વેર વીખેલ અને કપડાનો થેલો જોતા તેમા રહેલા ચાંદીના સાકળા એક જોડી, ચાંદીનું મંગલ સુત્ર અને રોકડ રૂ. ૪૦ હજાર મળી કુલ રૂ.૮૦ હજારનો મુદામાલ જોવા ન મળતા કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટ્યાની ફરીયાદ નોંધાવી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક અને ડીસીપી રાકેશ દેસાઈ દ્વારા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડિટેકટ ગુન્હોઓને શોધી કાઢવાની આપેલ સુચનાથી એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જે.વી.વાઢીયાની રાહબરીમાં પીએસઆઇ એસ.એમ. રાણા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ સાગર માવદીયા, કનુ બસીયા અને કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખાનેે મળેલ બાતમીના આધારે કંસારા બજાર પાસેથી એક દંપતીને શંકાસ્પદ હાલતમાં પકડી બન્ને પાસે રહેલ થેલીમાથી ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી આવતા બન્નેની પુછપરછ કરતા ચોરીથી મેળવેલ હોવાનુ જણાતા મુદામાલ શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી આરોપી અનીલ કલા સોલકી (ઉ.વ.૩૪) અને શોભનાબેન અનીલ સોલકી (ઉ.વ.૩૩ રહે. કુબલીયાપરા ચંદ્રીકાપાન વાળી શેરી મચ્છી ચોક) ની અટક કરી પ્ર. નગર પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીનો ગુનો ડિટેકટ કરી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૦૫ લાખનો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

# નિરિક્ષકો, પ્રભારી અને પ્રમુખોને ભાજપ હાઈકમાન્ડના તેડાઃ પેનલો બનાવવાનું શરૂ

## આજથી ત્રણ દિવસ ચૂંટણી સમિતિ જિલ્લાને સાંભળશેઃ ૭ થી ૯ એપ્રિલ દરમિયાન મહાનગરોનો વારો



**અબતક,રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા ગઈકાલે પૂર્ણ થયા બાદ આજથી ભાજપ હાઈકમાન્ડ દ્વારા નિરિક્ષકો, જિલ્લા પ્રભારી, જિલ્લા પ્રમુખ, પ્રભારી મંત્રીને બોલાવવાનું શરૂ કરવામાં આવ્યુ છે. આજથી ત્રણ દિવસ સુધી એક પછી એક જિલ્લાનો વારો લેવામાં આવશે.દરમિયાન આગામી ૭ થી ૯ એપ્રીલ દરમિયાન મહાનગરોનો વારો લેવામાં આવશે.

સેન્સ દરમિયાન મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપના પ્રતિક પરથી ચૂંટણી લડવા માટે કાર્યકરોમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાવેદારોના રાફડા ફાટયા છે. એક બેઠક પર સરેરાશ ૩૦ થી લઈ ૫૦ દાવેદારોએ ટિકિટની માંગણી કરી છે.

આવતીકાલ સુધી સેન્સ પ્રક્રિયા ચાલવાની છે દરમિયાન જે જિલ્લામાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ જવા પામી છે. તેવા જિલ્લાનાં પ્રમુખો, સંગઠન પ્રભારીઓ, પ્રભારી મંત્રીઓ, સેન્સ લેવા માટે નિયુકત કરાયેલા નિરિક્ષકોને આજથી બોલાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. દરેક બેઠક માટે દાવેદારોના ત્રણ ત્રણ નામની પેનલ બનાવી છે.સાથે લાવવા જણાવવામાં આવ્યું છે. જે જિલ્લામાં સેન્સ પૂર્ણ થયાબાદ સંકલન સમિતિ ને પેનલ બનાવવાનો સમય મળ્યોન થી તે આજે પ્રભારી મંત્રીના નિવાસ સ્થાને બેસી પેનલો તૈયાર કરી લેશે આજે બપોરથી આગામી સોમવાર સુધીમાં તમામ જિલ્લાઓનો વારો લઈ લેવામાં આવશે. જયારે ૭ થી ૯ એપ્રીલ દરમિયાન ૧૫ મહાનગરોનો વારો લેવામાં આવશે. સોમવારથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે ત્યારે ભાજપ દ્વારા મંગળવારથી તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી શકયતા હાલ જણાય રહી છે. ૧૧મી એપ્રીલ ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. આવામાં ભાજપ દ્વારા ગુરૂવાર સુધીમાં તમામ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.

પાર્લામેન્ટરી બોર્ડનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ભાજપે હવે ઉમેદવારીની પસંદગી માટેની આખરી તૈયારીઓ આરંભી દીધી છે.

### રાત ઓછીને વેશ ઝાઝા જેવો ઘાટ

# ઉમેદવારો પહોંચતા પહોંચશે, પક્ષના નામે જ મતદાન થવાના એંધાણ

- લોક સંપર્ક, ચૂંટણી સભા, સમાજ સંમેલનો રોડ-શો જેવા કાર્યક્રમોને વેગવાન બનાવવા પડશે
- ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો-રાજકીય પક્ષો પાસે માત્ર ૧૪ દિવસ !!

**અબતક, રાજકોટ**

મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનું જાહેરનામું આગામી સોમવારે પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થઈ જશે ૧૧મી એપ્રિલ સુધી ચૂંટણી ફોર્મ ભરી શકાશે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને પ્રચાર માટે માત્રને માત્ર રોકડા ૧૪ દિવસ જ મળશે ઉમેદવારો માટે રાત ઓછી અને વેશ ઝાઝા જેવો ઘાટ સર્જશે. રાજકીય પક્ષે નબળા વોર્ડ કે વિસ્તારમાં વધુ પ્રાધાન્ય આપશે મજબૂત વિસ્તારોમાં બહુ જોરશોરથી પ્રચાર કરવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના કાર્યક્રમમા માત્ર ૨૯ દિવસમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા આટોપી લેવાનો નિર્ણય કરાયો છે. ગત ૧ એપ્રિલે ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી. અને આગામી ૩૦મી એપ્રીલના રોજ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. આગામી સોમવારે જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. ચૂંટણી લડવા ઈચ્છુકો ૧૧મી એપ્રીલ સુધી ફોર્મ ભરી શકશે. ૨૪મી એપ્રીલે સાંજે ૬ કલાકે પ્રસારના ભુંગળા શાંત થઈ જશે એટલે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને પ્રચાર માટે

(અનુ. આઠમા પાને)

## ગુજરાતમાં આચાર સંહિતાનો ખુલ્લેઆમ ભંગઃ ચૂંટણીપંચ સામે સવાલ ઉઠાવતી કોંગ્રેસ

### રાજકીય નેતાના ફોટાઓ અને સરકારી યોજનાની જાહેરાતોના બોર્ડ હજી સુધી હટાવાયા જ નથીઃ હેમાંગ રાવલ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. પરંતુ આદર્શ આચાર સંહિતાનો ખૂલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. ચૂંટણી પંચની કામગીરી સામે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે પત્રકાર પરિષદમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થયા બાદ લાગુ થયેલી આદર્શ આચારસંહિતાના શાસક પક્ષ દ્વારા થઈ રહેલા ગંભીર અને વ્યાપક ઉલ્લંઘનો અંગે ચિંતાજનક મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ડ) અને ૨૪૩(વક) મુજબ રાજ્ય ચૂંટણી આયોગને મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી યોજવાની સંવિધાનિક જવાબદારી સોંપવામાં આવી છે. ચૂંટણી જાહેર થતા જ આદર્શ આચારસંહિતા લાગુ પડે છે અને તે દરમિયાન સરકાર, શાસક પક્ષ અથવા જાહેર સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારનો રાજકીય પ્રચાર કે લાભ મેળવવાનો પ્રયાસ કાયદેસર રીતે પ્રતિબંધિત છે. છતાંય રાજયના વિવિધ વિસ્તારોમાંથી મળતી માહિતી દર્શાવે છે કે આ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

ચૂંટણી પંચની મુખ્ય જવાબદારી માત્ર આચારસંહિતા જાહેર કરવાની નથી, પરંતુ તેના કડક અને તાત્કાલિક અમલને સુનિશ્ચિત કરવાની છે. રાજ્ય ચૂંટણી આયોગે તમામ સરકારી વિભાગો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપવું અને તેની અસરકારક દેખરેખ રાખવી આવશ્યક છે. જો આચારસંહિતાના ભંગની ઘટનાઓ સામે સમયસર કાર્યવાહી ન થાય, તો ચૂંટણીની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા થાય છે.

હેમાંગ રાવલે આક્ષેપ કર્યો કે શાસક પક્ષના પ્રભાવ હેઠળ વિવિધ સરકારી અને અર્ધસરકારી વિભાગો પણ આદર્શ આચારસંહિતાનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે વિગતવાર ઉદાહરણો આપતા જણાવ્યું કે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોમાં સરકારની યોજનાઓ સાથે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ફોટાઓ પ્રદર્શિત થઈ રહ્યા છે, જે જાહેર નાણાંના ઉપયોગથી પરોક્ષ પ્રચાર સમાન છે, રાષ્ટ્રીય અને સહકારી બેંકોમાં રાજકીય નેતાઓના ફોટા સાથેના બેનરો અને એટીએમમાં જાહેરાતો હજી દૂર કરવામાં આવ્યા નથી. પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોના બોર્ડ પર, શ્રમિક ભોજનના કેન્દ્રો પર વડાપ્રધાનના અને મુખ્યમંત્રીના ફોટા યથાવત છે. ધારાસભ્યો અને કોર્પોરેટરોના ફંડથી

(અનુ. આઠમા પાને)

### ભાજપે લઘુમતી મોરચાના હોદેદારોના નામ કર્યા જાહેર

ભાજપ દ્વારા પ્રદેશ લઘુમતી મોરચાના હોદેદારોના નામોની જાહેરાત કરી છે.

જેમાં ઉપપ્રમુખ તરીકે વસીમભાઈ શેખ, હુસેનભાઈ દલ, મોહમ્મદ મલેક, અબ્દુલ પઠાણ, સાજીદહુસેન સૈયદ, બોમી જાગીરદાર, હનીફભાઈ પટેલ અને રિજવાનભાઈ મુલ્તાની, પ્રદેશ મહામંત્રી પદે તારીકભાઈ સોલંકી, અબ્બાસી સાદાબ અબ્દુલકાદર, આફિયાબેન મલેક, પ્રદેશ મંત્રી પદે મોહસીન વોહરા, રાજુભાઈ દલવાણી, જોયબભાઈ કપાસી, વાજીદ હુસૈન મિર્જા, ડો.નફીસાબેન સરેસીયા, ગુલામ હુસેનભાઈ બારાચ, રહીમભાઈ મીર અને હરજીન્દ્રસિંહ લાંબા, પ્રદેશ કોષાધ્યક્ષ તરીકે રફીકભાઈ હુનાણી અને પ્રદેશ કાર્યાલય મંત્રી પદે અલ્તાફભાઈ બુખારીની વરણી કરાય છે.

### ઉમદેવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા ૧૧મીએ પૂર્ણ થશે જયારે ચૂંટણી પ્રચારના ભૂંગળા ૨૪મીએ સાંજે શાંત કરી દેવા પડશે

# જ્ઞાન સાધના સ્કોલરશિપ પરીક્ષામાં ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા

## ધો. ૮ પછી ઘણા બાળકો આર્થિક સંકડામણને લીધે ભણવાનું છોડી દે છેઃ આ સ્કોલરશિપ તેમને ધો. ૧૨ સુધી ભણવા માટે મદદરૂપ થશે


**અબતક અમદાવાદ**

ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ભણતરમાં મદદ કરવા માટે લેવાતી 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ' પરીક્ષા આજે યોજાશે. આ વર્ષે રેકોર્ડબ્રેક ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે. આખા ગુજરાતમાં ૨,૭૦૨ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે. વિદ્યાર્થીઓ ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપી શકશે. તમામ પરીક્ષા કેન્દ્રો કેમેરાની નજર હેઠળ રહેશે. વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન દર્શાવે છે કે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સરકારી યોજનાઓ પ્રત્યે ઉત્સાહ વધ્યો છે.

તેમાં પસંદગી પામનાર ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળશે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતી શ્રેષ્ઠ નિવાસી શાળાઓમાં પ્રવેશ મળી શકે છે. પસંદ થયેલા વિદ્યાર્થીઓ રક્ષા શક્તિ શાળાઓમાં નિર્ધારિત ૨૫% ક્વોટા હેઠળ પ્રવેશ મેળવી શકે છે. આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ભણવામાં હોંશિયાર બાળકો પોતાનો અભ્યાસ ખાનગી કે સારી શાળાઓમાં ચાલુ રાખી શકે. ધોરણ ૮ પછી ઘણા બાળકો આર્થિક સંકડામણને લીધે ભણવાનું છોડી દે છે, આ સ્કોલરશિપ તેમને ધોરણ ૧૨ સુધી ભણવા માટે મદદરૂપ થાય છે. જે બાળકના પિતા મજૂરી કામ કરે છે કે સામાન્ય નોકરી કરે છે, તે બાળક આ સ્કોલરશિપના જોરે પોતાની ફી, પુસ્તકો અને ગણવેશનો ખર્ચ જાતે ઉઠાવી શકે છે. તેને કોઈની પાસે હાથ ફેલાવવો પડતો નથી. ઘણીવાર ગરીબ બાળકોનું સપનું હોય છે કે તેઓ શહેરની મોટી ખાનગી શાળાઓમાં ભણે. આ સ્કોલરશિપ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરકાર ખાનગી શાળાઓમાં પણ પ્રવેશના દ્વાર ખોલે છે અને તેની ફીની વ્યવસ્થામાં મદદ કરે છે.જે વિદ્યાર્થીઓ હેઠળ ખાનગી શાળામાં ભણ્યા છે, તેઓ પણ આગળનો અભ્યાસ ચાલુ રાખવા માટે આ સ્કોલરશિપનો ઉપયોગ કરી શકે છે.આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ભણવામાં હોંશિયાર બાળકો પોતાનો અભ્યાસ ખાનગી કે સારી શાળાઓમાં ચાલુ રાખી શકે. રાજ્યના તેજસ્વી બાળકોને શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

# આરટીઈ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ

## ૮૪ હજાર જેટલી બેઠકો પર પ્રવેશ માટે ૧૭મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે



**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ૮૪ હજાર કરતા વધુ બેઠકો પર ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ માટે શનિવારથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહીનો પ્રારંભ થશે. આ કાર્યવાહી ૧૭ એપ્રિલ સુધી ચાલશે. આ વખતે પ્રવેશ માટે વાલીઓ પાસે પાળી (શિફ્ટ) પસંદ કરવાની પણ તક ઉપલબ્ધ રહેશે. ગતવર્ષ કરતા આ વખતે આરટીઈની બેઠકોની સંખ્યામાં ઘટાડો થયો છે.

ઉપરાંત આ વખતે અગ્રતાક્રમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.આરટીઈમા પ્રવેશ માટે આ વખતે ગુજરાતી માધ્યમની ૪૧ હજાર કરતા વધુ છે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા આરટીઈ અંતર્ગત ખાનગી શાળાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પ્રવેશ આપવા માટેની જાહેરાત કરાઈ હતી. ખાનગી શાળાઓમાં ગત વર્ષે પ્રવેશ મેળવેલા કુલ વિદ્યાર્થીઓના ૨૫ ટકા જેટલી બેઠકો પર ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે, જેના પગલે ચાલુ વર્ષે ૮૪ હજાર કરતા વધુ બેઠકોમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૯૪ હજાર જેટલી બેઠકોમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા આરટીઈના પ્રવેશની જાહેરાત બાદ વાલીઓને જરૂરી ડોક્યુમેન્ટ એકત્ર કરવા માટે પુરતો સમય આપ્યો હતો.

જેથી હવે શનિવારના રોજથી આરટીઈમાં પ્રવેશ માટે વાલીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જેમાં ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ વર્ષની પ્રવેશ કાર્યવાહીમાં ગુજરાતી માધ્યમની ૪૧૪૧૧ બેઠકો, અંગ્રેજી માધ્યમની ૪૦૨૬૨ બેઠકો, હિન્દી માધ્યમની ૨૨૩૫ બેઠકો અને અન્ય માધ્યમની ૩૨૦ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# 'આપ'ની બીજી યાદીમાં ૮૫૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા

## જિલ્લા પંચાયતની ૪૦૩, મહાનગરપાલિકાની ૨૩૨ અને નગરપાલિકાની ૨૧૮ બેઠકો માટે જાહેર થયા ઉમેદવાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે સાંજે ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ૮૫૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આગામી એકાદ બે દિવસમાં ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરવામાં આવશે. 'આપ'ની પ્રથમ યાદીમાં ૪૬૦ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટી દ્વારા રાજયની અલગ અલગ નગરપાલીકાઓની ૨૧૮ બેઠકો માટે બીજી યાદીમાં ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે.આ ઉપરાંત જિલ્લા પંચાયતની ૪૦૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાનગરપાલીકાની ૨૩૨ બેઠકો માટે ઉમેદવારો ડિકલેર જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં અમદાવાદ મહાપાલિકાની ૬૧ બેઠકો માટે, કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ૨૧ બેઠકો માટે ભાવનગર મહાપાલિકાની ૨૦ બેઠકો માટે ગાંધીધામ મહાપાલીકાની ૧૬ બેઠકો માટે, જામનગર મહાપાલિકાની ૧૩ બેઠકો માટે જયારે મહેસાણા મહાપાલીકાની ૧૨ બેઠકો માટે, મોરબી મહાનગરપાલીકાની ૬ બેઠકો માટે, નડીયાદ મહાનગરપાલીકાની ૨૨ બેઠકો માટે પોરબંદર મહાપાલિકાની ૧૦ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે.

રાજકોટ મહાનગરપાલીકાનાં વોર્ડ નં.૧૩માં ગીતાબા જાડેજા અને પરેશભાઈ દુલાણી, વોર્ડ નં.૫માં કિંજલબેન ભરવાડ, વોર્ડ નં.૭માં પરેશ શિંગાળા, વોર્ડ નં.૯માં અંજનાબેન વાઘાણી અને નીતાબેન મહેતા, વોર્ડનં.૧૦માં જયદીપ નિમ્બાર્ક, વોર્ડ નં.૧૧માં કિરણ ગોહેલ અને પિયુષ ભંડેરી, વોર્ડ નં.૧૩માં દિલીપસિંહ વાઘેલા, વોર્ડ નં.૧૪માં જયદીપભાઈ નકુમ, વોર્ડનં.૧૬માં ખેરૂનબેન ભુવાડ, વોર્ડ નં.૧૬માં વિવેક લીંબાસીયા અને વોર્ડ નં.૧૮માં સોનલબેન સાવલીયાને 'આપ' દ્વારા ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર મહાપાલિકાની ૧૨ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. વડોદરા મહાપાલિકાની ૨૧ બેઠકો માટે આપ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે.આગામી એકાદ-બે દિવસોમાં આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોના નામની ત્રીજી યાદી જાહેર કરવામાં આવશે. 'આપ' દ્વારા રાજયમાં સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત અગાઉ જ કરી દેવામાં આવી છે. આવામાં આ વખતે તમામ બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.

# ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસે ભૃગુરાજસિંહ ચૌહાણને ટિકિટ આપી

## ભાજપના હર્ષદ પરમાર સાથે તેઓની સિદ્ધી ટકકર થશે




**અબતક, રાજકોટ**


ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલનું અકાળે અવસાન થવાના કારણે ગુજરાત વિધાનસભાની ઉમરેઠ વિધાનસભા બેઠક ખાલી પડી છે. જેના માટે આગામી ૨૩મી એપ્રીલના રોજ પેટા ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. ભાજપ દ્વારા દિવગંત ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પુત્ર હર્ષદભાઈ પરમારને ઉમેદવાર જાહેર કર્યા છે. આજે તેઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતુ. દરમિયાન ગઈકાલે સાંજે કોંગ્રેસ દ્વારા પણ ઉમેદવારના નામની ઘોષણા કરી દેવામાં આવી છે. વર્ષોથી પક્ષની વિચારધારા સાથે સંકળાયેલા ૬૨ વર્ષિય ભૃગુરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણને ટિકિટ આપી છે.તેઓ પણ આજે ઉમેદવારી ફોર્મ ભારે તેવી સંભાવના દેખાય રહી છે. આમ આદમી પાર્ટી પણ છેલ્લી ઘડીએ ઉમેદવાર મેદાનમાં ઉતારે તેવી શકયતા પણ દેખાય રહી છે.

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામથી ગુજરાતમાં સતાના સમીકરણો પર રતીભાર પણ ફેર પડવાનો નથી કારણ કે સતાધારી પક્ષ ભાજપ પાસે વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ૧૬૧ બેઠકો છે. જયારે કોંગ્રેસ પાસે માત્ર ૧૨ બેઠકો જ છે. પરંતુ આ પેટા ચૂંટણી બંને માત્ર પ્રતિષ્ઠાનો જંગ મનાય રહી છે. રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સતાથી વિમુખ છે. આવામાં ૨૦૨૭માં


(અનુ. આઠમા પાને)


શ્રી દિવાળી બાગ પાર્ટી લોન્સ & બેન્કવેટ હોલ





લકઝરીયસ સેન્ટ્રલ A.C.
૯૦૦ ગેસ્ટનું સીટિંગ સાથે બેન્કવેટ હોલ (ડાઈનીંગ સ્પેસ અલગ છે)
એમ્બિયન્સ મ્યુઝિક સિસ્ટમ જે.બી.એલ.
હોલનું સેપરેટ કિચન
૨૦ પ્રીમિયમ રૂમ સેન્ટ્રલ A.C. વિથ ફર્નીચર
રૂમમાં લોકરની સુવિધા ઉપલબ્ધ
લિફ્ટ સુવિધા / ફુલ પાર્કિંગ
મલ્ટી પ્રપોઝ પ્રીમિયમ પાર્ટી પ્લોટ - ૨ જેમાં ૫૦૦ થી ૨૦૦૦ ગેસ્ટનું સીટિંગ થાય તેવા
ફુલ લોડેડ પાર્કિંગ
પ્રીમિયમ રૂમ સાથે ફીકસ ફર્નીચર સુવિધા
પાર્ટી પ્લોટનું સેપરેટ કિચન



ગરમ પાણી
ફ્રી વાઈફાઈ
સીસીટીવી
શ્રેષ્ઠ સફાઈ સેવાઓ
કેટરિંગ ઓપન
ડેકોર ઓપન
ઈવેન્ટ ઓપન
વેન્ડર ઓપન
Shree Diwali Baug Party Lawns
૨ ન્યુ 150 ફૂટ રિંગ રોડ, પાટીદાર ચોક પાસે, ટીલાળા પેટ્રોલ પંપની પાસે, સદભાવના નર્સરીની બાજુમાં, રાજકોટ.
જીતુ ભાઈ પટેલ 92283 09800